દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

# યાત્રા

૨૦૨૨ - ૨૦૨૩



# દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય-અલિયાબાડા

**સંસ્થા સ્થાપના વર્ષ – ૧૯૬૩**

NCTE **માન્યતા નંબર** – WRC/313029/138818

**સંસ્થા નો પ્રકાર – અનુદાનિત બી.એડ કોલેજ**

**શિક્ષણ નું માધ્યમ – ગુજરાતી**

| સંપાદન | ડીઝાઇન અને કોન્સેપ્ટ |
|---|---|
| ડો.રૂપલ માંકડ<br>I/C Principal<br>DGSM, B.Ed. College Aliyabada | ચુડાસમા વિશાલ<br>નાથાણી પાર્થ<br>Student of DGSM, B.Ed. College Aliyabada |
| ડો.નિધી અગ્રાવત<br>Assistant professor<br>DGSM, B.Ed. College Aliyabada | ભગત નિકિતા<br>મેહતા ગૌરવ<br>Student of DGSM, B.Ed. College Aliyabada |

# આચાર્ય ઉરબોલ...



જીવન એક યાત્રા છે. અને શિક્ષણ એ જીવનયાત્રાને સુખદ બનાવનાર પરિબળ છે. માત્ર શિક્ષણ અર્થોપાર્જન જરૂર કરાવે પરંતુ જ્યારે અનુભવયુક્ત શિક્ષણ એટલે કે કેળવણી નાં સ્પર્શ સાથેનું શિક્ષણ થાય ત્યારે આ યાત્રા આનંદમય બને છે અને ફળદાયી બને છે.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય હંમેશ કેળવણી નાં "કરે તે કેળવાય" ના મંત્રને સાર્થક કરવા પ્રયત્નશીલ રહે છે. વિદ્યાર્થીઓની જીવન યાત્રા માત્ર સરળ ન બને પરંતુ આનંદપ્રદ બને તે હેતુ અમે તેમને અનુભવ દ્વારા અને કાર્યમાં જોડીને કેળવવા પ્રયત્ન કરીએ છીએ. સંસ્થાપક પૂજ્ય ડોલરભાઈ માંકડ દ્વારા અપાયેલા જ્ઞાન, શ્રમ અને સમાજસેવાના હેતુઓને બર લાવવા સતત આજે પણ મહાવિદ્યાલય પ્રયત્નશીલ છે.

સમગ્ર ગતવર્ષ ની અમારી સૌની સહિયારી શિક્ષણ યાત્રાનો આછો ચિતાર આપ સૌ સમક્ષ મુકતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. મહાવિદ્યાલય ના અધ્યાપકો નું માર્ગદર્શન અને પ્રશિક્ષણાર્થીઓની મહેનત સંતોષપ્રદ પરિણામ આપી ગઈ છે જેનું પ્રમાણ એટલે અમારો આ વાર્ષિક અહેવાલ "યાત્રા".

# અનુક્રમણિકા

| વિષય | માર્ગદર્શક | રજૂ કરતા | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| સંસ્થા પરિચય | | | 6 |
| સંસ્થાનો ઈતિહાસ | | | 7 |
| સંસ્થાપક પરિચય | | | 8 |
| સ્ટાફ પ્રોફાઇલ | | | 9 |
| ટોપ ૧૦ તાલીમાર્થીઓને યાદી | | | 10 |
| પ્રસ્તાવિક | | | 11 |
| પ્રવેશ મહોત્સવ | ડૉ. જીગ્નેશભાઈ લિંબાચિયા | મહેતા ગૌરવ | 12 |
| વર્ષા મંગલ | ડૉ. નિધીબેન અગ્રાવત | દિપ્તી ચૌહાણ | 14 |
| ગુરૂ પૂર્ણિમા | ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ | ગોરફાડ આરઝુ | 17 |
| ઉમાશંકર જોષીની જન્મજયંતી | ડૉ. નિધીબેન અગ્રાવત | ભગત નિકિતા | 18 |
| ઇકો  ક્લબ અંતર્ગત વન – મહોત્સવ | ડૉ. નિધીબેન અગ્રાવત | ધુમરા સુનેહરા | 20 |
| ઇનોવેશન પ્રબોધ તાલીમ | ડૉ. જીગ્નેશભાઈ લિંબાચિયા | ઋષિ રાઈશ્ના<br>વાછાણી ભવ્યેશ<br>ચૌહાણ દીપ્તિ<br>ચૌહાણ હર્ષા | 22 |
| પરિચય – પ્રવાસ | ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ | કરમૂર ખીમા | 27 |
| સંસ્કૃત દિવસ | ડૉ. નિધીબેન અગ્રાવત | દવે સોહમ | 31 |
| 26 જાન્યુઆરી | ડૉ. નિધીબેન અગ્રાવત | દુબલ યશા | 33 |
| યુવા મતદાર મહોત્સવ – 2022 | ડૉ. આશાબેન પટેલ | ધારા દત્તાની | 35 |
| શિક્ષક દિવસ | ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ | માલકિયા આશિષ | 37 |
| વ્હેલ શાર્ક બચાવ અભિયાન | ડૉ. નિધીબેન અગ્રાવત | ચૌધરી હિમાંશુ | 39 |

| | | | |
|---|---|---|---|
| વિશ્વ ઓઝોન દિવસ | ડૉ. આશાબેન પટેલ | સોલંકી રીના | 41 |
| ઇનોવેશન | ડૉ. જીગ્નેશભાઈ લિંબાચિયા | ભૌતિક સોલંકી | 43 |
| કલાકુંજ | ડૉ. નિધીબેન અગ્રાવત | કરમુર જાણવી | 44 |
| સંસ્કૃત દિવસનું મહત્વ | ડૉ. નિધીબેન અગ્રાવત | જાની વ્યોમેશ | 46 |
| નવરાત્રી | ડૉ. નિધીબેન અગ્રાવત | બારૈયા ડિમ્પલ | 48 |
| નિવૃત્તિ સન્માન સમારોહ | ડૉ. આશાબેન પટેલ | મારૂ સુમન | 50 |
| સ્પોર્ટ્સ ડે | ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ | જલુ ભૂમી | 52 |
| બિરસા મુંડા જયંતિ | ડૉ. આશાબેન પટેલ | સોલંકી ફોરમ | 55 |
| કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવ | ડૉ. જીગ્નેશભાઈ લિંબાચિયા | મયુર ચુડાસમા | 58 |
| વાર્તા થી વારતા | ડૉ. રૂપલબેન માંકડ | લાંબા જતીન | 60 |
| અનુબંધમ પોર્ટલ અને કારકિર્દી માર્ગદર્શન | ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ | ઝાલા ઉર્વશી | 66 |
| આનંદ મેળો | ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ | મૂછડિયા મેહુલ | 68 |
| ઉન્નત ભારત અભિયાન | ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ | પંચાસરા ભક્તિ | 71 |
| વિશ્વ માતૃભાષા દિવસ | ડૉ. રૂપલબેન માંકડ | માલકિયા ચિરાગ | 75 |
| શિક્ષણ અને મીડિયા | ડૉ. રૂપલબેન માંકડ | ધારા દત્તાની | 79 |
| જળ બચાવો | ડૉ. જીગ્નેશભાઈ લિંબાચિયા | નાંગર નીતા | 83 |
| કૌશલ્ય વિકાસ શિક્ષણ | ડૉ. નિધીબેન અગ્રાવત | ભવ્યેશ વાછાણી | 84 |
| રમતોત્સવ | ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ | ઓડેદરા રૂપા | 90 |
| વિજ્ઞાન દિવસ | ડૉ. આશાબેન પટેલ | કરમુર પ્રિયંકા | 92 |
| એક્સપર્ટ લેક્ચર | ડૉ. આશાબેન પટેલ | શેખ રુક્ષાર | 95 |
| શહીદ વન મુલાકાત | ડૉ. નિધીબેન અગ્રાવત | કરમુર પ્રિયંકા | 97 |
| ષષ્ઠીપૂર્તિ વ્યાખ્યાનમાળા મણકો ૧ | ડૉ. રૂપલબેન માંકડ | દુબલ યશા | 100 |
| ષષ્ઠીપૂર્તિ વ્યાખ્યાનમાળા મણકો ૨ | ડૉ. રૂપલબેન માંકડ | દવે હિરલ | 102 |

| | | | |
|---|---|---|---|
| **ષષ્ઠીપૂર્તિ વ્યાખ્યાનમાળા મણકો ૩** | ડૉ. રૂપલબેન માંકડ | માવ માનસી | 104 |
| **ષષ્ઠીપૂર્તિ વ્યાખ્યાનમાળા મણકો ૪** | ડૉ. રૂપલબેન માંકડ | મેહતા ગૌરવ | 106 |
| **ષષ્ઠીપૂર્તિ વ્યાખ્યાનમાળા મણકો ૫** | ડૉ. રૂપલબેન માંકડ | લાંબા જતીન | 108 |
| **ષષ્ઠીપૂર્તિ વ્યાખ્યાનમાળા મણકો ૬** | ડૉ. રૂપલબેન માંકડ | કટેક્ષિયા રવિ | 114 |
| **સંસ્થા મુલાકાત પ્રતિભાવ** | ડૉ. રૂપલબેન માંકડ | - | 117 |
| Star Students | - | - | 123 |
| G20 Activities | ડૉ. આશાબેન પટેલ | ભગત નિકિતા, દત્તાની ધારા, સોલંકી રીના | 126 |
| **વિજ્ઞાન કેન્દ્ર મુલાકાત** | ડૉ. આશાબેન પટેલ | કરમૂર પ્રિયંકા | 132 |
| **ક્લાઇમેટ ચેંજ અહેવાલ** | ડૉ. આશાબેન પટેલ | સોલંકી રીના | 135 |
| **ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)** | ડૉ. આશાબેન પટેલ | ગોસ્વામી કેવલ | 139 |
| DGSM **કી કહાની અખબાર કી જુબાની** | - | - | 142 |
| Student List | - | - | 148 |

# સંસ્થા પરિચય

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલયએ ગુજરાતની સૌથી પ્રાચીન શિક્ષક પ્રશિક્ષણસંસ્થાઓમાંની એક સંસ્થા છે. તેનું સંચાલન શ્રી વિદ્યામંડળ, અલીયાબાડા દ્વારા કરવામાં આવે છે જેની સ્થાપના 1963માં થઈ હતી.

ડી.જી.એસ.એમ.કોલેજ દ્વારાઅભ્યાસક્રમ અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર કામ થયું છે. છેલ્લાં છ દાયકાથી શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તાવાળા શિક્ષકોનું યોગદાન આપી રહ્યા છીએ. મહાવિદ્યાલયનીસિદ્ધિઓમાં ઘણા પીંછા છે. માનવતાવાદી અભિગમ અને મૂલ્યો વાળા શિક્ષકોનો રાષ્ટ્રીય કક્ષાએ ફાળો આ કોલેજે આપ્યો છે.. કોલેજ NAAC માન્યતામાંથી પસાર થઈ છે અને B ગ્રેડ પણ મેળવ્યો છે. AAAના રાજ્ય કક્ષાના મૂલ્યાંકનમાં કોલેજ A ગ્રેડ મેળવ્યો છે.

આ કોલેજ UGC માન્ય છે તેમજ આઈ.આઈ.ટી.ઇ. ગાંધીનગર સાથે જોડાણ ધરાવે છે. ભારતીય સંસ્કૃતિની જાળવણી સાથે યુગની જરૂરિયાત મુજબ નવી દ્રષ્ટિ ઉમેરવાનો પ્રયાસ કરીએ છીએ.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

આ કોલેજ તાલીમાર્થીઓ ની જરૂરીયાતની તમામ સુવિધાઓ પુરી પાડે છે. કોલેજ દ્વારા હાથ ધરવામાં આવતી અનેક પ્રવૃત્તિઓથી તાલીમાર્થીઓ સર્વાંગી વિકાસસાધે છે. અમારા ખજાનામાં રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના સન્માનિત શિક્ષકો અને આચાર્યો છે. અમારી ટીમ સ્થાપકની દ્રષ્ટિ અને ઉદ્દેશોને અમલમાં મૂકવા અને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. કોલેજ આંતરિક ગુણવત્તા સેલ દ્વારા સતત મૂલ્યાકન પ્રક્રિયાની આકારણી કરે છે.સંસ્થાને રાજ્ય સરકાર દ્વારા વર્ષ 1985-1986 માટે શ્રેષ્ઠ કોલેજનો એવોર્ડ મળ્યો હતો.

# સંસ્થાનો ઈતિહાસ

1949ના મે મહિનામાં ડો. ડોલરભાઇ માંકડ, ગ્રામીણ વિસ્તાર માટે કોલેજ બનાવવાની દ્રષ્ટિ સાથે,તે સમયના સી.એમશ્રી યુ.વી.ઢેબરને સ્પષ્ટ પ્રસ્તાવ સાથે મળ્યા હતા. તેમણે સૌરાષ્ટ્ર વિસ્તારના દૂરના વિસ્તાર માટે કોલેજ શરૂ કરવાની મંજૂરી આપી.

શ્રી દરબાર ગોપાલદાસ દેસાઇએ આર્થિક વ્યવસ્થાની જવાબદારી લીધી હતી. પરંતુ, તેમનું 1951માં નિધન થયું હતું. પરંતુતેમના મૃત્યુ પહેલાં તેમણે જે વચન આપ્યું હતું તે ધ્યાનમાં રાખીને હજુ સુધી કોઈ ભંડોળ મળ્યું ન હોવા છતાં, ડોલરભાઇએ તેમનાં નામ પર કોલેજનું નામ આજ દિન સુધી રાખ્યું છે. આજ સુધી કોલેજ તેમની સ્મૃતિમાં તેમનાં નામે ચાલે છે. જૂન 1953માં,ગુજરાત યુનિવર્સિટીએઆર્ટ્સકોલેજને જોડાણ આપ્યું હતું.


1963માં કોલેજને એક શિક્ષક તાલીમીકોલેજમાં રૂપાંતરિત કરવામાં આવી હતી. તે ખૂબ જ કુદરતી વાતાવરણની વચ્ચે સ્થિત છે. તેમાં ટ્રેન, બસ અને હાઇવે દ્વારા છેડા પરના જોડાણ છે. તેથી વિદ્યાર્થીઓને જાહેર પરિવહનનું જોડાણ પણ મળે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સ્થાપના સમયથી, કોલેજ તેની સાથે જોડાણ ધરાવતી હતી.. 2020માં, સરકારની ઘોષણા મુજબકોલેજને ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન-ગાંધીનગર સાથે કાયમી જોડાણ મળ્યું.

## ટ્રસ્ટ વિશે

શ્રી વિદ્યામંડળ ટ્રસ્ટની રચના 1952માં જાહેર ટ્રસ્ટ તરીકે નોંધાઈ હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (ગુજરાત) ના પ્રથમ કુલપતિ અને રાજ્યના જાણીતા અને આદરણીય શિક્ષણવિદસ્વ.શ્રી ડો. ડોલરરાય રંગીલદાસ માંકડ છે.સંસ્થાની સ્થાપના અને ગાંધીવાદી વિચારો અને ફિલસૂફી એટલે કે શ્રમ (સખત મહેનત) જ્ઞાન અને સમાજ સેવા પર આધારિત છે. હાલમાં, એક વિશાળ કેમ્પસ અને સંપૂર્ણ શૈક્ષણિક વાતાવરણ સાથે સંસ્થાનેજામનગર જિલ્લાનું એક અગ્રણી શૈક્ષણિક સંકુલ હોવાનો ગર્વ છે.સૌરાષ્ટ્ર પ્રદેશ તરીકેટ્રસ્ટ ઘણી શાળાઓ અને અન્ય વિભાગોનું સંચાલન કરે છે. તે જાગૃતિ કાર્યક્રમ, નિઃશુલ્ક તબીબી શિબિરો, શિક્ષણ અને તાલીમ જેવી ઘણી સામાજિક પ્રવૃત્તિઓ પણ કરે છે.

# સંસ્થાપક પરિચય



## ડો. ડોલરભાઇ માંકડ

ડો.ડોલરભાઈનો જન્મ ગુજરાતના કચ્છ જિલ્લામાં 1902માં થયો હતો, તેઓ સૌરાષ્ટ્રમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કર્યા બાદ કરાચી ગયા હતા. તેઓ ડી.જે.સી.સિંધ કોલેજમાં ગુજરાતીના લેક્ચરર તરીકે જોડાયા. તેમનુંશિક્ષણ અને સાહિત્ય, કળા, ઇતિહાસ, પુરાતત્વ અને ફિલસૂફીના ક્ષેત્રે ચાલીસથી વધુ કિંમતી પુસ્તકોનું યોગદાન છે. તેમનું આ કાર્ય વિદ્વાનો માટે ખજાનો છે. તેમની કરાચીથીવિદ્યાનગરથીઅલીયાબાડા સુધીની યાત્રા વાંચન, લેખન તથા સંશોધનથી સભર હતી. તેમને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ અને સ્થાપક વાઇસ ચાન્સેલર બનવાનું મહાન સન્માન આપવામાં આવ્યું હતું,જ્યાં તેમણે ભારતીય સંસ્કૃતિ અને વારસાને જાળવાનો સમૃધ્ધમાર્ગ અપનાવ્યો હતો. જામનગરમાં પણ તેમણે અનેક શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવામાં તેમનું યોગદાન આપ્યું છે. તેમણે એક મહાન શૈક્ષણિક નેતા તેમજ સમાજ સુધારક તરીકે સમાજની સેવા કરી છે. 1970માં તેમનું નિધન થયું.

# સ્ટાફ પ્રોફાઇલ

| ક્રમ | અધ્યાપક નું નામ | લાયકાત | હોદ્દો | મેથડ |
|---|---|---|---|---|
| 1 | ડૉ. રૂપલ એસ. માંકડ | M.A(English), M.A, (Gandhian Philosophy) M.Ed., M.Phil., Ph.D. | ઇ.ચા.પ્રિન્સિપાલ | અંગ્રેજી |
| 2 | ડૉ. આશા એમ. પટેલ | M.Sc., M.Ed., M.Phil., Ph.D., GSLET (Education) | આસિ.પ્રોફેસર | વિજ્ઞાન |
| 3 | ડૉ. પ્રશાંત કે ચૌહાણ | M.A., M.Ed. M.Phil., Ph.D. GSLET (Education) | આસિ.પ્રોફેસર | સામાજિક વિજ્ઞાન |
| 4 | ડૉ. જીજ્ઞેશ એચ. લીમ્બાચીયા | M.A.[History], M.A.[Psychology], M.Ed., M.Phil., Ph.D. | આસિ.પ્રોફેસર | સામાજિક વિજ્ઞાન |
| 5 | ડૉ. નિધી ડી. અગ્રાવત | M.A., M.Ed., M.Phil., Ph.D. [Sanskrit] | આસિ.પ્રોફેસર | સંસ્કૃત |

## નોન ટીચિંગ સ્ટાફ

| ક્રમ | નામ | લાયકાત | હોદ્દો |
|---|---|---|---|
| 1 | જયંતિભાઈ પી. પઢીયાર | ધો. 10 પાસ | પ્યુન |

### વિદ્યાર્થી સંખ્યા

| ક્રમ | જાતિ | બી. એડ સેમ- 2 | બી. એડ સેમ- 4 | કુલ |
|---|---|---|---|---|
| 1 | કુમાર | 17 | 12 | 29 |
| 2 | કન્યા | 30 | 32 | 62 |
| 3 | કુલ | 47 | 44 | 91 |

# ટોપ ૧૦ તાલીમાર્થીઓને યાદી

## બી.એડ. સેમ ૩ (૨૦૨૨-૨૩)

| No. | Students Name | % |
|---|---|---|
| 1 | Chudasama Mayur | 97.85 |
| 2 | Bhadaraka Krishna | 96.57 |
| 3 | Maghudiya Radhika | 95.57 |
| 3 | Ravaliya Hemanshi | 95.57 |
| 3 | Bandhiya Payal | 95.57 |
| 4 | Pokal Nensi | 95.42 |
| 5 | Chocha Nikhita | 95.14 |
| 6 | Lunashiya Roshni | 95 |

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

## બી.એડ. સેમ ૧ (૨૦૨૨-૨૩)

| No. | Students Name | % |
|---|---|---|
| 1 | Karmur Janvi | 96.8 |
| 2 | Parmar Hemali | 96.13 |
| 3 | Odedara Rupa | 95.47 |
| 4 | Bhagat Nikita | 95.33 |
| 5 | Dattani Dhara | 95.33 |
| 6 | Goswami Keval | 94.8 |
| 7 | Kateshiya Ravi | 94 |
| 8 | Nagar Neeta | 93.87 |
| 9 | Vadher Dhruti | 93.6 |
| 10 | Chauhan Deepti | 93.33 |
| 10 | Mehta Gaurav | 93.2 |

# પ્રસ્તાવિક



દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય એટલે 1963થી સ્થપાયેલ શિક્ષકોને તૈયાર કરનારી શિક્ષણ પ્રશિક્ષણની સંસ્થા જે એક ઉત્તમ શિક્ષકો ઘડવાનો હંમેશા પ્રયત્ન કરે છે શિક્ષણ સાથે પ્રવૃત્તિને પણ જે સમાવે કરે છે. તેમજ વિદ્યાર્થીના આંતરિક અને બાહ્ય ગુણોનો વિકાસ થાય ચારિત્ર નું ઘડતર થાય એવું શિક્ષણ હંમેશા આપે છે ખાલી પુસ્તકયુ જ્ઞાન નહીં પણ વિદ્યાર્થીઓ પ્રવૃત્તિમય શિક્ષણ પ્રાપ્ત કરે એવી હંમેશા પ્રયત્ન કરે છે.

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય

સંસ્થાના ધ્યેયોને ધ્યાને શિક્ષણ દ્વારા વ્યક્તિનું ઉત્તમ ઘડતર કરવા માટે તત્પર રહે છે. તેની સાથે સાથે શૈક્ષણિક અને વહીવટી કામ ચોકસાઈ પૂર્વક કરવામાં આવે છે.સમગ્રમહાવિદ્યાલય પરિવાર સાથે રહી કાર્યરત છે. શૈક્ષણિક કાર્યની સાથે પ્રાયોગિક કાર્યને પણ એટલું જ મહત્વ આપવામાં આવે છે. સાથે સાથે વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ ભાગ લે અને ઉત્તમ પ્રદર્શન કરે તેના માટે પણ સંસ્થા પ્રયત્નશીલ રહે છે.

ત્યારબાદ સમગ્ર વર્ષ દરમીયાન અને શૈક્ષણિકકાર્ય અને કેટલીક સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં જોબ પ્લેસમેન્ટ ફેર, કલાકુંજ, G3Q, G20 પરિચય પ્રવાસ, સ્પોર્ટ્સ મીટ, માતૃભાષા દિવસ, શિક્ષક દિન, ડિબેટ કોમ્પિસન, સ્ટ્રેલેશન, એકમ શિબિર, વિશ્વ યોગ દિનની ઉજવણી, પૂર્વ સેમેસ્ટરપરીક્ષા વગેરે જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવેલ હતી. આમ સમગ્ર વર્ષ દરમ્યાનની રૂપરેખા અહેવાલ સ્વરૂપે માસ વાઇઝ રજુ કરવામાં આવેલ છે.

# પ્રવેશ મહોત્સવ

Date – 07/07/2022

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય એ એક એવી શૈક્ષણિક સંસ્થા છે, જ્યાં બધા તાલીમાર્થીઓ અને અધ્યાપકો એક પરિવાર ની જેમ જ રહે છે. જે રીતે પરિવાર માં નવા સદસ્ય નું સ્વાગત ખૂબ જ ધામ-ધૂમ થી કરવામાં આવતું હોય છે, તેવું જ અહીં પણ જોવા મળ્યું.જ્યાં દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ દ્વારા પ્રથમ વર્ષમાં પ્રવેશ પામેલા તાલીમાર્થી ઓ ખુબજ હુંફાળું અને આનંદભર્યું સ્વાગત કરવામાં આવ્યું અને પ્રવેશ મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી.




આ કાર્યક્રમ ના અતિથિ તરીકે લેફ્ટેનન્ટ જનરલ શ્રી ડૉ.સતીશચંદ્ર વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. દ્વિતીય વર્ષના તાલીમાર્થી ઓ દ્વારા પ્રાર્થના ખંડ ને ખૂબ જ સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. કાર્યક્રમ નું સંચાલન અખિયાણી અમી અને ભાદરકા ક્રિષ્ના દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ની શરૂઆત યુનિવર્સિટી ના ગીત જેના શબ્દો છે “આઈઆઈટી ઈ તુજ ને વંદન…” થી થઈ હતી. ત્યાર બાદ સર્વે ધર્મો પ્રત્યે સમાનતા દર્શાવતી “સર્વ ધર્મ સમભાવ” પ્રાર્થનાકરવામાં આવી હતી. આવનાર વ્યક્તિ માટે આવકારો દેતું ખુબ જ પ્રખ્યાત લોકગીત જેના શબ્દોછે “હૈ આજ આવ્યા રે આવ્યા રે ભલે મોઘેરા મહેમાન છે… ” જે ખુબ જ મધુર રિતે વિક્રમભાઈ ગોજીયા દ્વારા ગવાયું હતું.



આહ્યા પૂજાબેન અને કારેણા નિકિતાબેન દ્વારા આવકાર પરિચય આપ્યો અને એ પછી અતિથિ વિશેષ શ્રી ડૉ. સતીશચંદ્ર વ્યાસ



નું આચાર્ય તથા અધ્યાપકોદ્વારા સન્માન કરવામાં આવ્યું તેમજ તેમના હસ્તે દીપ પ્રાગટ્ય ની વિધિ કરવામાં આવી હતી. સર્વે અધ્યાપકો નું દ્વિતીય વર્ષના તાલીમાર્થી ઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તેમજ નવ નિયુક્ત

એવાઅધ્યાપક શ્રી નિધીબેન નું આચાર્ય તથા અધ્યાપકો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્ય શ્રી ડૉ.રૂપલબેન માંકડ દ્વારા સંસ્થા પરિચય તથા આવકાર પરિચય આપવામાં આવ્યો હતો , તેમજ તેમણે પોતાનો અને બધા અધ્યાપકો ડો. પ્રશાંતભાઈ ચૌહાણ, ડો. જીજ્ઞેશભાઈ લીમ્બાચીયા અનેડૉ.આશાબેન પટેલ નો પરિચય આપવામાં આવ્યો હતો.



પ્રથમ વર્ષનાં તાલીમાર્થીઓ નો ઉત્સાહ વધારવા માટે દ્વિતીય વર્ષનાં તાલીમાર્થીઓ દ્વાર નૃત્ય કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ના અંત તરફ જતી વેળાએઅતિથિ શ્રી ડૉ. સતીશચંદ્ર વ્યાસ દ્વારા પ્રથમ વર્ષનાં તાલીમાર્થી ઓ માટે આર્શીવચન આપવામાં આવ્યાં હતા.

સર્વે મિત્રો જેમને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાનો સહયોગ આપી કાર્યક્રમ ને સફળ બનાવ્યો, તેબધા નું આભાર માનવાની વિધિ ચુડાસમા મયુર દ્વિતિય વર્ષના તાલીમાર્થી દ્વારા કરવામાં આવીઅને કાર્યક્રમ નું સમાપન થયું.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

સમગ્ર કાર્યક્રમ નું સફળ રીતે આયોજન ડૉ. જીજ્ઞેશભાઈ લિમ્બાચીયા દ્વારા કરવામાં આવ્યું જે ખુબજ સરસ રીતે પૂર્ણ થયું.

# વર્ષા મંગલ

પથરા આઘા પાછા થૈ ગ્યા, નક્કી આ ચોમાસુ બેઠું,
છત્રી પણ ચોરીને લૈ ગ્યા, નક્કી આ ચોમાસુ બેઠું...
રેઇનકોટ ને ગમશુઝથીયે જાડી ચામડીયુ વાળા કયે,
ભીંજાતા ભીંજાતા રૈ ગ્યા, નક્કી આ ચોમાસુ બેઠું...
નહિંતર એ કેવા કંજુસ છે! કદિ કોઇને કૈંઆપે? પણ
મને ગીફ્ટમાં વાદળ દૈ ગ્યા, નક્કી આ ચોમાસુ બેઠું...
કઇ રીતે ભીંજાવુ એનું લાંબુ લાંબુ ભાષણ દઇને,
પોતે પાછા ઘરમાં વૈ ગ્યા, નક્કી આ ચોમાસુ બેઠું...
બીજા તો કોરાકટ્ સમજ્યા, પણ સોંસરવા જે પલળ્યા એ,
મને કાનમાં આવી કૈ ગ્યા, નક્કી આ ચોમાસુ બેઠું...
– કૃષ્ણ દવે

તારીખ ૧૨ જુલાઈ ૨૦૨૨નાં દિવસે અમારી સંસ્થા શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં વર્ષા મંગલનો અનોખો કાર્યક્રમ યોજાયો .સવારનાં ૧૦ વાગ્યાની સાથે બધા જ પ્રથમ વર્ષનાં તાલીમાર્થીઓ કૉલેજમાં પહોંચી ગયા હતા.પ્રાર્થના કાર્યક્રમ બાદ બધા તાલીમાર્થીઓએ  વ્યાખ્યાન ખંડમાં ડૉ.પ્રશાંત ભાઈ ચૌહાણનો લેક્ચર ભર્યો .ત્યારબાદ રીસેસ પડી અને સૌ તાલીમાર્થીઓ વર્ગખંડમાંથી મેદાન તરફ ગયા.થોડી જ ક્ષણોમાં વાતાવરણમાં પલટો આવ્યો અને ભીની માટીની સુગંધ ચોમેર ફેલાઈ. બપોરે ૨ વાગ્યાનાં ટકોરે ધીમે ધીમે ઝરમર વરસાદ ચાલુ થયો અને એક નવો શબ્દ સંસ્થા પરિસરમાં ફરતો થયો અને આ શબ્દ હતો ....વર્ષા મંગલ. ડૉ.આશા બહેને તમામ




તાલીમાર્થીઓને વર્ષા મંગલ માટે જવાનું સુચન કર્યું .ડૉ.રૂપલ બેન પણ અમારી સાથે જોડાયા ,ત્યારબાદ વર્ષા મંગલ માટે ક્યાં સ્થળે જવું એ પ્રશ્નની વિચારણા શરૂ થઇ .અંતે સંસ્થાની વાડી ની મુલાકાત લેવાનું નક્કી કર્યું. તમામ તાલીમાર્થીઓ , રૂપલબેન ,જીગ્નેશ સર ,આશા બેન ,નિધિ બેન તથા પ્રશાંત સર સાથે અમારી આ નાની યાત્રાની શરુઆત થઇ.સંસ્થા ની બહાર નીકળતા જ થોડે દુર આવેલ રેલ્વેની ફાટક પાસે સેલ્ફી અને ગ્રુપ ફોટો લેવામાં આવ્યો,જેમાં હર્ષાબહેને ફોટોગ્રાફર તરીકેની ભૂમિકા ભજવી.

ખેતરે પહોંચતા ની સાથે જ કપાસ નો નાનો નાનો પાક નજરે પડ્યો .ઘણા તાલીમાર્થીઓએ ખેતર પહેલી વખત જ જોયેલું ,તેથી આશ્ચર્યનાં ભાવો અમુક ચેહરા પર રહ્યાં.ત્યારબાદ થોડું ચાલતા ખેતરની રખેવાડી કરનાર રમેશભાઈ મુંગરા નો પરિચય ડૉ.રૂપલ બહેન દ્વારા આપવામાં આવ્યો .પછી ખેતરમાં આવેલ સંસ્થાની ગૌશાળાની મુલાકાત લીધી, ત્યાં ગામડાનાં વાતાવરણનો લ્હાવો લીધો.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય




મુલાકાત ની સાથોસાથ સેલ્ફી અને ફોટોગ્રાફીની મોજ તો રહી જ .ડો .રૂપલ બહેને સંસ્થાના ખેતર વિશેની તથા ગૌશાળાની માહિતી આપી .ઉપરાંત ,લમ્પી વાયરસની ચર્ચા પણ થઇ. થોડી ચર્ચા બાદ બધા પાછા સંસ્થા તરફ વળ્યા . ખાબોચિયામાં ચાલવાની મજા અનેક તાલીમાર્થીઓએ ભરપુર લીધી.

સંસ્થાના આંગણે પાછા પહોચ્યાં બાદ તમામે નાસ્તાની મજા લીધી ,જેમાં સંસ્થામાં સાથીમિત્ર તરીકે રહેલ જયંતી દાદા અને બીજા સાથીમિત્રની કામગીરી સરાહનીય રહી

.તમામ અધ્યાપકો તથા તાલીમાર્થીઓએ ગાંઠીયાનો આનંદ માણ્યો.થોડી ચર્ચાઓ બાદ અમે સૌ છુટા પડ્યા .

આમ, ૨૦૨૨-૨૩ નાં પ્રથમ વર્ષનાં તાલીમાર્થીઓનો વર્ષા મંગલનો પર્વ રાજીપા સાથે પૂર્ણ થયો .આ પ્રકૃતિ સાથેનો પર્વ અમારા તમામનાં માનસમાં પ્રશિક્ષણનાં અનેક અનુભવોમાં એક અનન્ય અનુભવ રૂપે સદાય માટે અંકિત રેહશે.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

# ગુરુપુર્ણિમા

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય માં ગુરુપુર્ણિમાની ઉજવની કરવામાં આવી હતી. ભારતીય દર્શનમાં ગુરુનું સ્થાન અનન્ય છે. આ દર્શન મુજબ આ દિવસ ગુરુ મહાત્માના સ્વીકારનો છે. દરબાર ગોપાળદાસ શિક્ષણ મહવિધાલયમાં પણ ગુરુપુર્ણિમા ના પર્વ ની ઉજવની ખુબ સારી રીતે કરવમાં આવી હતી. ગુરુવંદન , શ્લોક ગાન , વક્તવ્યો , ભજન , કિર્તન , તથા ગીતો થી મહોલ શ્રધ્ધા સભર રહ્યો હતો.



ગુરુપુર્ણિમા ના કાર્યક્રમ ની શરૂઆત બધા અધ્યાપકો એ દિપ પ્રાગટ્ય કરી ને કરી હતી. દિપ પ્રાગટ્ય બાદ હિરલ બહેને બધા ગુરુજનો ને તિલક કરી કર્યુ તથા કરમુર જાનવી બહેન અને કરમુર પ્રિયંકા બહેન ને ગુરુ ને કાર્ડ આપીને ગુરુજનો નુ સન્માન કર્યુ હતુ.

ત્યારબાદ “ગુરુબ્રહ્મા .....” શ્લોક દ્વારા કાર્યક્રમ ની શરૂઆત કરી હતી. ત્યાર બાદ “સર્વધર્મ.....” પ્રાથના કરવામાં આવી હતી . ત્યાર બાદ કાર્યક્રમ નું સંચાલન રાઠોડ નીરૂ બહેન એ કર્યુ હતુ. ભજન લામ્બા જતિન ભાઈ એ રજુ કર્યુ હતુ. ત્યાર બાદ ધૂન દવે સોહમ ભાઈ એ રજુ કર્યુ હતુ.ત્યાર બાદ સુવિચાર નીતા નાંગર એ રજુ કર્યુ હતુ. ત્યાર બાદ મુક્ત અભિવ્યક્તિ ઠાકર કિશોર ભાઈ એ રજુ કર્યુ હતુ. ત્યાર બાદ વ્યાખ્યાયન ધુમરા સુનેહરા , ગોસ્વામી કેવલ એ રજુ કર્યુ હતુ. ત્યારબાદ ગુરુ વિશે નું ગીત દવે હિરલ બહેન એ રજુ કર્યુ હતુ.





સમગ્ર કાર્યક્રમ નું આયોજન ડૉ. પ્રશાંતભાઈ ચૌહાન દ્વારા કરવામા આવ્યું જે ખુબજ સરસ રીતે પુર્ણ થયું.

# ઉમાશંકર જોષીની જન્મજયંતિ

તારીખ:-21/07/2022


"શિક્ષણ સૌથી શક્તિશાળી હથિયાર છે.

તેનો ઉપયોગ દુનિયા બદલવા કરી શકાય છે."





દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય એ એક શૈક્ષણિક સંસ્થા છે.જ્યાં તમામ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉત્સાહપૂર્વક કરતાં હોય છે. આ કોલેજ માં ફક્ત તાલીમો જ નહીં પણ રમતગમત, કલા સંસ્કૃતિ, સમૂહ કાર્ય વગેરે પણ શીખવવામાં આવે છે. આ કોલેજ સભાના અધ્યક્ષ રૂપલબેન માંકડ છે. તેઓ ખૂબ જ સ્નેહપ્રેમી, ઋજુ તેમજ સરળ સ્વભાવના છે.




મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોશીજી ની 111 મી જયંતિની ઉજવણી કોલેજ કક્ષાએ થઈ. આ કાર્યક્રમ ની શરૂઆત કવિતા વડે કરવામાં આવી હતી. જેના શબ્દો છે, *સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતા*...આ કવિતાનું ગાન ખૂબ જ સુંદર રીતે કર્યું હતું. આ તમામ કાર્યનું સંચાલન મહેતા ગૌરવ ભાઇએ કર્યું હતું.ઉમાશંકર જોષી નું જીવન- કવન ઘુમરા સુનેહારા બેને કર્યું હતું. તેમાં તેઓએ તેમનું જીવન, બાળપણ, શિક્ષણ,સાંસારિક જીવન વગેરેનો પરિચય સૌ તાલીમાર્થીઓને કરાવ્યો

**બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,,**

**વત્સલ મૂરત સ્નેહલ સૂરત; હૃદય હૃદયમાં**

હતો. ગીત ચૌહાણ દીપ્તિ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. ઉમાશંકર જોષી ની કૃતિ પરિચય ભગત નિકિતા બેને ખૂબ જ સારી રીતે રજૂ કર્યું હતું ઉપરાંત તેઓએ તેમની કૃતિ, પુરસ્કારો તેમજ પ્રખ્યાત પંક્તિઓ પણ ઉમેર્યા હતાં. ઉમાશંકર જોષી ની પ્રખ્યાત કાવ્યસંગ્રહ, "_ભોમિયા વિના મારે ભામવાતા ડુંગરા,,_"એ કેવલ ગોસ્વામી તેમજ બેરા પારસ એ બે ભાઇઓએ ખૂબજ સરસ સુર, તાલ, લયબદ્ધ રીતે રજૂ કર્યું હતું. ઉમાશંકર જોશી ની વાર્તાઓ વાંચકોને તેમની તરફ આકર્ષે છે.એવી જ એક વાર્તા દુબલ યશા બેને પ્રસ્તુત કર્યું હતું. જે વાર્તા નું નામ છે, છેલ્લું છછાનું. તેમને કહેલી વાર્તા એ સ્પષ્ટ અને સંપૂર્ણ હાવભાવ સાથે રજૂ કર્યું હતું.



ડૉ. રૂપલબેન માંકડે શ્રી ઉમાશંકર જોષી ની સાહિત્યકાર અને કેળવણીકાર તરીકે ઓળખ આપી શિક્ષણના વિદ્યાર્થીઓ તરીકે સહુને યાદ રાખવાની બે પંક્તિ કહી કે જેમાં કદાચ સમગ્ર કેળવણીનો કીમિયો આવી જાય છે,...

સાથે જણાવ્યું કે ઉમાશંકર જોષી ના મતે શિક્ષક ચેતનાનો માળી છે... અને તો શિક્ષકે તેમની ઉકિત યાદ રાખવી જોઈએ...તે છે,,

"જે પ્રાપ્ત છે,તે પ્રાપ્તવ્યનું પ્રસ્થનબિંદુ છે"

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. નિધિબહેન અગ્રવતે કર્યું હતું.



# ઈકો કલબ અંતર્ગત વન મહોત્સવ

ઇકો કલબ એ એક પ્રકારનો સમુદાય છે જેનો ઉદ્દેશ્ય પ્રકૃતિનું રક્ષણ કરવાનો અને જાગૃતિ લાવવાનો છે. આ સમુદાયમાં, ઘણા લોકો પ્રકૃતિનું રક્ષણ કરવામાં અને પ્રકૃતિને જાળવવા અને સંતુલિત કરવામાં મદદ કરતી કોઈપણ પ્રકૃતિ-સંબંધિત સંસ્થા સાથે જોડાયેલા છે. વિશ્વના ઘણા ભાગોમાં, પ્રકૃતિ સંરક્ષણ માટે કાર્ય કરવા માટે ઇકોક્લબ્સની સ્થાપના કરવામાં આવી છે. આ ઈકોક્લબ્સ એવા સભ્યો દ્વારા ચલાવવામાં આવે છે જેઓ વિવિધ પ્રકૃતિ-સંબંધિત સંસ્થાઓ પાસેથી સંસાધનો એકત્રિત કરે છે અને પ્રકૃતિના સંરક્ષણ અને સંતુલન તરફ કામ કરે છે. ઈકોક્લબના સભ્યો વૃક્ષારોપણ, કચરો વ્યવસ્થાપન અને જળ સંસાધનોના રક્ષણ જેવી પ્રવૃત્તિઓમાં જોડાય છે. સભ્યો પ્રકૃતિ અને સંરક્ષણના મહત્વ વિશે અન્ય લોકોને શિક્ષિત કરવા માટે જાગૃતિ કાર્યક્રમો પણ ચલાવે છે.



શિક્ષણ મહાવિદ્યાલય

ઇકો કલબ.( EKO CLUB) ટકાઉ જીવનને પ્રોત્સાહન આપવા માટે અસરકારક છે, અને તેમની પ્રવૃત્તિઓ પર્યાવરણના સંરક્ષણમાં નોંધપાત્ર યોગદાન આપે છે. ઇકોક્લબ્સની પ્રવૃત્તિઓએ પ્રદૂષણ ઘટાડવા, ગ્રીન કવર વધારવા અને જળ સંસાધનોને બચાવવામાં મદદ કરી છે. નિષ્કર્ષમાં, ઇકોક્લબ્સ ટકાઉ જીવનને પ્રોત્સાહન આપવા અને પર્યાવરણના રક્ષણ માટે જરૂરી છે. EcoClubs ની પ્રવૃત્તિઓ પ્રકૃતિના સંરક્ષણ અને તતેન સંતુલન પર નોંધપાત્ર અસર કરેછે. તેથી, લોકોએ પ્રકૃતિના સંરક્ષણ અને સંતુલનમાં યોગદાન આપવા માટે ઇકોક્લબમાં જોડાવવું જોઈએ.





અમારી મહા વિધ્યાલય દરબાર ગોપાલદાસ શિકસન મહાવિદ્યાલય માં ઇકોક્લબ અંતર્ગત વૃક્ષારોપણ દિન ની ઉજવણી કરવામાં આવેલ. શાળા ના વિશાળ પટાંગડ માં સરખા અંતરે ખાડા તૈયાર કરવામાં આવ્યા. કુલ ૧૫૦ જેટલા વૃક્ષો ને રોપવામાં આવ્યા. જેમાં, જાસૂદ ,સફેદ ચાંદની , લાલ ચાંદની , ચંપો જેવા ફૂલ ના છોડવા અરડૂસી , મહેંદી , સેતૂર , જાંબુ , પારિજાત , નગોડ , સરગવો જેવા વૃક્ષો ની પસંદગી કરવામાં આવી હતી.

વિધ્યાર્થીઓએ ખૂબ મહેનત તેમજ ઉત્સાહભેર ભાગ લીધો . 'વૃક્ષો વાવો નહીં પણ ઉછેરો' એ મંત્ર સાથે સંસ્થા ના આચાર્ય ડૉ. રૂપલબેન માંકડ ના માર્ગદર્શન હેઠડ ઇકોક્લબ ના કો-ઓર્ડિનેટ ડૉ. નિધિબેન તેમજ ડૉ.આશાબેન , ડૉ.પ્રશાંતસર , ડૉ. જીગ્નેશસર પણ વિધ્યાર્થીઓ સાથે ઉત્સાહ ભેર ભાગ લીધો.



રક્ષાબંધન ના દિવસે વૃક્ષો ને રાખડી બાંધી અને વિધ્યાર્થીઓને વૃક્ષો આપના મિત્ર છે . સ્વજનો છે . વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે . વૃક્ષો આપના મિત્ર જ નહીં સંત પણ છે. મોન રહી ને પણ આપણે સોને ઉપદેશ આપે છે . આથી રક્ષાબંધન ના પર્વપર વૃક્ષો ને રાખડી બાંધી અને તેમનું જતન અને સંવર્ધન કરીએ .

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

યાદ રાખી વિનોબાજી નો નારો : " જય જગત " વૃક્ષો સહુ અધ્યાપકો , વિધ્યાર્થીઓની મહેનતે વવાયાં.... હવે ઉછેરવામાં પણ આવશે .

વન વિકાસ અને સંવર્ધન આ યુગ ની માંગ.. સાથે મળી થઈ શકશે તે શ્રદ્ધા સાથે જોડાય . અને વિધ્યાર્થી વૃક્ષો નું મહત્વ સમજે.



# ઈનોવેશન પ્રબોધ તાલીમ

Day 1

DATE: 1/08/2022

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય એક એવી શૈક્ષણિક સંસ્થા છે જ્યાં હંમેશા નવીનતા ને પ્રાધાન્ય આપવામાં આવે છે જેથી બધા તાલીમાર્થી ઓના કંઇક નવીન કરવાની વૃત્તિનો વિકાસ થાય. આથી આજ રોજ તા. 1/08/2022 દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડા માં ઈનોવેશન ક્લબ અંતર્ગત પ્રબોધ લેવેલની DIY કિટની ચાર દિવસની ટ્રેનીંગ શરૂ કરવામાં આવી હતી.



કાર્યક્રમ ની શરૂઆત પ્રાર્થના, ભજન, ધૂન અને દીપપ્રગટ્ય દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ કૉલેજના આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડ દ્વારા કાર્યક્રમને અનુરૂપ પ્રવચન આપવામાં આવ્યુ હતું. ઈનોવેશન ક્લબ ના કૉ-ઓર્ડીનેટર ડૉ. જીજ્ઞેશભાઈ લીંબાચિયા દ્વારા ટ્રેનર શ્રી યશ મહેતા નો પરિચય આપવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ દિવસે ઈલેક્ટ્રીકલ ને લગતા સંશોધનો વિશે તાલીમ આપવામાં આવી હતી, જેમાં બેટરી કે જે વિદ્યુતપ્રવાહ આપવા નું કાર્ય કરે છે. રસિસ્ટર (અવરોધ) કે જે વિદ્યુત પરીપથ માં જ્યારે વધારે પડતો પ્રવાહ પસાર થઈ ગયો હોય ત્યાંરે તેને નિયંત્રિત કરવાનું કાર્ય કરે છે. LED- Light Emitting Diode. કેપેસિટર કે જે વિદ્યુતપ્રવાહ નો સંગ્રહ કરવાનું કાર્ય કરે છે. તેમજ વિવિધ પ્રકારની Switches વિશે સુંદર જ્ઞાનવર્ધક માહિતી આપવામાં આવી કે જે આપણે રોજબરોજ ના જીવન માં કે અન્ય ધંધાકીય જગ્યાએ ઉપયોગ બની રહેશે. આ ઉપરાંત વિવિધ પ્રકારના Wire જેવા કે Jumper Wire વિશે માહિતી અપાય તેમજ વિદ્યુત પરિપથ સાથે જોડવામાં આવતાં બે પ્રકારના



દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય

જોડાણ શ્રેણી તેમજ સમાંતર અને તેમાંથી પસાર થતાં વિદ્યુતપ્રવાહ અને તે વિદ્યુતપ્રવાહ નું માપન જેમાં કરવામાં આવે તેવાં Voltage વિશે માહિતી મળી અને અંતે Mechanical Kit માંથી વિવિધ પ્રકારનાં Nuts & bolts અને ગ્લીન્ડર વિશે ટ્રેનીંગ અને માહિતી આપવામાં આવી. આ સાથે ' Innovation Club ' નો પ્રથમ દિવસ ખૂબ સુંદર રીતે સમાપ્ત થયો હતો.

Day 2
DATE: 2/08/2022

તારીખ ૨/૮/૨૦૨૨ ના રોજ સવારની પ્રાર્થના બાદ ઈનોવેશન ક્લબ ના ટ્રેનર યશ મહેતા એ પ્રશિક્ષણાર્થીઓને નવી નવી સ્માર્ટ ટેકનોલોજીથી મહિતગાર કર્યા જેમાં આરડ્યુનો બોર્ડ, ટેલિસ્કોપ તથા ડ્રોનની સમજૂતી આપી.





આરડ્યુનો બોર્ડમાં તેમને વિવિધ જોડાણ જેમકે સમાંતર જોડાણ અને શ્રેણી જોડાણમાં LED નાજોડાણ આરડ્યુનો બોર્ડ સાથે કરતા શીખવાડ્યું. ત્યારબાદ વિવિધ સેન્સર વિશે વિસ્તારથી માહિતી આપી અને તેના પ્રકારો જણાવ્યા. સેન્સર નાં પ્રકારો જણાવ્યા બાદ તેઓએ અમને અલ્ટ્રસોનિક સેન્સર નું જોડાણ આરડ્યુનો બોર્ડ સાથે કરાવી અને તે સેન્સરની કાર્યક્ષમતા દર્શાવવા પ્રયોગો શીખવાડયા. ત્યારબાદ અમને એનું જોડાણ કરવા કહ્યું. આરડ્યુનો બોર્ડ ની તાલીમ મેળવ્યા બાદ અમને ટેલિસ્કોપ અને ડ્રોન વિશે માહિતી આપી. સૌ પ્રથમ તેઓએ અમને ટેલિસ્કોપના વિવિધ ભાગો જેવા કે સ્ટેન્ડ, વિવિધ લેન્સ વગેરે વિશે માહિતી આપી. ત્યારબાદ વિડિયો ફિલ્મ દ્વારા તેના ભાગોને જોડવાની પધ્ધતિ સમજાવી. ત્યારબાદ જાનવી અને પ્રિયંકા ના ગ્રુપ દ્વારા ટેલિસ્કોપ તૈયાર કરવામાં આવ્યો. આ ટેલિસ્કોપ તૈયાર થયા બાદ અમે કૉલેજના મેદાનમાં તેનાં પરીક્ષણ માટે લઇ ગયા. આ સમય દરમ્યાન અમને સાર દ્વારા તેનો ઉપયોગ કરવાની સમજૂતી આપી. ટેલિસ્કોપ ની સમજૂતી આપ્યા બાદ ડ્રોન વિશે માહિતી આપી. ડ્રોનના

વિવિધ ભાગો નું જોડાણ કરતા શીખવાડયું અને તેને કન્ટ્રોલ કરવા માટે રીમોટ ની માહિતી આપી. ડ્રોન ના વિવિધ ભાગોનું જોડાણ કુલદીપ દ્વારા કરવામાં આવ્યું ત્યારબાદ તમામ તાલીમાર્થી અને અધ્યાપકો સૌએ કોલેજના મેદાનમાં ગયા અને ઈનોવેશન ક્લબ ના ટ્રેનર યશ મહેતા દ્વારા ઉડાડતા શીખવાડ્યું.

ડ્રોન, ટેલિસ્કોપ અને આરડ્યુનો બોર્ડ ની તાલીમ મેળવ્યા બાદ અમારી બીજા દિવસ ની ઈનોવેશન ક્લબ ની ટ્રેનીંગ ઉત્સાહ પૂર્વક પૂર્ણ થઇ હતી.તમામ વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહ સાથે ભાગ લઈ અને કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

Day 3
DATE: 03/08/2022

તા. 3 ઓગસ્ટ 2022 ના રોજ એટલે કે ઇનોવેશન ક્લબના ત્રીજા દિવસે યસ મહેતા સરના માર્ગદર્શન હેઠળ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ ઘણું બધું શીખ્યું. સૌ પ્રથમ યસ સર એ `AR' (ARTIFICAL REALITY) વિશે પૃચ્છા કરી અને તેના વિશે માહિતી આપી ત્યાર બાદ orboot earth app કે જે પહેલાથી જ મોબાઈલ માં હતી, તેમાં AR TECHNOLOGY થકી સૌએ ભારતના તથા વિવિધ દેશોના પ્રાણી, પક્ષી, સ્થાપત્યોને animeted form માં સૌએ જોયા જેમાં આશાબહેન પણ



જોડાયાં. ત્યારબાદ advance sceince kit માંથી સ્માર્ટપેન કે જેનાથી થ્રીડી ચિત્રો દોરી શકાય છે તેની માહિતી આપી જેનું પ્રેક્ટીકલ કરવામાં ખૂબ જ મજા આવી સાથો સાથ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ એટલે કે હિરલબેન તથા અન્ય બહેનો એ કામ કર્યું. તેનું ફરીથી પ્રેક્ટિકલ કર્યું. હિરલ બહેનનાં ગ્રૂપ મોટર પરીક્ષણમાં ભવ્યેશભાઈ અને કુલદીપભાઈની મુખ્ય ભુમિકા રહી હતી.

રૂપાબેન તથા અન્ય તાલીમાર્થીઓ દ્વારા પેપર માઈક્રોસ્કોપ બનાવવામાં આવ્યું. યસ સર દ્વારા ડિજિટલ માઈક્રોસોફ્ટ ના વિવિધ ભાગ વિશે પણ માહિતી મળી જેમાં angle adjustion ,knob, mount adjustion knob, suction pad liver તથા megic stick plate વિશે માહિતી આપવામાં આવી. ત્યાર બાદ micro scope માં વિવિધ cell જેવા કે અમીબા , ચલણી નોટો, તથા finger print જોવાની મજા આવી આ બધી વસ્તુ એટલે કે ARTIFICIAL REALITY ને તાદશ કરતો પૃથ્વીનો ગોળો,માઈક્રોસ્કોપ તથા ડિજિટલ માઈક્રોસ્કોપ અને મોટર બનાવવાની મજા પડી.





આમ, ટ્રેનીંગમાં ત્રીજા દિવસે Meta Electronic kit દ્વારા સરળ અને સરસ માહિતી યશ સર દ્વારા અપાઈ હતી.

Day 4
Date: 04/08/2022

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય એક એવી સંસ્થા છે જ્યાં હંમેશા કંઈક નવું શીખવાની કે શીખવવાની માન્યતા ને પ્રાધાન્ય આપવા માં આવે છે. જેથી બધા તાલીમાર્થીઓ કંઈક નવું કરવાની વૃત્તિનો વિકાસ થાય. આથી આજ થી 3 દિવસ પેહલા દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલીયાબાડામાં ઇનોવેશન ક્લબ અંતર્ગત પ્રબોધલેવલની D.I.Y. કીટની ચાર દિવસની ટ્રેનિંગ શરુઆત કરવામાં આવી હતી. જેનો આજે અંતિમ દિવસ હતો. ઇનોવેશન ક્લબની ટ્રેનિંગના અંતિમ દિવસે એડવાન્સ ઇલેક્ટ્રોનિક્સ, એગ્રીટેડકીટ અને એનર્જીકન્વરઝેશન કીટ વિશે માહિતી આપવામાં આવી હતી.



તેમાં યશ સરના માર્ગદર્શન હેઠળ સૌ પ્રથમ અમે એડવાન્સ ઇલેક્ટ્રોનિક્સ વિશે માહિતી મેળવી.પછી યશ સરના માર્ગદર્શન મુજબ અમે એડવાન્સ ઇલેક્ટ્રોનિક્સનો પ્રયોગ કર્યો. તેમાં અમે ડિજિટલ લોકરમાં કઈ રીતે પ્રોગ્રામ સેટ કરવામાં આવે તે શીખવ્યું. ત્યારબાદ અમને વોટર લેવલ મેઝરમેન્ટ વિશે માહિતી મેળવી.



ત્યારબાદ Ardiuno UNO વડે Rain Sensor WaterDetection વિશે માહિતી મેળવી કેલ્ક્યુલેટર અને ડિજિટલ કલોકમાં જોવા મળતા નંબર કઈ રીતે પ્રદર્શિત થાય છે. તેની સમજૂતી મેળવી, અને Dot Metrix Display વિશે માહિતી મેળવી. ત્યારબાદ એગ્રી ટેડકીટ વિશે અભ્યાસ કર્યો અને અંતમાં એનર્જી કોનવેરઝેશન કીટમાં પવન ચક્કી કઈ રીતે કામ કરે છે અને કઈ રીતે કામ આપે છે. તે વિશે



જાણ્યું અને સોલાર સેલ કઈ રીતે ઉપયોગી બને છે તે જાણી તેના પ્રયોગો કર્યા.આ રીતે ઇનોવેશન ક્લબનાચોથા દિવસે ઘણી કીટ વિશે યશસર દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત કર્યું અને બધા તાલીમાર્થીઓએ તેમને સમજી તેના પ્રયોગો કર્યા. આજ અમારા દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલીયાબાડામાં ઇનોવેશન ક્લબનો અંતિમ દિવસ હતો. અમારા આચાર્યશ્રી ડૉ.રૂપલબેન માંકડ તથા અમારા માનનીય અધ્યપકશ્રી તેમજ ઇનોવેશન ક્લબના કો- ઓડીનેટર ડૉ.જીજ્ઞેશભાઈ લીમ્બાચીયા દ્વારા યશ સરને આવી સુંદર મજાની તાલીમ આપવા બદલ ખુબ ખુબ આભાર પાઠવ્યો અને તાલીમાર્થીઓ પાસેથી દરેક તાલીમ આપેલ દિવસના ફીડ્બેક મેળવ્યા અમારી દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલયથી વિદાય મેળવી.

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય

# પરિચય પ્રવાસ

તારીખ:-6/08/2022

અમારી કોલેજ માંથી વાર્ષિક પરિચય પ્રવાસ તારીખ 06/08/2022 ના રોજ જવા માટે અલિયાબાડા ગામ થી રવાના થયો. પપ્રવાસ મા જવાના ત્રણ અલગ અલગ સ્થળો માં ધુમલી,ગોપ પર્વત અને ઈન્દ્રેશ્વર નો પ્રવાસ હતો. પ્રવાસ એક દિવસ પૂરતોજ હતો.સૌપ્રથમ અમે અલિયાબાડાથી થઇ અને ગોપ પહોચીયા ત્યા પર્વત ઉપર વરસાદી વાતાવરન ના લીધે બસ જાય તેમ નોતી એટલે અમે બધા હાલીને પર્વત ચડિયા પર્વત ચડવો થોડું મુશ્કેલ કાર્ય હતું પર્વત ના 780 પગથિયાં હતા પણ અમેબધા ચડીગયા ત્યાં ઉપર પ્રસાદી માટેની વ્યવસ્થા પણ હતી દર્શન કર્યા પછી અમે સાથે પ્રસાદી લીધી.સમૂહ મા ગ્રુપફોટો લીધા.ભગવાન ની દયાથી બધાજ પાછા બસે હેમખેમ પોચીગયા



**નવલખ મંદિર**

ગોપ પછી અમારો પ્રવાસ ધુમલી ગયો ત્યા અમે બધા બરડા પર્વત ની ઉપર બીરાજમાન આશાપુરા માતા ના મંદિર સુધી દર્શન માટે ગયા આશાપુરા મા ના મંદિરે બરડા ડુંગરનો અડધી ઉંચાઈ થાય. રસ્તામાં નાના છોકરાઓ આમલીના ખાતા કાતરા વેચતા હતા. અમે સૌએ ખાઈને આનંદ લીધો. ત્યારબાદ અમે નવલખા મંદિર એ બધાએ ગ્રુપ ફોટો લીધો.મંદિર નું ઐતિહાસિક બાંદકામ અને બરડા ડુંગર નો કુદરતી નજારો ત્યા બેસી ને માણીયો.આ ઉપરાંત ધુમલી ગામનો પ્રાચીન ઇતિહાસ જાણિયો



**## ધુમલી નો ઇતિહાસ ##**

ધુમલીનો વિનાશ, સોન કંસારીના શ્રાપ અને બરડાઈ બ્રાહ્મણોના શૌર્યની કથા...

ધુમલી ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશના દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલું છે જે બરડા પર્વતમાળાની તળેટી માં સ્થિત છે. પોરબંદરથી તે ૪૫ કિ.મી.ના અંતરે આવેલું છે.

ધુમલી આઠમી સદીની મધ્યથી દશમી સદી સુધી સૈંધવ શાસકોની રાજધાની હતી.

ધુમલી ત્યાર બાદ પશ્ચિમ સૌરાષ્ટ્રના જેઠવા શાસકોની રાજધાની હતી.

ઈ.સ. ૧૨૨૦માં રાણા સિયાજીએ ધુમલીને જેઠવા રાજ્યની બીજી રાજધાની તરીકે ઘોષિત કરી અને રાજધાની શ્રીનગર (પોરબંદર)થી ધુમલી ખસેડી.

પુસ્તક 'મકરધ્વજવંશી મહિમાલા' અનુસાર પશ્ચિમ સૌરાષ્ટ્રનું જેઠવા વંશ રાજપૂત રાજ્ય આજના પોરબંદર થી છેક મોરબી સુધી વિસ્તરેલું હતું.

૧૨મી અને ૧૩મી સદીના ધુમલીના જેઠવા શાસકો પાટણ ખાતે ગુજરાતના સોલંકી/વાઘેલા રાજાઓનાશાસનહેઠળ હતા.આજે સંપૂર્ણ નાશ પામેલું ધુમલી તે સમયે એક મોટી પ્રાચીન નગરી હતી.

સોલંકીયુગમાં ૧૨મી સદીમાં સૌરાષ્ટ્રના ધુમલી ખાતે ભવ્ય નવલખા મંદિર બનાવવામાં આવ્યુ હતુ.૧૦૦૦ વર્ષ પહેલાં ગુજરાતનું સૌથી મોટું ગણેશ મંદિર ધુમલી સૌરાષ્ટ્ર ખાતે હતું. અત્યારે તે ખંડેરો છે. કચ્છી મહેશ્વરીઓ માટે તે હજી પણ તીર્થ છે.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

ધુમલી શી રીતે નષ્ટ થઈ તેની પાછળ એક રસપ્રદ કથા છે.

૧૩મી સદીના અંતમાં શંખોદ્ધાર બેટના શાસક દુદાંશી વાઘેલના ઘરે  પુત્રીનો જન્મ થયો .તે બે દાંત સાથે જન્મી હતી. જ્યોતિષીએ તેની જન્મકુંડળી જોઈને આગાહી કરી કે આ બાળકી પરિવારને માટે તથા તેના પતિ માટે બહુ અપશુકનિયાળ છે. આથી દુદાંશી વાઘેલે પોતાના માણસોને નાની બાળકીને લાકડાની પેટીમાં મૂકી વહાણમાં લઈ જઈને રાજ્ય ની હદ બહાર સમુદ્ર કિનારે મૂકી દેવાનું કહ્યું.

માણસો  વહાણમાં તે પેટી લઈને  મિયાણી બંદરે પહોંચી કિનારા પાસેના મંદિર માં મૂકી આવ્યા. ત્યાંથી તે બાળકી મિયાણી ગામના ઝવેર નામના એક  કંસારાને મળી આવી. કંસારો નિ:સંતાન હતો, તેણે તે બાળકી ને દત્તક લીધી બાળકી નો સોનાવરણો વાન જોઈને તેનું નામ સોન રાખ્યું અને પોતાની પુત્રી તરીકે ઉછેરી. સોન મોટી થઈ ત્યારે તેની સુંદરતા જોઈને મિયાણીના શાસક પ્રભાત ચાવડાએ તેની સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. પણ ઝવેર

કંસારાને  તે મંજુર ન હતું. શાસક ના ડરથી કંસારાએ કુટુંબ સાથે મિયાણી છોડી દીધું અને ધુમલી માં વસવાટ કર્યો.

ધુમલી માં સોન કંસારી અને ત્યાંના શાસક ભાણ જેઠવાના સાળા રખાયત બાબરીયા સાથે પ્રેમ થઈ ગયો ભાણ જેઠવા પણ સોન કંસારી પર મોહિત થઈ ગયા હતા અને તેની સાથે લગ્ન કરવા માંગતા હતા.પરંતુ સોન કંસારીએ રખાયત બાબરીયા સાથે લગ્ન કર્યા. એક વખત લૂંટારાઓ ગાયો અને ઢોરઢાંખર લૂંટીને લઈ જતા હતાં ત્યારે રખાયત તેમનો સામનો કરવા જતાં મૃત્યુ પામ્યો. એક વાયકા મુજબ ભાણ જેઠવાએ તેના નોકર કુંભા દ્વારા રખાયતની હત્યા કરાવી હતી.

સોન કંસારી એ પતિ પાછળ સતી થવાનું નક્કી કર્યું.
આ તરફ ભાણ જેઠવાએ તેને સતી ન થવાનો અને પોતાની સાથે લગ્ન કરવાનો આદેશ આપ્યો. સોન કંસારી એ તેનો આદેશ માનવાનો ઈન્કાર કર્યો અને ધુમલીમાં વસવાટ કરતાં બરડાઈ બ્રાહ્મણોને શરણે ગઈ .

ભાણ જેઠવાએ બરડાઈ બ્રાહ્મણોને સોન કંસારી પોતાને સોંપી દેવાનો આદેશ કર્યો. પરંતુ બરડાઈ બ્રાહ્મણોએ પ્રાણના ભોગે પણ સોન કંસારી નું રક્ષણ કરવા નિર્ધાર કર્યો.
દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય
રાણા ભાણે તેમની સામે સૈનિકો મોકલ્યા. સેંકડો બરડાઈ બ્રાહ્મણોએ સોન કંસારી નું રક્ષણ કરવા અને ટેક જાળવવા તે લડાઈમાં શૌર્યતાથી લડીને પોતાના પ્રાણોની આહુતિ આપી.

ઇન્દ્રેશ્વર મંદિર ભાણવડ



અમે બપોરના ભોજન કર્યાપછી પ્રવસનું છેલ્લું સ્થળ ઇન્દ્રેશ્વર મહાદેવ મંદિર (ત્રિવેણી સંગમ ) ગયા ત્યાં સોનમતી ,વર્તુ અને વેરાડી આમ ત્રણ નદીઓ નો સંગમ થાય છે ત્યાં ભગવાન ઇન્દ્રેશ્વર મહાદેવનું નું મંદિર છેક પાંડવોના વખત થી સ્થપાયેલું છે એવું સ્થાનિક લોકો કહેછે .ત્યાં અમે ભગવાન ના દર્શન કરી નદીમાં હાથપગ ધોઈ ને આરામ કરીયો.અમુક વિદ્યાર્થી ઓ એ માછલી ને લોટના નાના ટુકડા નાઇખા ત્યા ખાસ નદીઓ નો સંગમ અને કુદરતી નજારો જોવાલાયક છે નાના બાળકો માટે હીંચકા ની પણ વ્યવસ્થા હતી.

ઇન્દ્રેશ્વર થી થઈ અને છેલ્લે અમારો પ્રવાસ સાંજના પાછો જામનગર રવાના થયો આખો દિવસ ખુબજ આંનદ કર્યો બે પર્વત ચડ્યા એટલે થોડો થાક લાગ્યો હતો .પણ કોઈને કઈ વાંધો ના આવ્યો.અને બસમાં અંતાક્ષરી રમતા રામરા જામનગર સાંજના પહોંચી ગયા



દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

# સંસ્કૃત દિવસ

**પ્રસ્તાવના**

જયતુ સંસ્કૃતમ્ ... સંપૂર્ણ ભારતમાં પ્રતિવર્ષે શ્રાવણી પૂર્ણિમાના પાવન દિવસે સંસ્કૃત દિવસની ઉજવણી કરવામાં આવે છે. આપણને એ વિચાર આવે કે આજના દિવસે જ શા માટે સંસ્કૃત દિવસ તરીકે ઉજવવામાં આવે છે ? તો તેના પાછળ પણ કારણ છે કે પ્રાચીન ભારતમાં ઋષિ સંપ્રદાયમાં આ દિવસથી સત્રની શરૂઆત થાય છે...

**ઉજવણી**



સંસ્કૃત દિવસ ની ઉજવણી ............ શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય માં તારીખ:- .22/8/2022 ના દિવસે સંસ્કૃત દિવસનું ઉત્સાહપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સર્વપ્રથમ દીપ પ્રાગટ્ય દ્વારા શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ




કાર્યક્રમની રૂપરેખા પ્રમાણે આ કાર્યક્રમ ઉત્સાહપૂર્વક આગળ વધતો ગયો. પ્રાર્થના:- રવિ રુદ્ર પિતા મહા... સભાને ભક્તિ મય કર્યું. ત્યારબાદ શ્લોક દ્વારા સરસ્વતી મા ની વન્દના કરી. આ પાવન દિવસ ઉપર સંચાલન કરવાનું મોકો મને મળ્યો હતો. ત્યારબાદ સ્તોત્ર ગાન તે પણ મારા દ્વારા જ રજૂઆત કરવામાં આવી હતી. સંસ્કૃતિનું રક્ષણ માટે તેમજ સંવર્ધન માટે સંસ્કૃત ગીત પ્રસ્તુત કરાયું. ત્યારબાદ સુભાષિત પ્રસ્તુત થઈ. મુક્ત મને બોલવા માટે મુક્ત અભિવ્યક્તિ



પ્રસ્તુત કરવામાં આવી. દરરોજ ની જાણકારી માટે સમાચાર પત્ર પણ પ્રસ્તુત કરવામાં આવ્યું. ત્યારબાદ અતિથિ પરિચય માટે ડૉ.

નિધીબેને અતિથિ પરિચય આપ્યો. ત્યારબાદ અમારી કોલેજના આચાર્ય રૂપલબેન માંકડ પણ સંસ્કૃત ભાષાને દેવ વાણી તરીકે ઉદબોધન કર્યું.

સંસ્કૃત દિવસની ઉજવણીમાં વિશેષ અતિથિ તરીકે DKV કોલેજના પ્રાધ્યાપિકા ડૉ. કોમલ બહેન ભટ્ટ એ આવીને અમારા આ કાર્યક્રમને વિશેષ બનાવ્યો. તેમણે તેમના અધ્યક્ષીય પ્રવચનમાં તેમણે સંસ્કૃત માહાત્મ્ય, તેની જરૂર અને દેશ અને વિદેશમાં આજે તેનું સ્થાન વિશે વાત કરી. ત્યાર પછી સહુને સંસ્કૃત શીખવવા પ્રોત્સાહિત કર્યા. સંસ્કૃત શિક્ષણની પદ્ધતિઓ અંગે ઉદાહરણ પૂરા પાડ્યા હતા. કોમલબેન ભટ્ટે ખાસ તો આ વાક્ય ઉપર ભાર આપ્યો કે अर्धमात्रालाघवेन पुत्रोत्सवं मन्यन्ते वैयाकरणाः .... આ વાક્ય નો અર્થ એમ થાય છે કે સંસ્કૃતનું વ્યાકરણ એવું સચોટ છે કે અડધી માત્રાની પણ જો ભૂલ હોય તો ઋષિમુનિઓ તેમના પુત્રનો જન્મ થયો હોય તેવી ઉજવણી કરે છે..



**સમાપન**

કાર્યક્રમ ઉત્સાહપૂર્વક આભાર વિધિ તરફ આગળ વધ્યો. અને અંતે આ સભાને શાંતિમય વાતાવરણ બનાવવા માટે ૐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते । पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते॥ આ મંત્ર દ્વારા સંસ્કૃત દિવસના કાર્યક્રમને વિરામ આપવામાં આવ્યો.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

जयतु भारतम् । जयतु संस्कृतम्॥

# 26 જાન્યુઆરી

અમારી કોલેજ દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં ૨૬ મી જાન્યુઆરીનો કાર્યક્રમ યોજવામાં. આવ્યો હતો.

**"भारत माता सबसे प्यारी सबसे ऊँची इसकी शान,**
**गणतंत्र दिवस पर शीश झुका कर हम करते इसका सम्मान।**

આ કાર્યક્રમમાં અમારી કોલેજના અધ્યાપકશ્રીઓ અને તાલીમાર્થીઓ, જીબૂટી શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ, કોલેજના ટ્રસ્ટી આશર સાહેબ શાળાના ટ્રસ્ટી તેમજ અન્ય મહેમાનો, અલિયા ગામના લોકો પણ આવ્યા હતા.



આ કાર્યક્રમ ની શરૂઆત જય હિન્દના નારા સાથે થઈ. ત્યારબાદ સર્વધર્મ સમભાવ પ્રાથના કરવામા આવી. ત્યારબાદ દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું. ૨૬ મી જાન્યુઆરી શા કારણોસર ઉજવવામાં આવે છે, તેનું મહત્વ શું છે તે સમજાવ્યું.૨ વિદ્યાર્થીએ સ્પીચ આપી. આ કાર્યક્રમનું સંચાલન દ્વિતીય વર્ષના તાલીમાર્થી પ્રિયંકાબા જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું.







કોલેજ અને શાળાના વિદ્યાર્થીઓએ પરેડ કરી. ત્યારબાદ રાષ્ટ્રગીત તથા રાષ્ટ્રિય ગીત ગવાયું અને નિવૃત્ત થયેલા સાથીમિત્ર જયેન્દ્રસિંહ જાડેજા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું.



કાર્યક્રમને આગળ વધારતા કોલેજના તાલીમાર્થી એ સરસ ડાન્સ રજૂ કર્યો. ત્યારબાદ

જીબૂટી શાળાના ધોરણ ૭-૮ના છોકરાઓએ ખૂબ જ સરસ પિરામિડ રજૂ કર્યું અને છોકરીઓ એ તો ગરબાની રમજટ કરવી દીધી.

ત્યારબાદ રમતગમતમાં કોલેજના જે તાલીમાર્થીનો જિલ્લા કક્ષાએ નંબર આવ્યો હતો તેને મેડલ આપવામાં આવ્યું. જીબૂટી શાળા ધોરણ ૬, ૭ અને ૮ માં જેનો પ્રથમ, દ્વિતીય, અને તૃતીયા નંબર લાવનારને ઇનામ આપવામાં આવ્યું.



બાલમંદિરના બાળકોએ સરસ બાળગીત રજુ કર્યું કૉલેજના તાલીમાર્થીઓએ ડાન્સ રજૂ કર્યો. આઝાદીના ગીત પર કોલેજની પ્રથમ વર્ષની ૨ છોકરીઓએ ખૂબ જ સરસ તલવાર ફેરવી.

કાર્યક્રમનું સમાપન કોલેજના અધ્યાપક દ્વારા કરવામાં આવ્યું. છેલ્લે એક ગ્રુપ ફોટો લઈ શાંતિપૂર્વક કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

# "યુવા મતદાર મહોત્સવ 2022"

અમારી સંસ્થા શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં રાજ્ય સરકાર દ્વારા મતદારો ને જાગૃત કરવા એકકાર્યક્રમયોજવામાં આવ્યો હતો.



આ કાર્યક્રમ"યુવા મતદાર મહોત્સવ 2022" અંતર્ગત યુવાઓમાં મતદાન અને મતદાર અંગે જાગૃતિ લાવવા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ મહોત્સવમાં મતદારોમાં જાગૃતિ લાવવા વિવિધ પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓમાંયુવાઓ અને સૌ ઉત્સાહપૂર્વક ભાગ લે તે માટે પ્રોત્સાહન ઇનામો પણ રાખવામાં આવ્યા હતા. આ મહોત્સવ અંતર્ગત અમારી સંસ્થામાં પણ એક કાર્યક્રમની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

"छोड़ोअपनेसारेकाम,

पहलेचलोकरेंमतदान।"

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય



"યુવા મતદાર મહોત્સવ 2022" અંતર્ગત કાર્યક્રમની શરૂઆત અમારી સંસ્થા ના આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડ દ્વારા કરવામાં આવી હતી.તેમને તમામ તાલીમાર્થીઓને પોતાના નામ મતદારયાદીમાં નોંધણી કરાવવાનું મહત્વ અને મતદારયાદીમાં નામ નોંધણી કરાવવાની પ્રક્રિયા વિશે માહિતગાર કર્યા હતા. તેમજ તેઓએ ચૂંટણીની પ્રક્રિયામાં થયેલા નવા સુધારા અને મતાધિકારની લાયકાત વિશે માહિતી આપી હતી. ત્યારબાદ અમારીસંસ્થા ના અધ્યાપક ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ એ તમામ તાલીમાર્થીઓને ભારતના લોકતાંત્રિક માળખા અને ચૂંટણીની પ્રક્રિયા વિશે માહિતગાર કર્યા હતા. આ માહિતી મેળવ્યા બાદ અધ્યાપક ડૉ. જીજ્ઞેશભાઈ લિમ્બાચિયા દ્વારા તમામ તાલીમાર્થીઓને મતનું મહત્વ અને લોક ભાગીદારી વિશે માહિતી આપવામાં આપી હતી. આ ઉપરાંત આ કાર્યક્રમ ના કોર્ડીનેટર ડૉ.આશાબેન પટેલ દ્વારા અમને મતદાનની પ્રક્રિયા તેમજ EVM અને VVPT દ્વારા મતદાનની માહિતી અને તેનો વિડિયો પ્રેઝન્ટેશન બતાવવામાં આવ્યું હતું.

તેમજ અમારા સહ તાલીમાર્થી જાનવીબેન કરમુર એ તમામ તાલીમાર્થીઓને વોટર હેલ્પલાઇન એપ વિશે માહિતગાર કર્યા. તમામ તાલીમાર્થીએ વોટર હેલ્પલાઇન એપ્લિકેશન ડાઉનલોડ કરી અને તેના ઉપયોગો વિશે જાણ્યું હતું. ત્યારબાદ અમારા અન્ય સહ તાલીમાર્થીકિવલભાઈ ગોસ્વામી એ યુવાનો મતદાનમાં પોતાનું યોગદાન કઈ રીતે આપી શકે તેની માહિતી આપી. તેમજ આ મહોત્સવના કેમ્પસ એમ્બેસેડર તરીકે ભાગ ભજવી રહેલાભવ્યેશભાઈવાછાણી દ્વારા લોકશાહી દેશમાં મતદાન નું શું મહત્વ હોય છે, તેનાથી સૌ તાલીમાર્થીઓને માહિતગાર કર્યા હતા.તેમજ અમારા આમંત્રણ ને માન આપી પધારેલા મુખ્ય અતિથી શ્રી અર્ચનાબેન બી.હિરપરા એ યુવા મતદાર મહોત્સવ અંગે તાલીમાર્થીઓમાં જાગૃતિ આવે તે માટેના સૂચનો કર્યાં હતાં. તેમજ આ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ વિવિધ પ્રવૃત્તિઓ ના વિજેતાઓના નામ ઘોષિત કર્યા હતા. આ પ્રવૃત્તિઓમાંપ્રથમ સ્થાન પરકરમુર પ્રિયંકાબેન (પોસ્ટર પ્રેઝન્ટેશન) તેમજ (સ્લોગન)સ્પર્ધામાં દ્વિતય સ્થાન ભગત નિકિતાબેન એ મેળવ્યું હતું, તેમજ ઈ-પોસ્ટર સ્પર્ધામાં તૃતીય સ્થાન પર ભવ્યેશ વાછાણીભાઈએ મેળવ્યુંહતું. તેમજ ચોથા સ્થાન પર નિધિ બેન ભુંડિયા(ઈ-પોસ્ટર) મા સ્થાન મેળવ્યું હતું. ત્યારબાદ અમારા અધ્યાપક ડૉ. નિધીબેન અગ્રાવત દ્વારા સામૂહિક પ્રશ્નોતરીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રશ્નોત્તરીમાં તમામ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા. આ કાર્યક્રમના અંતે કાર્યક્રમના કોર્ડીનેટર શ્રી ડોક્ટર આશાબેન પટેલ દ્વારા તમામ તાલીમાર્થીઓ સાથે સામૂહિક મતદાન કરવાની પ્રતિજ્ઞા લેવડાવામાં આવી હતી.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

**આભારવિધિ**


આ કાર્યક્રમના અંતે તમામ તાલીમાર્થીઓએ મતદાન વિશે જાગૃતિ કેળવી હશે, તેવી આશા સાથે ધારાબેન દતાણી દ્વારા તમામ અધ્યાપકો તેમજ આચાર્યશ્રી અનેઉપસ્થિત મહેમાન શ્રી તેમજ તાલીમાર્થીઓનો આભાર માની કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. તેમજ તાલીમાર્થીઓ જાગૃત બને તે માટે એક સૂત્ર પણ આપવામાં આવ્યું હતું.

“जागृतदेशकीएकहीपहचान,

शत-प्रतिशतहोमतदान।“

# શિક્ષક દિવસ

સર્વપલ્લી ડો. રાધાકૃષ્ણન જ્યારે આપણા ભારતદેશ ના રાષ્ટ્રપિતા હતા ત્યારે
તેમનો જન્મદિવસ 5 સપ્ટેમ્બર તરીકે ઉજવવાની શરૂઆત થયેલી. અમે આ વર્ષે અમારી મહાવિદ્યાલય માં શિક્ષક દિન ખૂબ શાનદાર રીતે ઉજવ્યો હતો. મહાવિદ્યાલયના પ્રથનાખંડમાં પ્રાથના સાથે શરૂઆત કરવામાં આવી ત્યાર બાદ સહભાગી થયેલા શિક્ષકો દ્વારા ડો.રાધાકૃષ્ણન ની જીવન જરમર સંક્ષિપ્તમાં અભિવ્યક્તિ કરી.



**શાળા કોલજોમાં શિક્ષક દિવસનું મહત્વ**

શાળા તેમજ કોલેજ ના વિદ્યાર્થીઓ ને એક દિવસીય શિક્ષક બનવામાં આવે છે.તેથી તેઓ પોતાની અંદર રહેલી આવડત તેમજ પોતાનો વિચારો રજૂ કરી શકે.

ખૂબ સાદી અને સરળ રીતે કહી શકાય કે જે શિક્ષા આપે તે શિક્ષક.જે જીવન ઘડરમાં મદદ રૂપ થાય અને જીવન નામુલ્યો ની સાચી સમજ આપે એ શિક્ષક નું યોગદાન સમાજ માં ઘણું મહત્વ નું છે.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

5 સપ્ટેમ્બર એટલે રાષ્ટ્રીય શિક્ષક દિન મહાન કેળવણી કર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણ ની યાદમાં તેમનો જન્મદિવસ આપણે ત્યા શિક્ષક દિન તરીકે ઉજવાય છે.





***“ક્ષણે ક્ષણે જે નવું શીખવે એનું નામ શિક્ષણ.***
***જે માતૃ હ્રદય રાખીને શીખવે એનું નામ શિક્ષક’’***

***પ્રાર્થના કાર્યક્રમ અને વર્ગો***

વિદ્યાર્થી અને શિક્ષકના જીવનના મહત્વપૂર્ણ દિવસ એવા શિક્ષક દિવસની શરૂઆત સવારની પ્રાર્થના સાથે થઈ હતી. ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનની છબી ચિતરવામાં આવી હતી. અને શુભેચ્છા દર્શક વાક્યોનો ઉપયોગ કરી પ્રાર્થનાખંડ





શણગારવામાં આવ્યો હતો. ઘણા મિત્રોએ કાર્યક્રમની શોભા વધારવા માટે પ્રાર્થનાખંડ ને સરસ્વતી માતાના મંદિર અને વર્ગોની સુશોભિત કરવામાં આવ્યા હતા. આ કાર્યમાં ઘણા મિત્રોએ હોશે હોશે ભાગ ભજવ્યો હતો.

પ્રાર્થના પ્રાર્થના કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ટાઈમ ટેબલ અનુસાર બધા શિક્ષકોએ વર્ગો લીધા.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

# વ્હેલ શાર્ક બચાવ અભિયાન

બધી દિશાઓમાંથી શુભ વિચારો પ્રાપ્ત કરવા માટે દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય પરિવાર ફરી એક અનોખો કાર્યક્રમમાં જોડાયો હતો.

તા. ૧૩ સપ્ટેમ્બર, 2022 ના રોજ ટાટા કેમિકલ્સના સૌજન્યથી વ્હેલ શાર્ક બચાવ અને ઓશન એજ્યુકેશન અંતર્ગત મહાવિદ્યાલયના ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થી શ્રી ચિરાગ સોલંકી સાથે ડો. ધવલ અને શ્રી ચિરંજીવી જોડાયા હતા.



આ કાર્યક્રમની શરૂઆત ૨:00 વાગ્યે કરવામાં આવી હતી. સૌપ્રથમ કોલેજની બહેનો દ્વારા શ્રી ચિરાગ સોલંકી, ડો. ધવલ અને શ્રી ચિરંજીવીનું કુમકુમ અક્ષતથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આચાર્ય શ્રી ડો. રૂપલબેન માંકડ દ્વારા અતિથિ વિશેષનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.પ્રેઝન્ટેશન સાથે લગભગ 40 ફીટ લાંબો વ્હેલ શાર્કનું વિશાળ મોડેલ પણ મૂક્યું હતું. તેમજ ચાર્ટ દ્વારા પણ જાગૃતિ અપાઇ હતી.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય





મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ સાથે જી.બુ.ટી. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ જાગૃત થયા હતા. એટલું જ નહીં સંસ્થાના બાલમંદિરના બાળકોએ પણ માછલીના મોડેલ જોઈ, સ્પર્શી અને રાજી થયા હતા.... ક્યાંક સમજણના બીજ વવાયા....... પાંગરશે જરૂર.





વહેલ શાર્કની માહિતી તેના બચાવ અંગેની સફળ



સ્ટોરી અને સાથે ગુજરાતના દરિયાના વૈભવની ઝલક અને સાથે આપણે તેને સાચવવાની જવાબદારી અંગે વિશદ માહિતી આપી હતી. આ કાર્યક્રમથી જાણવા મળ્યું કે, જ્યારે માછીમારી બોટ કે ટ્રેલરની જાળમાં વ્હેલ શાર્ક સપડાય ત્યારે બોટ કે ટ્રેલરના કર્મચારીઓ દ્વારા જમીન ઉપર તેની માહિતી મોકલવામાં આવે છે. આ માહિતીને વન વિભાગની રેન્જ ઓફિસ સુધી મોકલવામાં આવે છે. જેના આધારે બચાવ કાર્ય હાથ ધરવા માટે ઉપલબ્ધ બીટ ગાર્ડો,




સ્થાનિક શ્રમજીવીઓ, મત્સઉદ્યોગના કર્મચારીઓ, બોટ અને અન્ય જરૂરી સાધન સરંજામ એકઠા કરવામાં આવે છે. બચાવ નાવ વ્હેલ શાર્ક જે સ્થળે જાળમાં ફસાઇ છે ત્યાં જવા નીકળે છે અને ત્યાં પહોંચ્યા બાદ કર્મચારીઓ, સ્વયંસેવકો અને કામદારો જાળ કાપીને માછલીને મુક્ત કરે છે. સમગ્ર બચાવ અભિયાનનું દસ્તાવેજીકરણ(વિડીયોગ્રાફી) કરવામાં આવે છે અને તે મુજબ વળતર ચૂકવવામાં આવે છે. કાર્યક્રમથી નવી માહિતીની જાણકારી મળી હતી.

# વિશ્વ ઓઝોન ડે

તારીખ 16/09/2022ના રોજ વિશ્વ ઓઝોન ડે તરીકે પૂરા વિશ્વમાં મનાવવામાં આવ્યો હતો. અમારી કોલેજમાં પણ આજના દિવસે વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેનો ઉદ્દેશ વિવિધ સ્પર્ધાઓ દ્વારા પ્રશિક્ષણાર્થીઓમાં ઓઝોન વિશે માહિતગાર કરવાનો હતો.

સવારે 11:00 વાગ્યે આદરણીય અધ્યાપક શ્રી ડો. આશાબેન પટેલ, World Ozone Day

આચાર્ય શ્રી ડો. રૂપલબેન માંકડ તથા ડો. પ્રશાંતભાઈ ચૌહાણ, ડો. જિગ્નેશભાઈ લીંબચીયા અને ડો. નિધિબેન અગ્રાવત તથા શિક્ષક બનવા માટેનું પ્રશિક્ષન લેતા પ્રથમ તથા દ્વિતીય વર્ષના




પ્રશિક્ષણાર્થી મિત્રો કોલેજે આવ્યા હતા અને બધાએ ભેગા મળી માતા સરસ્વતીને પ્રાર્થના કરી હતી. જેમાં પ્રશિક્ષણાર્થી મિત્રો ધૂન, ભજન – ભક્તિ ગીત ગણ કરવામાં આવ્યું. ત્યારબાદ સુવિચાર, જનરલ નોલેજના પ્રશ્નો, મુક્ત અભિવ્યક્તિ પણ પ્રશિક્ષનાર્થીઓએ રજૂ કરી હતી. અંતમાં બધાએ રાષ્ટ્રગાનનું ગાયન કરી સ્પર્ધાની શરૂઆત કરી હતી.



આ દિવસે પ્રોજેક્ટર દ્વારા ઓઝોન વિશેની માહિતી આપવામાં આવી હતી તેમજ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાઓમાં નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને ચિત્રકળા સ્પર્ધા જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સમયસર 12:00 વાગ્યે કરવામાં આવી હતી. જે સ્પર્ધાઓની શરૂઆત વકતૃત્વ

સ્પર્ધાથી કરવામાં આવી હતી. 11:45 વાગ્યે સ્પર્ધકોને વકતૃત્વનો વિષય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ 12:00 વાગ્યાથી શરૂ કરવામાં આવી. માત્ર 15 મિનિટમાં વિષયવસ્તુને ધ્યાને લઈ વકતૃત્વ તૈયાર કરવું તે સરળ ન હતું. પરંતુ તેમ છતાં પ્રશિક્ષણાર્થીઓએ ખૂબ સરસ વકતૃત્વ આપ્યા હતા. આ સ્પર્ધા 1:30 વાગ્યા સુધી ચાલી હતી.

સ્પર્ધકોએ પોતાની આગવી કથનશૈલીમાં વકતૃત્વ રજૂ કર્યા હતા. જેમાં સ્પર્ધકોએ એઇડ્સ વિશે વર્ણવ્યું હતું. સ્પર્ધકોએ પોતાના વકતૃત્વમાં ઓઝોન શું છે ? ઓઝોન વાયુ પૃથ્વી પર શી રીતે અસરકારક છે? તેને રોકવાના ઉપાયો વિશે માહિતી આપી હતી. ડો. આશાબેન પટેલ આ ઓઝોન દિવસની પ્રવૃતિઓના નિર્ણાયક હતા.

01:30 થી 02:00 સુધી બેક હતો. ત્યારબાદ બધા પાછા પ્રાર્થનાખંડમાં ભેગા થાય અને 02:10 કલાકે ચિત્રકળા સ્પર્ધા શરૂ થઈ. બધા સ્પર્ધકો વર્તુળમાં ગોઠવાયા સાથે કાગળ, પેન્સિલ વગેરે જેવી વિવિધ ચિત્રકલાની સામગ્રી હતી. આપેલ થીમ મુજબ સ્પર્ધકોએ સુંદર ચિત્રો દોરવાના શરૂ કરી દીધા. બધાની ચિત્રકળામાં ઓઝોન વિશે જાગૃતિનો સંદેશ મળતો હતો. બધાએ પોતપોતાના વિચાર પ્રમાણે અદ્ભુત ચિત્રો દોરયા હતા. તેમાં પૂરેલા રંગો ખુબજ આકર્ષક લાગતા હતા. આ સ્પર્ધાનો અંત 03:00 વાગ્યે આવ્યો હતો,

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

ચિત્રકળા પછી વારો નિબંધ સ્પર્ધાનો હતો. પ્રાર્થનાખંડમાથી સ્પર્ધકોને લઈ ડો. આશાબેન પટેલ વ્યાખ્યાન ખંડમાં ગયા બધાને ક્રમ મુજબ ગોઠવી નિબંધનો વિષય આપવામાં આવ્યો. સ્પર્ધકોને તૈયારી માટે 15 મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. 03:30 કલાકે સ્પર્ધા શરૂ થતાં બધાની પેન ઝડપથી ભાગવા માંડી. વિષય ઓઝોનને લાગતો હતો અને સમય માત્ર 1 કલાકનો જ આપવામાં આવ્યો હતો. એક કલાક બાદ બધા સ્પર્ધકોને પોતપોતાના નિબંધ સાથે પ્રાર્થનાખંડમાં બોલાવવામાં આવ્યા અને એક પછી એક ક્રમ મુજબ નિબંધનું પઠાણ કરવામાં આવ્યું. બધા નિબંધ એક થી એક ચડિયાતા હતા. બધા સ્પર્ધકોએ ઓઝોન વિશે રહેલી પોતાની સમાજ અને વિચાર પોતાની આગવી શૈલીમાં કાગળ પર રજૂ કરી હતી. ડો. આશાબેન પટેલને પણ બીજા નિર્ણાયકોની જેમ નિર્ણય લેવામાં મુશ્કેલી પડી હતી.

બધી સ્પર્ધાના અંતે નિર્ણયોએ આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડ સાથે ચર્ચા કરી અને પોતાના નિર્ણય જણાવ્યા હતા. ત્યારબાદ આચાર્ય શ્રીએ મંચ પર આવીને નિર્ણયકોએ લીધેલા નિર્ણયો મુજબ વિજેતા સ્પર્ધકોના નામ ઘોષિત કર્યા હતા તથા તેમના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું .

# ઈનોવેશન

**તારીખ : 29/01/2023**

**MECHANICAL KIT ACTIVITIES**

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડામાં તારીખ : ૨૮/૦૧/૨૦૨૩ ના રોજ ઈનોવેશન ક્લબ અંતર્ગત મિકેનિકલ કીટ એક્ટિવિટી કરવામાં આવી હતી. જેમાં કો ઓડીનેટર દ્વારા વિદ્યાર્થીઓને મેકેનિકલ કીટમાં આવતા ટુલ્સ વિશેની માહિતી આપવામાં આવી હતી. તથા તેના ઉપયોગ વિશે સમજૂતી અપાઇ હતી. ત્યારબાદ તે ટુલ્સ નો ઉપયોગ કરી વિદ્યાર્થીઓએ પ્રવૃત્તિઓ કરી હતી, જેમાં વિવિધ સાધનોનો ઉપયોગ કરી બુલેટિન બોર્ડ અને અન્ય પ્રવૃત્તિ કરી હતી. અને સંસ્થામાં રહેલી બેન્કોને તે કીટ દ્વારા સહેલાઈથી રીપેર કરવા માટે જરૂરી સૂચનો અને પ્રયોગ દ્વારા સમજૂતી અપાઇ હતી .



મેકેનિકલ કીટ અંગેની પ્રવૃત્તિઓમાં ઇનોવેશન ક્લબમા જોડાયેલા તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પૂરો સહકાર આપ્યો હતો.

ઇનોવેશન ક્લબના કોર્ડીનેટર ડૉ. જીગ્નેશભાઈ લીમ્બાચીયા દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડો. રૂપલબેન માકડ એ વિદ્યાર્થીઓની આ પ્રવૃત્તિઓને ખૂબ જ બિરદાવી હતી. તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.



# કલાકુંજ

વર્ગખંડમાં બેઠેલા વિદ્યાર્થીઓમાં કોઈ ઝીરો નથી હોતું,માત્ર સહુની ક્ષમતા જુદી જુદી હોય છે.અને આ કલાને નીખારવા,ઓળખવા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા IITE ખૂબ જ ઉત્કૃષ્ટ કાર્ય કરે છે. આ કાર્ય એટલે જ “કલાકુંજ” આ ક્ષમતાની ઓળખ કલાકુંજ દ્વારા થાય છે.

IITE યુનિવર્સિટી ગાંધીનગર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ યુવક મહોત્સવ કલાકુંજ 2022 નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણી બધી અલગ-અલગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ કે સંગીત,નૃત્ય,સાહિત્ય,થિયેટર, ફાઈન આર્ટસ,મીમીક્રી,ઓન ધ સ્પોટ પેઇન્ટિંગ, રંગોળી વગેરે....

અમારી કોલેજ એટલે દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય,જેમાં માત્ર શિક્ષણ જ નહીં પરંતુ આપણો સર્વાંગી વિકાસ કરે તેવી કેળવણી આપવામાં આવે છે.કલાકુંજ 2022માં ભાગ લેવા માટે અમારા અધ્યાપકો દ્વારા ખૂબ જ પ્રોત્સાહન મળ્યું,અને બધા જ પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ પણ લીધો હતો.

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય



DARBAR GOPALDAS SHIKSHAN MAHAVIDHYALYA ALIABADA

Kalakunj 2022

winners of the first phase

| EVENT NAME | PARTICIPANT NAME | RANK |
|---|---|---|
| Rangoli | Bhadaraka Krishna | 1st |
| Elocution | Priyankaba Jadeja | 1st |
| PPT | Akshay Dagaya | 1st |
| On the Spot Painting | Harsha Chauhan | 1st |
| E art ( Digital Poster ) | Solanki Bhautik | 1st |
| Light Vocal (Indian) | Ishaniba Chauhan | 2nd |
| Extempore Speech | Dhara Dattani | 2nd |
| Folk Dance | Group of Girls from 1st yr. | 2nd |
| Western Vocal (Solo) | Bhakti Panchasara | 3rd |
| Poetry Recitation | Jeel Somaiya | 3rd |
| Cartooning | Tejashree Thaker | 3rd |
| Mahendi | Arzu Gorfad | 3rd |

આ સ્પર્ધા બે કક્ષાએ યોજાઇ હતી.જેમાં પ્રથમ ઝોન કક્ષાએ અને ત્યારબાદ IITE યુનિવર્સિટી ખાતે યોજાઇ હતી.અમારી કોલેજને ઝોન કક્ષાની સ્પર્ધામાં વઢવાણ-સુરેન્દ્રનગરમાં આવેલ શ્રીમતી એમ.એમ શાહ કોલેજ ઓફ એજ્યુકેશનમાં જવાનું થયું. તારીખ 19/9/2022 ના રોજ ગરબાની ટીમ અને કોઓર્ડીનેટર ડોક્ટર નિધીબેન અગ્રાવત સાથે બધા તાલીમાર્થી સુરેન્દ્રનગર પહોંચ્યા. બાકી બધા જ તાલીમાર્થીઓએ સ્થાનિક કક્ષાએ એટલે કે અમારી કોલેજ પર જ પર્ફોર્મન્સ આપવાનું હતુ. ઝોન કક્ષાએ ભાગ લીધેલા તાલીમાર્થીઓ માંથી મહત્તમ તાલીમાર્થીઓએ નંબર પ્રાપ્ત કર્યો જેનું લીસ્ટ નીચે મુજબ છે._



***ઝોન કક્ષાના કાર્યક્રમ બાદ,વિજેતા થયેલા તાલિમાર્થીઓને તારીખ 29/9/2022 ના રોજ ગાંધીનગર ખાતે આયોજિત કાર્યક્રમમાં જવાનું થયું, જેમાં ઉત્સાહભેર અમે બધા તાલીમાર્થી મિત્રો અને કાર્યક્રમના કોર્ડીનેટર ડૉ.નિધિબેન અગ્રાવત એમ બધા ગાંધીનગર પહોંચ્યા.***



યુનિવર્સિટી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પ્રથમ વર્ષની બે તાલીમાર્થી બહેનોએ નંબર પ્રાપ્ત કર્યો. જેમાં શિઘ વકૃત્વમાં દત્તાણી ધારાબેન ત્રીજા ક્રમે અને તત્કાળ પેઇન્ટિંગમાં ચૌહાણ હર્ષાબેન પણ ત્રીજા ક્રમે આવ્યા હતા. આ બંને બહેનોને તત્કાળ શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા ઇનામ આપવામાં આવ્યું હતું.



આ સમગ્ર કાર્યક્રમનું ખૂબ જ સુંદર રીતે યુનિવર્સિટી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આઇઆઇટી યુનિવર્સિટી એ માત્ર B.ed કરેલા શિક્ષકો નથી ઘડતા પરંતુ એક નવા,ઉજળા ભવિષ્ય ઘડનારા શિક્ષકો કે જે સર્વાંગી રીતે તૈયાર હોય તેનું નિર્માણ કરે છે,અને તેના માટે આવા અવનવા કાર્યક્રમોનું આયોજન પણ કરે છે.આ માટે અમારી કોલેજ દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડા એ IITE યુનિવર્સિટી નો આભાર વ્યક્ત કરે છે.

# સંસ્કૃત વિષય નું મહત્વ

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં તારીખ ૨૯- ૯- ૨૦૨૨ ના રોજ "સંસ્કૃતવિષયની જરૂરીયાત અને સંસ્કૃત ના મહત્વ વિશે " કાર્યક્રમ યોજાયો હતો .

આ કાર્યક્રમ નું સમગ્ર આયોજન નવ નિયુકત અધ્યાપક ડૉ. નિધિબહેન અગ્રાવત દ્વારા કરવામાં આવ્યું હતું .આ કાર્યક્રમ ની શરૂઆત બપોરે 3:00 કલાકે થઇ હતી .



સૌપ્રથમ આવેલ અતિથીઓનું મહાવિદ્યાલય ની પરીપાટી મુજબ કુમકુમ તિલક થી સ્વાગત કરવામાં આવ્યું હતું .

ત્યાર બાદ કાર્યક્રમની શરૂઆતમાં અતિથિ તેમજ મહાવિદ્યાલયના અધ્યાપકો દ્વારા દીપપ્રાગટય કરવામાં આવ્યું હતું .ત્યાર બાદ દ્વિતીય વર્ષના તાલીમાર્થીે જાની વ્યોમેશ દ્વારા કાર્યક્રમનું સંચાલન તેમજ કાર્યક્રમના અધ્યક્ષ શ્રી જયશંકરભાઇ રાવલ નો આવકાર પરિચય આપવામાં આવ્યો હતો .

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

શ્રી જયશંકરભાઇ રાવલ દ્વારા સંસ્કૃત ભાષાની મહાનતા તેમજ તેનું આગવું મહત્વ ખૂબજ સરળ અને ઉદાહરણો દ્વારા જણાવ્યું . સંસ્કૃત એ દરેક ભાષાની જનની છે તે પણ અનેક પ્રમાણો આપી સમજાવ્યું . આપણે દરેક લોકોની ભાષાની પસંદગી માં પહેલી ભાષા સંસ્કૃત જ હોવી જોઈએ તે પણ તને કહ્યું.





આ ઉપરાંત આપણે દરેક માણસો જાણતાં અજાણતાં સંસ્કૃત ભાષા બોલીએ જ છીએ તેમના પણ ઉદાહરણો તેમને આપ્યા . જેમ કે આપણે ભગવાન શંકર ના મંદિરે જઇને ૐ નમ: શિવાય બોલીએ છીએ તે સંસ્કૃત નથી તો બીજું શું છે આવા અનેક ઉદાહરણો આપ્યા હતા.

તેમને બી. એડ.ના અભ્યાસમાં પણ સંસ્કૃત મુકવામાં આવ્યું છે તેના વિશે પણ ચર્ચા કરી હતી . આ ઉપરાંત છેલ્લા દસેક વર્ષમાં કમ્પ્યુટરની ભાષા સંસ્કૃત હશે તે વૈજ્ઞાનિકો એ જણાવ્યું છે તેમની પણ વાત કરી હતી .

વિદ્યાર્થીઓને પણ પોતે દરરોજ વાતચીત કે વ્યવહારમાં ઉપયોગ કરવામાં આવે તો સંસ્કૃતનો વ્યાપ વિપુલપ્રમાણમાં વધે એમાં જરા પણ શંકા જ નથી .

કાર્યક્રમના અંતે આવેલ મુખ્ય વકતા તેમજ તેમની સાથે આવેલ અન્ય મહાનુભાવો ને મહાવિદ્યાલયના અધ્યાપકો દ્વારા સંસ્થાની સ્મૃતિ રૂપે સંસ્થાના આદ્યસ્થાપક ડોલરરાય માંકડ દ્વારા લેખિત પુસ્તકો આપી સન્માનિત કર્યા હતા . અને કાર્યક્રમના અંતે પોતાનો અમુલ્ય સમય ફાળવી તાલીમાથીઓને વ્યાખ્યાન આપવા બદલ પ્રથમ વર્ષના તાલીમાર્થી ઠાકર કિશોર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં આ ઉપરાંત જામનગરની ડી.કે.વી. કોલેજના પ્રાધ્યાપક અને સંસ્કૃત ના જ્ઞાતા ડૅા. કોમલબહેન ભટ્ટ તેમજ આપણી મહાવિદ્યાલય ના ભૂતપૂર્વ તાલીમાર્થીઓ અને એક મજાના શિક્ષક શ્રી રાજેશભાઇ બારોટ તેમજ મહાવિદ્યાલયના તમામ અધ્યાપકો તેમજ દ્વિતીય વર્ષના પ્રશિક્ષનાર્થીઓ તેમજ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ એ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# નવરાત્રી

**सर्वा मंगल मंगलये शिवे सर्वार्थ साधिके**

**शारण्य त्र्यंबके गौरी नारायणी नमोस्तुते ।।**

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય માં તમામ પ્રવૃત્તિ ઉપરાંત વિવિધ તહેવારો અને પ્રસંગો પણ ઉજવવામાં આવે છે. અમસ્તાં જ નથી કહેવાતી,,,

આમ,આવા અવનવા પ્રસંગો અને વિવિધતા ભર્યા વાતાવરણ થી કૉલેજ ની સુંદરતા વધે છે,,જે અમને એના પટાંગણમાં પ્રવેશવા માટે ઉત્સુક હોય છે....

*કૉલેજ એટલે જીવંત ક્ષણ,,,,*

*અમુક પ્રસંગો અહીંયા રોજ થાય છે...*

નવરાત્રી એટલે આનંદ ઉત્સવ અને ભક્તિનો તહેવાર........!

નવરાત્રી ના પાવન ઉત્સવમાં અમારી કોલેજ દરબાર ગોપાલદાસ શિક્ષણમાં વિદ્યાલયમાં નવરાત્રિની ઉજવણી ખૂબ ધામધૂમથી અને અતિ ઉત્સાહ સાથે કરવામાં આવી હતી.



નવરાત્રી ઉજવવાની વાતથી જ પ્રશિક્ષણાર્થીઓમાં આનંદ છવાઈ ગયો હતો. આવાજ આનંદ અને ઉત્સાહથી પ્રશિક્ષણાર્થી ઓ તથા અધ્યાપક ગણ સવારે રંગબેરંગી કપડા પહેરી કોલેજે પહોંચી ગયા હતા..



કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના તેમ જ આદ્યશક્તિની આરાધના કરીને કરવામાં આવી હતી. અધ્યાપક ગણ તેમજ તાલીમાર્થીઓ દ્વારા આરતી અને દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આરતીના સુર તથા સૌ કોઈના

ઉત્સાહના કારણે વાતાવરણ એકદમ ભક્તિમય અને આનંદમય બની ગયું હતું. ત્યારબાદ સંગીતના સુરે પ્રશિક્ષણાર્થી મિત્રો અને અધ્યાપકગણ ઝૂમી ઉઠ્યા હતા ..

જાણે કાનાની બંસી ના સૂરે રાધા અને ગોપીઓ થનગનતા હોય તેવું અદભુત દ્રશ્ય નજર સમક્ષ રચાયું હતું...

તાલીમાર્થી ઓ ખૂબ જ દાંડિયા રાસ રમ્યા અને અનહદ મજા માણી...

કાર્યક્રમની શોભા તો ત્યારે વધી જ્યારે તાલીમાર્થી ઓ પોતાનો પહેરવેશ પહેરી ને આવ્યા હતા ...

ત્યારબાદ બધાએ શરબત પીધું અને બધા જોર-શોરથી ડાંડિયા રમ્યા હોવાથી પરસેવે રેબઝેબ થઈ ગયા હોવા છતા પણ કોઈ રમવાનું બંધ કરતા ન હતા .. એટલો આનંદ કાર્યક્રમ ના અંત સુધી જળવાઈ રહ્યો... અવિસ્મરણીય એવો કાર્યક્રમ ને અંત તરફ લઈ જતા ડો. રૂપલબેન માંકડ દ્વારા થોડા શબ્દો કહેવામાં આવ્યા અને અહીં કાર્યક્રમ પૂર્ણ થયો. ,,કહેવાય છે ને કે,,



કલા વગરનો મનુષ્ય પ્રાણી સમાન છે....

આમ, કળા એ જીવન છે, જીવન જીવવાનો માર્ગ છે....

આમ,આ સમગ્ર કાર્યક્રમના અંતે અમને અમારા સંસ્થા તરફથી નાસ્તાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું,,અમે સૌ ભેગા મળીને નાસ્તાનો આનંદ માણ્યો અને આ કાર્યક્રમમાં ખૂબ જ મજા કરી..

આમ, કોઈ પ્રસંગ સૌ પરિવારજનો ની સાથે જ ઉજવવામાં મજા આવે છે....

# નિવૃત્તિ સન્માન સમારોહ

आप जैसा बड़पन नहीं है कही

आप जैसा सरल मन नहीं है कही

आप को हम विदा आज कर दे मगर

आप जैसा सज्जन नहीं होगा अब हमारे साथ

તારીખ ૨૦/૧૦/૨૦૨૨ ના રોજ આપણા **બાપુ** ના




હુલામણા નામથી જાણીતા એવા શ્રી જયેન્દ્રસિંહ જાડેજા બાપુ નો સન્માન સાથે વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ માં મુખ્ય અતિથિ તરીકે વિધામંડળના ટ્રસ્ટી માનનીય શ્રી દિલીપ ભાઇ આશર સાહેબ પધાર્યા હતા. આચાર્યશ્રી , અધ્યાપકો, નિવૃત થયેલા સાથી મિત્ર શ્રી દિનેશ ભાઈ તથા પ્રથમ અને દ્વિતીય વર્ષ ના તાલીમાર્થી મિત્રો હાજર રહ્યા હતા. કાર્યક્રમ ની શરૂઆત સર્વધર્મ પ્રાર્થના થી કરવામાં આવી હતી ત્યારબાદ વિધામંડળના ટ્રસ્ટી શ્રી માનનીય આશર સાહેબ ,આચાર્યશ્રી, અધ્યાપકો અને સાથીમિત્રો દ્વારા દિપપ્રાગટય કરવામાં આવ્યું હતું.



પ્રથમ વર્ષ ના તાલીમાર્થી આરઝુબેન દ્વારા ભજન રજૂ કરવામાં આવ્યું હતું. દ્વિતીય વર્ષ ના તાલીમાર્થી મધુડિયા રાધિકાબેન દ્વારા ધૂન રજૂ કરવામાં આવી હતી ત્યારબાદ વિધામંડળના ટ્રસ્ટી શ્રી માનનીય આશર સાહેબ અને ડો.રૂપલબેને સૌ પ્રથમ બાપુ નુ સન્માન કર્યું ત્યારબાદ ડો. આશાબહેન, ડો. પ્રશાંત સર, ડો. જીગ્નેશ સર તથા ડો. નિધિબહેને બાપુ નુ સન્માન કર્યું હતું .

દ્વિતીય વર્ષ ના તાલીમાર્થી દગાયા અક્ષય ભાઈ એ પણ બાપુ ને ભેટ આપી તેમનુ સન્માન કર્યું હતું.

પ્રથમ વર્ષ ના તાલીમાર્થી ગોસ્વામી કેવલભાઈ તથા દ્વિતીય વર્ષ ના તાલીમાર્થી લુણશીયા રોશનીબહેન દ્વારા બાપુ પ્રત્યે ના પોતાના પ્રતિભાવ રજૂ કર્યા બાપુ ના જીવન વિશે ની માહિતી થી અમે જાણકાર ન હતા તેની જાણકારી આપી હતી.

અધ્યાપક શ્રી ડો. નિધીબેન અગ્રાવત, ડો. જીગ્નેશભાઈ લીંબાચીયા, ડો.પ્રશાંતભાઈ ચૌહાણ, ડો. આશા બહેન પટેલ દ્વારા પોતાની સાથે કાર્ય કરતી વખતે બાપુ સાથે ના અનુભવો અને પ્રતિભાવો રજૂ કર્યા હતા ત્યારબાદ ડો. રૂપલબહેન માંકડ દ્વારા ભીની આંખે બાપુ સાથેના તેમના કાર્ય કર્યા નો



પ્રતિભાવ રજૂ કર્યો હતો. બાપુ સાથે નો તેમનો કાર્ય કરવાનો સમય સૌથી વધુ રહ્યો હતો તેવુ પણ તેમણે જણાવ્યું હતું. અંતે વિદ્યામંડળ ના ટ્રસ્ટી શ્રી માનનીય આશર સાહેબે પ્રાસંગિક ઉદ્બોધન બાદ બાપુ સાથે ના અનુભવો જણાવ્યા.



અંતમા પ્રથમ વર્ષ ના તાલીમાર્થી વાળા રીતુબા અને જલુ ભૂમી બેહેન દ્વારા વિદાય ની આ ઘડીએ વિદાય ગીત રજૂ કર્યું હતું. સૌ કોઈ ની આંખો અશ્રુ ભીની થઈ ગઈ હતી. અમે પણ ખુબ ભારે હૈયે વિદાયગીત રજૂ કર્યું હતું. કાર્યક્રમ ની આભારવિધિ રાવલીયા હેમાંશીબહેન દ્વારા કરવામાં આવી હતી અને સમગ્ર કાર્યક્રમ નુ સંચાલન દ્વિતીય વર્ષ ના તાલીમાર્થી ભાદરકા ક્રિષ્નાબહેન દ્વારા કરવામાં આવ્યું હતું.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય



અંતે સૌએ મોં મીઠાં કર્યાં અને રાષ્ટ્રગાન ગાઇ ને સૌ ભીની આંખે છૂટા પડ્યા. બાપુ સાથે નો યાદગીરી માટે સૌએ બાપુ સાથે ફોટા પડાવ્યા.

અંતે,

**शरीरमाधं खलु धर्मसाधनम् ।।**

અર્થાથ :- શરીર જ તમામ કર્તવ્યો ને પુરા કરવા માટેનું સાધન છે.

માટે જ બાપુ નુ શરીર સ્વસ્થ રહે, નિરોગી રહે અને હંમેશાં હસતા રહી પોતાનુ નિવૃત્તિ નું જીવન વિતાવે તેવી તેમને શુભકામનાઓ.

# સ્પોર્ટ્સ ડે

11th JOSH SPORTS

તારીખ : 13 -1-2023

સ્થળ : ILT રાજકોટ

IITE યુનિવર્સિટી દર વર્ષે SPORTS MEET (JOSH) નું આયોજન કરતી હોય છે. આ વર્ષે પણ રાજકોટ ખાતે 11th JOSH SPORTS નું આયોજન થયું હતું .જેમાં દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય ના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તારીખ 12-1- 2023 ના રોજ IITE યુનિવર્સિટી દ્વારા SPORTS MEET નું આયોજન થયું હતું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે 3 ગ્રાઉન્ડ ફાળવેલા હતા. જેમાં એથ્લેટિક્સ માટે અલગ ગ્રાઉન્ડ તેમજ ખો - ખો અને વોલીબોલ માટે અલગ ગ્રાઉન્ડ હતા. તેમજ ઈન્ડોર ગેમ માટે અલગ ઈન્ડોર સ્ટેડિયમ પણ હતું.




કોલેજમાંથી સ્પોર્ટ્સ કો ઓર્ડીનેટર ડો. પ્રશાંતભાઈ ચૌહાણ તેમજ ડો. જીગ્નેશભાઈ

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય



લીંબાચીયા ખેલાડીઓનો ઉત્સાહ વધારવા માટે અમારી સાથે આવ્યા હતા. તથા પ્રથમ વર્ષના રમતગમત મંત્રીઓ કરમુર જાનવીબેન તથા વાળા મિલનભાઈ તેમજ દ્રીતીય વર્ષના રમતગમત મંત્રી નડિયાપરા શીતલબેન પણ હાજર રહ્યા હતા.રાજકોટ જવા માટે અમે 12- 1 -2023 ના રોજ સવારે 4.00 વાગ્યે નીકળ્યા હતા. તેમજ અમે 7:00 વાગ્યાની આજુબાજુ રાજકોટ પહોંચી ગયા હતા.



રાજકોટ સ્પર્ધા સ્થળે પહોંચી સૌપ્રથમ અમે નાસ્તા ,લંચ અને ડિનર માટેના પાસ મેળવ્યા હતા. તેમજ વ્યક્તિગત રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારબાદ અમે ફ્રેશ થઈ અને નાસ્તો કરીને અમે ઓપનિંગ સેરેમની માં ભાગ લીધો. જ્યાં IITE અંતર્ગત ચાલતી અલગ અલગ બી.એડ કોલેજો માંથી વિદ્યાર્થીઓ આવેલા હતા.

તેમાંથી IITE ગાંધીનગર ના પાંચ વિદ્યાર્થીઓ દ્વારા માર્ચયાસ્ટ કરવામાં આવી હતી. અને અન્ય કોલેજનાં ખેલાડીઓ તેમાં જોડાયા હતા. તેના લીધે વિદ્યાર્થીઓમાં જુસ્સો વધી ગયો હતો. અમે ઓપનિંગ સેરેમનીનો આનંદ લીધો. ત્યારબાદ 8:00 વાગ્યે જુદી જુદી રમતોની સ્પર્ધા શરૂ થઈ જેમાં લાંબી કુદ, બરચી ફેક, ઉંચી કુદ ,ગોળા ફેંક, ચેસ, બેડમિન્ટન, દોડ તેમજ ખો-ખો જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.







કોલેજ માંથી ખો-ખોની ભાઈઓ તથા બહેનોની એમ અલગ અલગ ટીમ લઈ જવામાં આવી હતી. તેમાં ભાઈઓની ખો-ખોની ટીમનો નેતૃત્વ નેશનલ લેવલના ખેલાડી બેરા પારસ ભાઈએ કર્યું હતું. તેમના નેતૃત્વ હેઠળ ટીમે ખૂબ સારું પ્રદર્શન કર્યું હતું. તેમ જ બહેનોની ખો-ખોની ટીમનો નેતૃત્વ નેશનલ લેવલના ખેલાડી ચોચા નિકિતાબેન એ કર્યું હતું. બહેનોની ટીમમાં બીજા બે બહેનો પણ નેશનલ રમી ચૂક્યા હતા. બહેનોની ખો-ખોની ટીમ સેમિફાઇનલ સુધી પહોંચી શકી હતી. તેઓનું પ્રદર્શન પણ સરાહનીય રહ્યું હતું.

બીજી તરફ ગોળાફેકમાં કિશોરભાઈ નીતાબેન તથા ભક્તિબેને ભાગ લીધો હતો તેમનો પ્રદશન પણ ખૂબ જ સારું રહ્યું હતું. લાંબી કૂદમાં ભાઈઓ માં ખીમાભાઈ અને બહેનોમાં ભક્તિ બેને ભાગ લીધો હતો તેમ જ બેડમિન્ટનમાં હેમાંશીબેન ધારાબેન નિધીબેન જીનલબેન તેમજ દીપ્તીબેન એ ભાગ લીધો હતો તેમનું પ્રદર્શન પણ ખૂબ સરસ રહ્યું હતું .1500 મીટર દોડમાં કરમૂર ખીમાભાઈ એ ભાગ લીધો હતો તેમજ 100 અને 200 મીટર દોડમાં ગોહિલ ક્રિપાલભાઈએ ભાગ



લીધો હતો. તે બંને સ્પર્ધામાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી કોલેજને ગર્વ અપાવ્યું હતું બીજી બાજુ ઈન્ડોર ગેમમાં ચેસમાં કિશોરભાઈ ક્રિષ્નાબેન તથા રૂપાબેને ભાગ લીધો હતો. તેમાં રૂપા બેને ફર્સ્ટ રેન્ક પ્રાપ્ત કર્યો હતો તેમનું પ્રદર્શન પણ સારું રહ્યું હતું.

SPORTS MEET માં યુનિવર્સિટી તરફથી ખેલાડીઓને બ્રેકફાસ્ટ, લંચ તથા ડિનરની સુવિધા આપવામાં આવી હતી.

અમે રાજકોટ થી રાત્રે 10:30 ની આજુબાજુ નીકળ્યા હતા અને રાત્રે 1:00 વાગ્યે જામનગર પહોંચ્યા હતા.

IITE દ્વારા આયોજિત 11TH SPORTS MEET (JOSH) ખુબજ સારો અનુભવ રહ્યો. અને બધા જ તાલીમાર્થી તેમજ કોલેજ પરિવાર ખૂબ જ હર્ષની લાગણી અનુભવતો હતો .આ સ્પર્ધા અમારા માટે એક યાદગાર સફર બની ગઈ હતી.



# બિરસા મુંડા જયંતી







૧૫ નવેમ્બર ૨૦૨૨

અમારી કોલેજ શ્રી દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય-અલિયાબાડા જામનગરમાં ૧૫ નવેમ્બર ૨૦૨૨ ના રોજ બિરસા મુંડાની ૧૪૨મી જન્મ જયંતી નિમિત્તે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ ગૌરવ દિવસમાં દેશની આઝાદી માટે આદિવાસી સમાજે આપેલા મહામૂલા યોગદાનનું પુણ્ય સ્મરણ કરીને અમારી કોલેજમાં ભગવાન બિરસા મુંડા અને તેમના જેવા આદિવાસી નેતા, મહાન વ્યક્તિત્વ અને જનજાતિ સમુદાયના નાયકોનો વારસો પ્રસારિત કરવામાં આવે તે હેતુથી આ પ્રસંગ પર સ્વાતંત્ર્ય સંગ્રામમાં જનજાતિ નાયકોનું યોગદાન વિદ્યાર્થી વચ્ચે યોજવામાં આવ્યું અને વિદ્યાર્થીઓ તેમના કાર્ય બદલ સન્માનિત કરવામાં આવ્યા અને કાર્યક્રમની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

**બિરસા મુંડા:**

મુંડા જનજાતિના બિરસા મુંડાનો જન્મ ૧૫ નવેમ્બર ૧૮૭૫ ના રોજ થયો હતો. ૧૯ મી સદીના અંતમાં બ્રિટિશ શાસન દરમિયાન, તેમણે આધુનિક બિહાર અને ઝારખંડના આદિવાસી પટ્ટામાં

ભારતીય આદિવાસી ધાર્મિક સહસ્ત્રાબ્દી ચળવળનું નેતૃત્વ કર્યું. બિરસા મુંડાની જન્મજયંતિ ઝારખંડ સ્થાપના દિવસ સાથે એકરુપ છે. તેઓ માત્ર આપણી રાજકીય સ્વતંત્રતાના હીરો જ નહોતા, પરંતુ તેઓ આપણી આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઉર્જાના વાહક પણ હતા.

આ દિવસે વડાપ્રધાને કહ્યું કે, ગુજરાત સરકાર વનબંધુઓના વિકાસ માટે સતત કાર્યરત છે. રાજ્યના આદિવાસી વિસ્તારોમાં રોડ, શિક્ષણ, આરોગ્ય, રોજગારીની સુવિધાઓ વધારી છે. આદિવાસી વિસ્તારમાં વિજ્ઞાનની શાળાઓ અને યુનિવર્સિટી બનાવી છે. તો આદિવાસી માતા - બહેનો સુધી વિકાસના અનેક લાભ પહોંચ્યા છે. ગુજરાત સરકારે અંગ્રેજો સમયના કેટલાક કાયદા દૂર કરીને પણ વનબંધુઓને ફાયદો પહોંચાડવાનો સતત પ્રયાસ કર્યો છે.

બિરસા મુંડા જન્મ જયંતીને જનજાતીય ગૌરવ દિવસ તરીકે ઉજવવાના નિમિત્તને વધુ સુચક અને અર્થસભર બનાવવાનું કહેતાં વડા પ્રધાને પોતાના ટ્વિટમાં કહ્યું હતું કે, આ દિવસ એ સાચા અર્થમાં આદિવાસી સમુદાયના ઉત્કર્ષ અને મંગલને સિદ્ધ કરવાનો અવસર છે. ‘વનબંધુ કલ્યાણ યોજના જેવા હિતકારી પ્રકલ્પો દ્વારા સૌનો સાથ , સૌનો વિકાસ એ જ અમારૂં ધ્યેય છે' .

**કાર્યક્રમની ઉજવણી:**

આ કાર્યક્રમની શરૂઆત સૌપ્રથમ સર્વ ધર્મ સમભાવ પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ અમારા અધ્યાપક ડૉ.આશાબેન પટેલ દ્વારા જન્મ જયંતી નિમિત્તે બિરસા મુંડાના જન્મ, તેમના કાર્ય, તેમના વિચારો અને તેમની જીવનશૈલી વિશે અમને માહિતગાર કર્યા. આદિવાસી વિસ્તારમાં સ્થપાયેલ આશ્રમશાળા ને, ત્યાં થતી શિક્ષણ પ્રક્રિયાથી પણ અમને અમારા અધ્યાપક ડૉ.આશાબેન પટેલે માહિતગાર કર્યા. જેનું મહત્વ પણ અમને સમજવવામાં આવ્યું અને જીવનમાં ભયમુક્ત થવા માટેના વિચારો પર ચાલવા બધા પ્રશિક્ષણાર્થીઓની પ્રેરિત કર્યા. આપણા આદિવાસી ભાઈ-બહેનોએ અંગ્રેજી શાસકોની વિદેશી તાકતોને બતાવી આપ્યું હતું કે, સ્વાભિમાન શું હોય છે. સામર્થ્ય શું હોય છે, પ્રકૃતિ અને પરંપરા માટે પ્રેમ શું હોય છે અને જીવનના અંત સુધી મૂલ્યો માટે અને દેશની આઝાદી માટે કેવી રીતે લડી શકાય છે તે બાબતે પણ જણાવ્યું.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય




ત્યારબાદ અમારા સહપ્રશિક્ષણાર્થી મિત્રો એ પણ બિરસા મુંડા નું કાર્ય, તેમના જન્મ અને તેમના વિશે અમને ભરપૂર માહિતી આપી. ત્યારબાદ આભારદર્શન અમારા અધ્યાપક ડૉ. જીગ્નેશભાઈ લીંબાસીયા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે આભારદર્શન માં અમને જણાવ્યું કે, આદિવાસી વિસ્તારમાં કે અંતરિયાળ વિસ્તારમાં સ્થપાયેલ જે આદર્શ નિવાસી શાળા હોય એ શાળામાં ચાલતી કામગીરી, શાળાનું મહત્વ સમજાવ્યું અને તેની અંદર થતી શિક્ષણની કામગીરી, શિક્ષકને મળતા રોજગાર ભથ્થા, વિદ્યાર્થીઓને મળતી સહાય વિશે અમને માહિતગાર કર્યા. આ કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં અમારા પ્રિન્સિપાલ ડૉ. રૂપલબેન માંકડે ખૂબ સારો સહયોગ આપ્યો. આ કાર્યક્રમનો youtube વીડીયો અમારી કોલેજ ની youtube ચેનલ-જ્ઞાનખંડ પર અપલોડ કરવામાં આવેલ છે. જેની લીંક https://youtu.be/cjvde8RRvZY આ પ્રમાણે છે.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

આભારદર્શન અને ફોટા સાથે આ કાર્યક્રમનું સુંદર રીતે આયોજન સંપૂર્ણ થયું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ.આશાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જે ખુબ સરસ રીતે સંપન્ન થયું.

# કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવ

**તારીખ : 22/09/2013**

શ્રી વિદ્યામંડળ – ગંગાજળા વિદ્યાર્થીષ્ઠ અલિયાબાડા સંચાલિત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિધાલયમાં કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવમાં જામનગર, જેતપુર તથા ધ્રોલની જાણીતી સંસાઓ મહાવિદ્યાલયની મહેમાન બની હતી તથા 15 થી વધુ સંસ્થાઓ અને છેલ્લા પાંચ વર્ષના અને હાલમાં ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા કૂલ 110 શિક્ષક ઉમેદવારો નોંધાયા હતા. સૌપ્રથમ કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવ માટે સવારે 9:00 ક્લાકે વિવિધ શાળાઓનું તથા ઉમેદવારોનું રજીસ્ટ્રેશન હાથ ધરવામાં આવ્યું હતુ ત્યારબાદ મીટીંગ હોલમાં જુદી જુદી સંસ્થાઓના મહેમાનો સાથે મહાવિધાલયના ટ્રસ્ટી શ્રી. આચાર્ય શ્રી મહાવિધાલયના પ્લેસમેન્ટ ઓફિસર અને અધ્યાપકો સાથે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સૌપ્રથમ પ્રાર્થના કરી ત્યારબાદ દીપ- પ્રાગટ્ય કર્યું હતું. ત્યારબાદ ડો.આશર સાહેબે આવકાર પરિચય આપ્યો




દરબાર ગોપાળદાસ શિક્ષ

અને ડી.રૂપલબેન મોડે સંસ્થા પરિચય તથા ડો. જીજ્ઞેશ લીંબાચિયાએ પ્લેસમેન્ટની ભૂમિકા સમજાવી અને સમગ્ર શાળા સંચાલકોનો પ્લેસમેન્ટ ડ્રાઇવમાં ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોલેજના અધ્યાપક શ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લાની વિવિધ




પ્રાથમિક, માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાંથી સંચાલક શ્રીઓ. આચાર્ય શ્રીઓ કેમ્પસ ડાઇરેકટર શ્રીઓ અને સિનિયર સુપર વાઇસર શ્રીઓ તેમ ત્રણ થી પાંચ લોકોની ટીમ સાથે કુલ 35 પ્રતિનિધિઓ આવેલા હતા. તેમાંથી દરેક શાળામાંથી એક પ્રતિનિધિએ પોતાની સંસ્થા તથા શાળાનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ બધી શાળાઓને




ઇન્ટરવ્યૂ લેવા માટે મહાવિદ્યાલય દ્વારા અલગ અલગ ખંડોની સુવિધા પૂરી પાડી હતી અને તે ખંડમાં સમગ્ર વ્યવસ્થા માટે કોલેજના અધ્યાપકો સાથે પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ સકભાગી બન્યા હતા.

ત્યારબાદ 10 કલાકે દરેક શાળાઓએ ઉમેદવારોના ઇન્ટરવ્યૂ લેવાની શરૂઆત કરી હતી. ઇન્ટરવ્યૂ માટે દરેક ખંડમાં પ્રવેશ મેળવવા માટે ટોકનની વ્યવસ્થા કરવામાં આવી હતી ત્યારબાદ એક પછી એક ઉમેદવારો ઇન્ટરવ્યૂ આપવા માટે જતા હતાં. આ સમગ્ર ઇન્ટરવ્યૂ કાર્યક્રમ 0100 વાગ્યા સુધી ચાલ્યું હતું. ત્યારબાદ ઇન્ટરવ્યૂ દરમિયાન શાળાઓમાંથી આવેલા પ્રતિનિધિઓ માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ સમગ્ર કાર્યક્રમના અંતે આવેલા ઉમેદવારો માટે પણ ચા-નાસ્તાની વ્યવસ્થા કોલેજ દ્વારા કરવામાં આવી હતી.




આ પ્લેસમેન્ટ ડ્રાઇવ કુલ 85 શિક્ષકોની જગ્યા માટે યોજવામાં આવી હતી. તેમાંથી અમારી કોલેજના 50 પ્રશિક્ષણાર્થીઓની નિમણૂક થઇ હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થામાં કાર્યકર્તાઓની જેમ અમારા પ્રથમ વર્ષના વિધાર્થીઓએ કામ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમની મોટી સફળતા પાછળ ખૂબ સાતત્ય પૂર્ણ પરિશ્રમ પ્લેસમેન્ટ ઓફિસર ડૉ. જીજ્ઞેશભાઈ લીમ્બાચીયાનો હતો. જેમણે આયોજન થી અમલીકરણ સુધી પોતાના મહત્તમ પ્રયાસ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તથા સમગ્ર મહાવિદ્યાલય ટીમ કાર્યક્રમને સળ બનાવવા પ્રતિબધ્ધ રીતે કાર્યશીલ રહી હતી કાર્યલક્રમની સતા ઉમેદવાર મિત્રોના ફીડબેક દ્વા સ્પષ્ટ થઇ હતી. આમ, મહાવિધાલયની પ્રથમ કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવ સફળતાપૂર્વક પૂર્ણ થઇ હતી.

# વાર્તા થી વારતા

**ષષ્ટિપૂર્તિ વર્ષ પ્રસંગે...**

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શ્રી ગંગાજળા વિદ્યામંડળ સંચાલિત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડા ના સંયુક્ત ઉપક્રમે એક દિવસિય વાર્તા શિબિર કાર્યક્રમ "વાર્તાથી વારતા".

- **અમારી વાર્તા:**

કેળવણીકાર અને સારસ્વત વિદ્વાન ડો. ડોલરરાય રંગીલદાસ માંકડની કર્મભૂમિ એટલે ગંગાજળા વિદ્યાપીઠ-અલિયાબાડા, શિક્ષણની સાથે કેળવણીની કેડી કંડારવાનો સંનિષ્ઠ પ્રયાસ એટલે દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિધાલય, અલિયાબાડા. જ્ઞાન, શ્રમ અને સમાજ સેવાના મૂળભૂત ધ્યેય સાથે છેલ્લા 60 વર્ષોથી ઉત્તમ શિક્ષક અને આદર્શ જીવન ઘડતર માટેનો સંસ્થા પરિવારનો પ્રયાસ રહ્યો છે. મહાવિધાલય છેલ્લા છ દાયકાની સફરમાં ઘણા પ્રયોગો અને પ્રયાસના પરિપાક રૂપે ઉત્તમ શિક્ષકોનું નિર્માણ કરી શક્યું છે. કેળવણીથી માનવ નિર્માણ અને સમાજ ઉત્કર્ષના ધ્યેય સાથે કાર્યરત મહાવિધાલય પરિવાર અનોખા પ્રયોગો કરી રહ્યું છે. સાંપ્રત પ્રવાહો સાથે રહેતા પોતીકા અને શાશ્વત મૂલ્યો સાચવવા હજુ આજે પણ પ્રતિબદ્ધ છે.




**●વાર્તાશિબિરની ભૂમિકા :-**

વાર્તા શું છે? આમ તો માનવ જીવન જ એક વાર્તા નથી શું? જીવનમાંથી પ્રગટ થતી વાર્તા જીવન ઘડે પણ છે. વાર્તા પ્રાચીન અને સર્વકાલીન છે. વાર્તા માનવ જીવનની અત્યંત નજીક પડતું એવું સાહિત્ય સ્વરૂપ છે કે જે ભાવાત્મક મૂલ્યને સ્પર્શે છે. જીવન મૂલ્યોના ઘડતર માટે વાર્તા આવશ્યક છે. વાર્તામાં કથા, ઘટના, ચરિત્ર-પાત્રા લેખન, પરિવેશ- સ્થળ, કાળ, વાતાવરણ જેવા ઘટકોનો સમાવેશ થાય જે જીવાતા જીવનમાંથી આવે છે માટે છેક હ્રદય સુધી પહોંચે છે. આપણા વિચારોને બદલાવી શકવાની ક્ષમતા, પ્રેરણા આપવાની અને આત્મવિશ્વાસ સાથે વ્યકિતને ઊભી કરવાની તમામ શકિત વાર્તામાં રહેલી છે. બાળક માટે વાર્તા એક અદ્દભુત, રમ્ય અને સ્વર્ગીય દુનિયામાં દોરી જનાર દોસ્ત બને છે. બાળકો માટે કે વયસ્કો માટે વાર્તા મનોરંજન અને જીવન

ઘડતરનું સાધન છે. શિક્ષકો વાર્તાને માધ્યમ બનાવી બાળકોમાં જ્ઞાન સિંચન કરે તો વર્ગ સ્વર્ગ બને અને જ્ઞાન શાશ્વત બને તે વાર્તા શિબિરનો મુખ્ય હેતુ છે.



ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા વાર્તા શિબિરનું આયોજન થયું. સર્વશ્રી ઈશ્વરભાઈ પરમાર, કે જેમણે બાળવાર્તા થી ઘડાતું બાળ મનોવિશ્વ વિશે સહજ,ઉદાહરણો સાથે વાત મૂકી. બીજા વક્તા શ્રી કિરીટ ગોસ્વામી જેમણે





બાળવાર્તા નાં રચના આયામો વિશે આધાર અને અભ્યાસપૂર્ણ વાત મૂકી તો શ્રી તરૂણ ભાઈ કાટબામણા એ વાર્તા પ્રસ્તુતિ અંગે રસાળ શૈલીમાં પ્રયોગો કરી વાર્તાનો આનંદ હેતુ બર લાવી દીધો.વાર્તા જીવન માંથી ઉદભવે છે અને જીવનને ઘડે છે ત્યારે શિક્ષકોનું હાથવગું સાધન વાર્તા છે. શિક્ષકો બાળ વાર્તા શીખે,રચે અને સારી રીતે પ્રસ્તુત કરે તે તેમની પાસે અપેક્ષિત છે. રહી વાત આ માટે તેમને તક આપવાની..!! મહાવિદ્યાલય ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનાં સહયોગથી આ કાર્ય કરી શક્યું છે. જામનગર જિલ્લાની અન્ય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ, કેટલીક શાળાના શિક્ષકો અને આમંત્રિતો પણ જોડાયા તેનો આનંદ સવિશેષ છે. મહાવિદ્યાલયની ટીમ એકજૂટ થઈ કાર્ય સંપન્ન કરવામાં જોડાઈ અને સફળતાને આંબી ગઇ. સહુને અભિનંદન!!!

સમગ્ર સંસ્થા પરિવાર જોડાયો સહુએ વાર્તા અને ભોજન નો સહિયારો આનંદ માણ્યો. વિદ્યાર્થીઓના રસપ્રદ પ્રતિભાવ મહાવિદ્યાલય ટીમને ફરી કામ કરવા ઉત્સાહ પ્રેરે છે. ટ્રસ્ટી શ્રી આશર સાહેબ ની પૂર્ણ દિવસ માટેની હાજરી ખૂબ બળ પ્રદાન કરનારી રહી. બાળ સાહિત્ય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ સુધી પહોચવું જરૂરી છે અને તે તરફ એક ડગલું મંડ્યાનો અમને સંતોષ છે.





- **પ્રથમ બેઠક :-**

સૌપ્રથમ મહેમાનોનું સ્વાગત થયું હતું. કંકુ ચોખા દ્વારા અને ત્યારબાદ સૌએ પ્રાર્થના કરી હતી, અને ત્યારબાદ દીપ પ્રાગટ્ય કર્યું હતું . સર્વે મહાનુભાવોનું સુતરની આટીની સુત્રમાળાથી સન્માન કર્યું હતું . શ્રી કિરીટભાઈ ગોસ્વામીને રાષ્ટ્રીય પુરસ્કાર મેળવેલ હોવાથી તેમનું સાલથી વિશિષ્ટ સન્માન કર્યું હતું.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય



ટ્રસ્ટી શ્રી માનનીય દિલીપસિંહ આશર સાહેબ એ સર્વે મહાનુભાવોને આવકાર્ય અને સર્વે મહાનુભાવોના વિશે માહિતગાર કર્યા. ત્યારબાદ આચાર્યશ્રી ડો. રૂપલબેન માકડ એ "શિબિર એટલે કે જેમાં સહુ સાથે મળીને વિચારે કાર્યમાં જોડાય અને વાર્તાનો તત્વ શું છે તે અંગેનું તેમને દ્રષ્ટિ બિંદુ સ્પષ્ટ કરતું વક્તવ્ય આપ્યું હતું." આદરણીય શ્રી ઈશ્વરભાઈ પરમાર જે બાળ સાહિત્ય વિશે ઊંડાણ ભર્યો અભ્યાસ કર્યો છે. તેમણે બાળવાર્તા થી ઘડાતો બાળ મનો વિશ્વ વિશે સહજ ઉદાહરણો સાથે વાત મૂકી પોતાના અનુભવેલા પ્રસંગોને વર્ણવ્યા હતા, અને વાર્તા શું છે તેમણે બાળકો માટે તે કેટલી જરૂરી છે અને તેનું વર્ણન કર્યું હતું.

બાળક જેનો ભાવિક છે બાળમાનસ જે વ્યક્ત કરે છે અને તેને સંતોષે છે તેવું બાળ ભોગે લખાયેલ સાહિત્ય એટલે બાળસાહિત્ય બાળ સહિત્ય નિમિત્તે બાળકોને કથારસ પહોંચાડવો જ જોઈએ સાથે જીવંત ભાષાનો પરિચય કરાવવાનો પ્રયત્ન પણ કર્યો. બાળસાહિત્યમાં બાલકથા શિક્ષણનું મહત્વનું સાધન ગણાય છે એવી સુંદર માહિતી આપી.






- **દ્વિતીય બેઠક :-**

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

શ્રી કિરીટ ગોસ્વામી જેમણે બાળ વાર્તા ના રચનાના આયામો અભ્યાસ સંપૂર્ણ વાત મૂકી તેના વક્તવ્યમાં જણાવ્યું હતું કે વાર્તાઓ પરથી બોધ મળે તેવી વાર્તાઓ બાળકને કરવી જોઈએ બોધ પરથી વાર્તાઓ બાળકોને ઓછી કરવી જોઈએ બાળકો વાર્તામાંથી જ પોતાની જાતે બોધ મેળવી લે, વાર્તા અને અંતે બોધ કરવાની જરૂર ન રહે તેવા સ્વરૂપની વાર્તાઓની રચના કરવી જોઈએ. ત્યારબાદ શ્રી તરુણભાઈ કાટબામણા જેમણે “વાર્તા પ્રયોગો અને પ્રસ્તુતિ” જેવા વિષય પર તેમણે વાર્તા પ્રસ્તુતિ અંગે રસાળ શૈલીમાં પ્રયોગો કરી વાર્તા નો આનંદ હેતુ બર લાવી દીધો વાર્તાની રચના કરતા ન આવડે તો કંઈ નહીં પરંતુ વાર્તા નું કથન કેવી રીતે કરવું તે મહત્વનું છે. વાર્તા રસ પડે તેવી રીતે બાળકોને સમક્ષ રજૂ કરવી જોઈએ. વાર્તામાં પ્રાણીઓનું વર્ણન આવતું હોય તેવા અવાજમાં વાત કરવી જેથી બાળકોને વધુ રસ પડે ત્યારબાદ તેઓએ અમારી સૌ વચ્ચે આવીને વાર્તા ની આદર્શ રજૂઆત અને રસપ્રદ રીતે અભિવ્યક્તિ કરી હતી અને અંતે ડો. પ્રશાંત સર ઉપસ્થિત તમામ મહેમાનોનું આભાર વ્યક્ત કર્યું



- **તૃતીય બેઠક :-**

તૃતીય બેઠકની પ્રારંભમાં ડો.આશાબેન પટેલ દ્વારા શબ્દ પુષ્પથી મહેમાનશ્રીઓને આવકાર્યા હતા. તૃતીય બેઠક મા બંને બેઠકમાં વક્તવ્ય દ્વારા રજૂ થયેલ વાર્તાનું કથન અને વાર્તાના ઘટકો ના સંયુક્ત ઉપયોગ દ્વારા વાર્તાની રચના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વાર્તા શિબિર નો પ્રતિભાવ માટે એસ. ડી.





મેહતા કોલેજના અધ્યાપિકા શ્રી શ્રુતિબેન દ્વારા આપવામાં આવ્યો હતો. ત્યારબાદ પિયુષભાઈ પંડ્યા દ્વારા આગવી શૈલીમાં વાર્તાનું રસાસ્વાદ કરવામાં આવ્યું હતું જેમાં ચકલીની વાર્તા રજૂ કરી હતી. ત્યારબાદ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી વાર્તાનું પઠન કરવામાં આવ્યું હતું .તરુણભાઈ એ વાર્તાની રજૂઆત માટે અભિનંદન પાઠવ્યા અને સર્વેને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં માનનીય શ્રી આશર સર સર્વેને સંબોધન પાઠવ્યું હતું અને પોતાના વાર્તા ભંડોળમાંથી રસપ્રદ





વાર્તાઓની રજૂઆત કરી હતી. કાર્યક્રમના અંતમાં આભાર વિધિ માટે ડો. જીજ્ઞેશ સર દ્વારા સમાપન કરવામાં આવ્યું હતું. આવા શુભ કાર્યક્રમ બદલ ગુજરાત સાહિત્ય અકાદમી તેમજ આચાર્યશ્રી ડો. રૂપલબેન માકડનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.










## દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

અમને સૌને અમૂલ્ય અનુભવ પ્રાપ્ત થયો છે, જે બદલ ગુજરાત સાહિત્ય અકાદમીનો આ તકે શ્રી ગંગાજળા વિદ્યામંડળ સંચાલિત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડા આભાર વ્યક્ત કરે છે.



# અનુબંધમ પોર્ટલ અને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર



**તારીખ : 24/1/2023**


દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય ની અંદર તારીખ 24-1-2023 ના રોજ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. કારકિર્દી માર્ગદર્શન સેમિનારની અંદર માર્ગદર્શક તરીકે અંકિતભાઈ ( કેરિયર કાઉન્સિલર ) આવ્યા હતા તેમનું સ્વાગત અમારા કોલેજના પ્રશિક્ષણાર્થી મિત્ર એ કર્યું હતું.



આ કાર્યક્રમની શરૂઆત 12:00 વાગ્યે થઈ હતી. દરબાર ગોપાળદાસ શિક્ષણમહાવિદ્યાલયના પ્રાધ્યાપક ડો. જીગ્નેશ સરે કાર્યક્રમની ટૂંકમાં માહિતી આપી, ત્યારબાદ અંકિતભાઈ એ કાર્યક્રમનો પ્રારંભ કર્યો.

અંકિતભાઈ એ અમારી કોલેજના પ્રાંગણ અને વાતાવરણના ખૂબ વખાણ કર્યા. તેને કહ્યું કે કોલેજના વાતાવરણ પરથી વિદ્યાર્થીઓને સંસ્કારનો ખ્યાલ આવે છે. અંકિતભાઈ PPT ના આધારે કારકિર્દી માર્ગદર્શન સેમિનારની સમજ આપી. તેમને સમજાવ્યું કે રોજગાર મેળવવું કેટલું મહત્વનું છે. તેમને કહ્યું હતું કે, આપણી પાસે હંમેશા પ્લાન બી તૈયાર હોવું જોઈએ .આપણે પ્લાન એ માં સફળતા ના મળે તો પ્લાન બી તૈયાર હોય તો આપણે








ક્યાંય અટકતા નથી. જેટલું પુરુષો માટે રોજગાર મહત્વનું છે, એટલું જ સ્ત્રીઓ માટે પણ જરૂરી છે.તેમને કમાવાના ચાર રસ્તા કહ્યા હતા.

કમાવાના ચાર રસ્તા :

- સરકારી નોકરી
- પ્રાઈવેટ નોકરી
- ધંધો
- ચોરી




આપણે ક્યાં રસ્તા પર જવું એ આપણા હાથમાં છે જો અત્યારે આપણે કરિયર વિશે ના વિચારીએ તો ચોરી કરવાનો અને ભીખ માંગવાનો વારો આવશે જેવી સમજ આપી હતી. ત્યારબાદ તેમને અનુબંધમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાનું કહ્યું અને તે માટેના જરૂરી ડોક્યુમેન્ટ નું સૂચન કર્યું.

**રોજગાર કચેરી હેલ્પલાઈન નંબર- 6357390390**

**whatsapp નંબર- 02882564654**

આ કાર્યક્રમ બે કલાક ચાલ્યો તેમાં બી.એડના બંને વર્ષના તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા. આ સેમિનારના અંતે પ્રાધ્યાપક શ્રી ડો. પ્રશાંત


**અલીયાબાડા ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો**

જામનગર તા.૩૦: જામનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલીયાબાડા ખાતે કારકિર્દી અને રોજગારલક્ષી સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મદદનીશ પ્રાધ્યાપક શ્રી ડૉ.જીગ્નેશ એમ લીમ્બાચીયા દ્વારા પ્રાસંગિક ઉદબોધન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ રોજગાર કચેરીના કેરિયર કાઉન્સેલર અંકીતભાઈ ભટ્ટ દ્વારા અનુબંધમ પોર્ટલ વિષે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવેલ અને એપ્લીકેશન દ્વારા ઓન ધી સ્પોટ રજીસ્ટ્રેશન કરાવી રોજગાર કચેરીની કામગીરી રજીસ્ટ્રેશન પ્રક્રિયા અને ભરતીમેળાઓ વિષે પીપીટી દ્વારા વિશેષ માહિતી આપવામાં આવી હતી. સેમીનારના અંતમાં ઉચ્ચ અભ્યાસ અનુસ્નાતક માટે વિવિધ તકો અને રોજગારીની તકો વિષે વિસ્તૃત માર્ગદર્શન અંકીતભાઈ ભટ્ટ દ્વારા આપવામાં આવ્યા હતા.

સેમીનારના અંતે મદદનીશ પ્રાધ્યાપકશ્રી ડૉ.પ્રશાંતભાઈ કે. ચૌહાણ દ્વારા આભારદર્શન કરીને આવા સેમીનાર દરેક કોલેજમાં થાય અને વિદ્યાર્થીઓને રોજગારીની તકો અને કચેરી વિષે માહિતી તેમજ અનુબંધમ પોર્ટલનો ઉપયોગ થાય એવા ઉદબોધન સાથે સેમીનાર પૂર્ણ કરવામાં આવેલ. આ સેમીનારમાં ૯૮ ભાઈઓ બહેનોને માહિતી માર્ગદર્શન પીપીટી દ્વારા ખૂબજ સહજ અને સરળ રીતે પૂરું પાડવામાં આવેલ. આ કાર્યક્રમમાં રોજગાર કચેરીના કેરિયર કાઉન્સેલર અંકીતભાઈ ભટ્ટ આચાર્યશ્રી ડૉ.રૂપલબેન એસ માંકડ, પ્રાધ્યાપકશ્રી ડૉ.આશાબેન એમ પટેલ, મદદનીશ પ્રાધ્યાપકશ્રી ડૉ.પ્રશાંતભાઈ કે ચૌહાણ, ડૉ.નિધીબેન ડી અગ્રાવત અને કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સરે આભાર વિધિ કરીને આ સેમીનાર દરેક કોલેજમાં થાય અને વિદ્યાર્થીઓને રોજગારીની તકો અને કચેરી વિશે માહિતી તેમજ અનુબંધન પોર્ટલ નો ઉપયોગ થાય તેવા ઉદબોધન સાથે સેમિનાર પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# આનંદ મેળો

અમારી કોલેજ દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડામાં અનેકવિધ પ્રવૃતિનું આયોઅન કરવામાં આવે છે. જેમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય શિક્ષા પરિષદ અંતર્ગત "કેમ્પસ બાઝાર" અંતર્ગત આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આનંદ મેળાના સફળ અમલીકરણ માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય શિક્ષા પરિષદના કોર્ડિનેટશ્રી ડો. પ્રશાંત ચૌહાણ દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ માટે એફ.વાય અને એસ.વાય્ના તાલીમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.આથી અમારી કોલેજના એફ્વાય અને એસવાય બંને વર્ષના તાલીમાર્થીઓએ આ આનંદ મેળા ની અંદર ભાગ લીધો અને તેને સફળ બનાવવા માટે ખૂબ જ મહેનત કરી હતી. આનંદ મેળામાંકુલ છ સ્ટોલ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં દરેક સ્ટોલમાં અવનવી વાનગી અને ખાણીપીણી રાખવામાં આવી હતી.



આ આનંદમેળો સંસ્થાના ટ્રસ્ટીશ્રી આશરસાહેબના હસ્તે ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો. આનંદ મેળાના માર્ગદર્શક્શ્રી ડો. પ્રશાંત સર ચૌહાણ દ્વારા તમામ પ્રકારની માહિતી પ્રશિક્ષણાર્થી મિત્રોને પૂરી પાડવામાં આવી હતી અને ડો. રૂપલબેન માકડ દ્વારા પણ બધા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેથી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયના તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક આનંદ મેળામાં ભાગ લીધો હતો. ડો. રૂપલબેન માકડ, ડો. આશાબેન પટેલ, ડો. જીગ્નેશ સર લીમ્બાચીયા અને ડો. નિધીબેન અગ્રાવત દ્વારા પણ આનંદ મેળામાં ભાગ લેવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

ડો. પ્રશાંત સર ચૌહાણ દ્વારા આનંદ મેળા અંતર્ગત આવતી સમસ્યાઓ અને પ્રશ્નોના સમાધાન લાવવાના કાર્યમાં માર્ગદર્શક ની અગત્યની ભૂમિકા ભજવી હતી પ્રશિક્ષણાર્થી મિત્રોને જ્યાં મદદની જરૂર હોય ત્યાં ડો. પ્રશાંત સર ચૌહાણ પોતે હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં તેમણે વધારો કરેલ છે

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય ના પ્રશિક્ષણાથી મિત્રો અને અધ્યાપક મિત્રો એ સાથે મળીને તારીખ 28 /3 /2023 ના રોજ સવારે 10 વાગ્યે આનંદમેળા નુ આશર સાહેબના હસ્તે શુભ ઉદ્ઘાટન કરેલું હતું

આમ, આનંદ મેળા અંતર્ગત કુલ છ સ્ટોલ રાખવામાં આવેલા હતા જેમની માહિતી નીચે મુજબ છે

સ્ટોલ નંબર 1

સ્ટોલ નું નામ :મનમોજી નાસ્તા હાઉસ

બેચ :એફ્વાય ના પ્રશિક્ષણાર્થી મિત્રો

ભાગ લેનાર પ્રશિક્ષણાર્થી મિત્રો ના નામ

1] ચૌહાણ દિપ્તીબેન
2] ચૌહાણ હર્ષાબેન
3] દવે સોહમભાઈ
4] જેઠવા વૈશાલી બા
5] ઠાકર કિશોરભાઈ
મેન્યુ
મેજિક મસાલા મકાઈ
ભુંગળા બટેકા
શરબત
સ્ટોલ : નંબર 2
સ્ટોલ નું નામ : ઝીંગા લાલા હો હો
બેચ : એસવાય ના પ્રશિક્ષણાર્થી મિત્રો
ભાગ લેનાર પ્રશિક્ષણાર્થી મિત્રો ના નામ
1] ઠક્કર તેજષરીબેન
2] જીલબેન

મેનુ
બ્રેડ એંગલ પિઝ્ઝા
કોલ્ડ્રિંક્સ અને ચોકલેટ

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

સ્ટોલ નંબર 3
બેચ :એસવાય ના પ્રશિક્ષણાર્થી મિત્રો
ભાગ લેનાર પ્રશિક્ષણાર્થી મિત્રો ના નામ
1] ભૌતિકભાઈ
2] વિજયભાઈ
3] ક્રિષ્નાબેન
મેનુ



સ્ટોલ નંબર 4
સ્ટોલ નું નામ : રંગીલા ચાટ હાઉસ
બેચ: એફવાય ના પ્રશિક્ષણાર્થી મિત્રો
ભાગ લેનાર પ્રશિક્ષણાર્થી મિત્રો ના નામ
1] લાંબા જતિનભાઈ
2] પંચાસરા ભક્તિબેન
3] સોલંકી રીનાબેન
4] માવ માનસી બેન
5] મહેતા ગૌરવભાઈ

6] દતાણી ધારાબેન
મેન્યુ
રંગીલા રસ્તો અને ચાટ પુરી

સ્ટોલ નંબર 5
સ્ટોલ નુ નામ
બેચ : એફ્વાય ના પ્રશિક્ષણાર્થી મિત્રો
ભાગ લેનાર પ્રશિક્ષણાર્થી મિત્રો ના નામ
1] વાળા રીતુ બા
2] ડિમ્પલબેન કાપડિયા
3] મારુ સુમનબેન
4] નાંગર નીતાબેન
મેન્યુ
દહી વડા અને લચ્છી

સ્ટોલ નંબર 6
સ્ટોલ નું નામ
બેચ : એસ વાય તથા અફ્વાય ના પ્રશિક્ષણાર્થી મિત્રો ભાગ લેનાર પ્રશિક્ષણાર્થી મિત્રો ના નામ
૧ ) ચુડાસમા વિશાલ એચ (s.y)
૨ ] વાછાણી ભવ્યેશ ભાઈ
૩] ધુમરા સુનેહરા બેન
૪] રાયઠઠા ઋષિભાઈ
૫] શેખ રુકસાર બેન



મેન્યુ
મસાલા મેગી

તાલુકા શાળા અલીયાબાડા,શ્રી કન્યા શાળા અને આશ્રમશાળાના વિદ્યાર્થીઓને આ આનંદ મેળા નો લાભ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. બધી શાળાઓના કુલ મળીને આનંદમેળામાં 250 થી વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. શાળાના વિદ્યાર્થીઓ માટે વ્યાજબી ભાવે ખાવા પીવાની વસ્તુઓ ઉપલબ્ધ હતી. તેમનો લાભ તમામ પધારેલા શાળાના વિદ્યાર્થીઓએ લીધો હતો.

આનંદ મેળા અંતર્ગત મોટાભાગના સ્ટોલ પર પ્રોફિટ થયેલું જોવા મળે છે. આનંદ મેળા અંતર્ગત સવિશેષ ફાળો ડો.પ્રશાંત સર ચૌહાણને જાય છે તેમણે આનંદ મેળા નુ આયોજન અને સંચાલન ખૂબ જ સુંદર રીતે કરેલ છે.

# ઉન્નત ભારત અભિયાન

**તારીખ : ૨૦/૦૨/૨૦૨૩**

ઉન્નત ભારત અભિયાન એ ભારતના સૌથી મોટા સરકારી યોજનાઓમાંથી એક છે, જે ભારતના વિકાસ અને પ્રગતિને આધાર બનાવે છે. આ યોજનાનું ઉદ્દેશ હિંમત અને સમૃદ્ધિની સૃષ્ટિ કરવું છે અને સામાજિક, આર્થિક અને પ્રાકૃતિક પરિસ્થિતિઓ પર પોષક પડતું હતું. ઉન્નત ભારત અભિયાન ૨૦૨૩ નવીનતા અને પ્રગતિની સૃષ્ટિ કરવા માટે પરિશ્રમ કરી રહે છે. એ વિવિધ ક્ષેત્રોમાં વિકસિત પ્રવાહનું સમર્થન કરે છે, જે આર્થિક સ્થિતિને સુધારે છે. આમ લોકોને કુટીર સરકારી મકાનનું પ્રદાન કરવામાં મદદ કરી રહે છે.




દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય ઉન્નત ભારત અભિયાનના તહેવાર સાથે જોડાયેલ છે. ઉન્નત ભારત અભિયાન ભારતના વિકાસની અગાઉ દશકના સ્પષ્ટ લક્ષો પર કામ કરે છે અને શિક્ષણ સહિત કોઈપણ પાછળ છૂટેલી જાતિઓ અને અધિકારીઓને આર્થિક અને સામાજિક રૂપરેખાંકિત કરવાની કોશિશ કરે છે. દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય જે ઉન્નત ભારત અભિયાનના સાથે જોડાયેલ છે, તેનું લક્ષ્ય સ્થાનિક ક્ષેત્રોમાં શિક્ષણને ઉત્તમ બનાવવું અને તેની ગુણવત્તાને વધારવું છે.



આ અભિયાન અંતર્ગત બીએડના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ માંથી પાંચ અલગ અલગ જૂથ પાડવામાં આવ્યા અને પાંચ અલગ અલગ ગામમાં શેરી નાટક ભજવવામાં આવ્યું. જેમાંના





પાંચ જૂથમાંથી પહેલા જૂથ જેના પ્રતિનિધિ તરીકે પંચાસરા ભક્તિબેન ને નિયુક્ત કરવામાં આવ્યા અને તેમને અલિયા ગામ સોંપવામાં આવ્યું તેમજ બીજો જૂથ જેના પ્રતિનિધિ તરીકે દત્તાણી ધારાબેન ને નિયુક્ત કરવામાં આવ્યા અને તેમને બાળા ગામ સોંપવામાં આવ્યું તેમજ ત્રીજા જૂથના પ્રતિનિધિ તરીકે વાછાણી ભવ્યેશભાઈને નિયુક્ત કરવામાં આવ્યા અને તેમને શેખપાટ ગામ સોંપવામાં આવ્યું તથા ચોથા જુથના પ્રતિનિધિ તરીકે દવે સોહમભાઈને નિયુક્ત કરવામાં આવ્યા અને તેમને સૂર્યપરા ગામ સોંપવામાં આવ્યું તેમજ બાજુમાં જૂથના પ્રતિનિધિ તરીકે જેઠવા વૈશાલીબાને નિયુક્ત કરવામાં આવ્યા અને તેમને મોડા ગામ સોંપવામાં આવ્યું.

ળદાસ શિક્ષણ મહાવિદ્યાલય



જેમાંનું પહેલું જૂથ અલિયા ગામની મુલાકાતે ગયું હતું અને આ જૂથના નાટકની થીમ હતી "સોલાર વાપરો વીજળી બચાવો" આ નાટક ગામના શિવ મંદિર પાસે કરવામાં આવ્યું હતું. નાટક સવારના 11:00 કલાકે રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં દરબાર ગોપાળદાસ

શિક્ષણ મહાવિદ્યાલય ના આચાર્યશ્રી રૂપલબેન માંકડ તથા ગામના લોકો તેમજ શ્રી તાલુકા પ્રાથમિક શાળા ના શિક્ષક ગણ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતા. આ નાટક ગામના લોકોમાં વીજળી શા માટે બચાવી જોઈએ અને તેનો દુરૂપયોગ થતા ટાળવો જોઈએ તેની જાગૃતતા લાવતું હતું અને સૂર્ય ઉર્જા શું છે અને તેનાથી સોલાર નો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે સમજાવતું હતું. આ નાટકમાં ઉપસ્થિત રહેલ તમામ લોકોનો ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો.




બીજું જૂથ બાળા ગામની મુલાકાતે ગયું હતું અને આ જૂથના નાટકની થીમ હતી "જાગૃતતા લાવો પૈસા બચાવો". આ નાટક ગામની પ્રાથમિક શાળામાં કરવામાં આવ્યું હતું. નાટક સવારના 11:00 કલાકે રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં ગામની શાળાના આચાર્યશ્રી તેમજ શિક્ષક ગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતા. આ નાટક સાઇબર ક્રાઈમ શું છે અને તેનાથી બચવું જોઈએ તે માટેની જાગૃતિ લાવવા રજૂ કરવામાં આવ્યું હતું. નાટક પૂર્ણ થયા બાદ પ્રાથમિક શાળાના સર્વે લોકોના ખૂબ જ સારો હકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.

ત્રીજું જૂથ શેખપાટ ગામની મુલાકાતે ગયું હતું અને આ જૂથના નાટકની થીમ હતી "વૃક્ષો વાવો, વરસાદ લાવો". આ નાટક ગામની પ્રાથમિક શાળામાં કરવામાં આવ્યુ હતું તેમજ નાટક સવારના 11:00 કલાકે રજૂ કરવામાં આવ્યો હતો જેમાં દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય ના અધ્યાપક ડો. જીગ્નેશભાઈ લીમ્બાચીયા તથા ગામની શાળાના આચાર્ય શ્રી તેમજ શિક્ષક ગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતા. આ નાટક ગામના લોકોમાં



વૃક્ષોની જાળવણી કરવી જોઈએ તેને કાપવા ન જોઈએ તેમજ તે બધા જીવો માટે કેટલા ઉપયોગી છે અને વૃક્ષો વરસાદ લાવે છે તે સમજાવતું હતું. નાટકના અંતે શાળાના સૌએ તાલીઓના ગળગળાટથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું તેમજ આચાર્યશ્રીએ તેમનો પ્રતિસાદ આપ્યો હતો.

ચોથું જૂથ સૂર્યપરા ગામની મુલાકાતે ગયું હતું અને આ જૂથના નાટકની થીમ હતી "એક ડગલું સ્વચ્છતાથી આરોગ્ય તરફ". આ નાટક ગામના રામ મંદિર પાસે 11:00 કલાકે રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં ગામની પ્રાથમિક શાળા ના આચાર્યશ્રી તથા શિક્ષક ગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતા. આ નાટક ગામના લોકોમાં બધા માટે સ્વચ્છતા કેટલી જરૂરી છે અને જો સ્વચ્છતા ન હોય તો આરોગ્ય ઉપર કેવી અસર પડે છે તેની જાગૃતિ માટેનું હતું. જેમાં ઉપસ્થિત સર્વે લોકોએ શાંતિથી નિહાળ્યું હતું અને અંતે ખૂબ જ સુંદર પ્રતિસાદ આપ્યો હતો.

પાંચમુ જૂથ મોડા ગામની મુલાકાતે ગયું હતું હતો. આ જૂથના નાટકની થીમ હતી "દીકરો દીકરી એક સમાન દેશ વિકાસનું લક્ષ્ય મહાન". આ નાટક ગામના રામ મંદિર પાસે સવારના 11 કલાકે રજૂ કરવામાં આવ્યું હતુ. જેમાં દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયના અધ્યાપક ડો. પ્રશાંતભાઈ ચૌહાણ તથા ગામની શાળાના આચાર્યશ્રી અને શિક્ષક ગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા આ નાટક ગામના લોકોમાં જે કુરિવાજો છે કે બાળકીનો જન્મ થતાં તેને દૂધ પીતી કરી દે છે તેને દૂર કરવું અને દીકરી સમાજમાં સમાન હક ધરાવે છે અને દીકરીને શિક્ષિત કરવી જ જોઈએ તેની જાગૃતતા લાવતું હતું જેમાં ત્યાં ઉપસ્થિત સર્વે લોકોએ માણ્યું હતું અને ખૂબ જ સારો પ્રતિસાદ આપ્યો હતો.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

આમ, પ્રેરણાની નવી કિરણ સાથે ઉન્નત ભારત અભિયાન અંતર્ગત કરેલી ઝુંબેશ નું હર્ષોલ્લાસ સાથે સમાપન થયું હતું.

# વિશ્વ માતૃભાષા દિવસ

બધી દિશાઓમાંથી શુભ વિચારો પ્રાપ્ત કરવા માટે દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય પરિવાર ફરી એક અનોખા કાર્યક્રમમાં જોડાયો હતો. 21 ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી અને મહાવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે "ગીરા ગુર્જરીનું મહિમાગાન" કાર્યક્રમ યોજાયો. મુખ્ય વક્તાશ્રીઓ ડો. નીતિનભાઈ વડગામા, ડૉ. નંદાણીયા અને ડૉ. નયનાબેન પંડ્યા એ માતૃભાષા વૈભવ વિશે વાત કરી.



સૌપ્રથમ પ્રથમ વર્ષના તથા દ્વિતીય વર્ષના તાલીમાર્થી બહેનો દ્વારા વક્તાઓનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું તેમજ સૂત્રમાળા દ્વારા મહેમાનશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

પ્રથમ ડૉ. અરજણભાઈ નંદાણીયા દ્વારા માતૃભાષાના વૈભવ તથા તેની મહિમા વિશે વાત કરવામાં આવી. તેમના દ્વારા કહેવામાં આવ્યું કે 'કોઈપણ વસ્તુ તેના મૂળ કેન્દ્રબિંદુથી નીચે સરકે ત્યારે તેના પર ચિંતન શરૂ થતા હોય છે.'



ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખશ્રી ભાગ્યેશભાઈ દ્વારા ઓડિયો સ્વરૂપે માતૃભાષા વિશેનો સંદેશ ખૂબ સુંદર રહ્યો.

ડૉ. નયનાબેન પંડ્યાએ ગુજરાતી કથા સાહિત્ય વિશે વાત મૂકી. તેમણે માતૃભાષાઓની કથાઓમાંથી મળતા સંસ્કારો વિશે વાત કરી.



ડૉ. નીતિનભાઈ વડગામા દ્વારા કાવ્ય ક્ષેત્રે માતૃભાષાનું મહત્વ તથા પ્રદાન અને જુદા જુદા ક્ષેત્રે માતૃભાષાનું પ્રદાન ખૂબ સારી રીતે સમજાવવામાં આવ્યું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રથમ વર્ષના તાલીમાર્થી નીરૂબેન દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમની આભારવિધિ ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ દ્વારા થઈ અને અંતે સૌએ પોતપોતાના હસ્તાક્ષર ગુજરાતી ભાષામાં કર્યા.

“મારા હસ્તાક્ષર મારી માતૃભાષા” સહુએ હોંશે કર્યા……

ગુજરાતી ભાષાનો ઇતિહાસ ઘણો જૂનો છે. ગુજરાતી ભાષા 700 વર્ષથી પણ જૂની છે અને 6 કરોડથી પણ વધાર લોકો પોતાની બોલીમા ગુજરાતી ભાષાનો પ્રયોગ કરે છે. ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ આગવું અને સમૃદ્ધ છે.

વિશ્વમાં સૌથી વધારે બોલાતી ભાષાઓમાં ગુજરાતી ભાષાનું સ્થાન 24મું છે. વિશ્વમાં લગભગ 5.64 કરોડ લોકો ગુજરાતી બોલે છે. સૌથી વધારે બોલાતી ભાષા આમાં ગુજરાતી ભાષાનું સ્થાન છઠ્ઠું છે. દેશની કુલ વસ્તીના 45% લોકો ગુજરાતી બોલે છે.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી
રમે અન્ય સખીઓ થકી દેઈ તાળી, સુધા કર્ણ સિંચે ગુણાવી રસાળી




કરે બોલતા છીએ ભર્યા ભાવ છાતી, રમો માતૃભાષા મુખી ગુજરાતી
મળી હેમઆશિષ નરસિંહ-મીરા, થયા પ્રેમભટ્ટને ખો ભક્ત ધીરા,
પૂજી નર્મદે કાંત ગોવર્ધને જે, સજી ન્હાનલે કલ્પનાભવ્ય તેજે
ધ્રુવા સત્ય-સાથી અહિંસા સુહાતી, નમો ધન્ય ગાંધીગિરા ગુજરાતી.

"એ વિચારીને ફૂલે ગજગજ મારી છાતી હું
અને મારી ભાષા
બંને ગુજરાતી"



દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય માં તારીખ 10-10-2022 ના રોજ કોલેજના 60 વર્ષ પૂર્ણ થયા હોવાથી આ વર્ષ દરમિયાન 12 વ્યાખ્યાનમાળા નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પાંચમાં વ્યાખ્યાન માળાના મણકા અંતર્ગત માતૃભાષા સંવર્ધન પ્રતિષ્ઠાન અને દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય ના સંયુક્ત ઉપક્રમે ગુણવંતી ગુજરાત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં વ્યાખ્યાન માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ અને નિવૃત્ત શિક્ષણ અધિકારી શ્રી નૈષધ ભાઈ મકવાણાને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય

સૌપ્રથમ તાલીમાર્થી બહેનો દ્વારા સાહેબનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ સમૂહમાં બધા તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવી.

અમારા આચાર્યશ્રી ડોક્ટર રૂપલબેન માંકડ તથા વિદ્યામંડળ ના ટ્રસ્ટી શ્રી આશર સાહેબ અને વડીલો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.

સમગ્ર કાર્યક્રમનું જીવંત અને સમૃદ્ધ સંચાલન પ્રતિષ્ઠાનના સહસંયોજક શ્રી પિયુષભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માતૃભાષા પ્રતિષ્ઠાનના જિલ્લા સંયોજક અને






મહાવિદ્યાલયના આચાર્ય ડોક્ટર રૂપલબેન માકડે સંસ્થા પરિચય અને કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી.



ત્યારબાદ જિલ્લા સહ સંયોજક શ્રી અમીરાજ બા જાડેજા દ્વારા મહેમાનો નો આવકાર પરિચય કરવામાં આવ્યો.



માતૃભાષા નું પ્રખર જ્ઞાન ધરાવતા હર્ષદભાઈ શાહે તેમનું વકૃત્વ રજૂ કર્યું. શ્રી હર્ષદભાઈ શાહ એ માતૃભાષા સજ્જતા, સંવર્ધન અને સંરક્ષણ અંગે જાણકારી આપતા કહ્યું,

“લાગણીના જળ વડે મર્દન કરું છું,
શબ્દો કાગળ પર ઘસી ચંદન કરું છું,
બે ગઝલ, બે ગીતના પુષ્પો ચડાવી,
માતૃભાષા ને પ્રથમ વંદન કરું છું.”



ત્યારબાદ નૈષદ ભાઈએ એમની કાવ્યાત્મક શૈલીમાં શિક્ષક માતૃભાષા સંવર્ધન સી રીતે કરે અને તેની ભૂમિકા શું હોય તેને છણાવટ કરી.

કાર્યક્રમના અંતે ડો. આશાબેન પટેલ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું.

# શિક્ષણ અને મીડિયા



દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય ષષ્ટીપૂર્તિ વર્ષ નિમિત્તે વ્યાખ્યાનમાળાનાં છઠ્ઠા મણકાનું વ્યાખ્યાન તારીખ:૧૭/૩/૨૦૨૩નાં રોજ યોજવામાં



આવ્યું હતું. કાર્યક્રમનાં અતિથિ વિશેષ એવા ફૂલછાબનાં તંત્રીશ્રી જ્વલંતભાઈ છાયા ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ અને મીડિયા પર તેમનું વક્તવ્ય યોજાયું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દ્વિતીય વર્ષીય તાલીમાર્થી શ્રી હાર્દિકભાઈ સિસોદિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરુઆત સવારના ૯:૩૦ કલાકે થઈ હતી. સૌપ્રથમ અતિથિઓનું સ્વાગત પ્રથમ વર્ષીય તાલીમાર્થી શ્રી ઠાકર કિશોરભાઈના મંત્રોચાર તથા બહેનોએ કંકુ અને ચોખા દ્વારા કરિયું હતું. ત્યારબાદ પ્રાથના કરવામાં આવી. કાર્યક્રમનો પ્રારંભ દિપપ્રાગટ્યથી થયો હતો. કાર્યક્રમના અતિથિ શ્રી જ્વલંતભાઈ છાયા, ટ્રસ્ટી શ્રી દિલીપસિંહ આશર અને આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડનાં હસ્તે દિપપ્રાગટ્યવિધિ સંપન્ન થઈ હતી.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય





દિપપ્રાગટ્યવિધિ અને અતિથિશ્રીનું સ્વાગત





આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડે અતિથિ વિશેષ શ્રી જ્વલંતભાઈ છાયાનું એક નિષ્ઠાવાન વ્યક્તિ અને પ્રયોગવીર હોવાને કારણે હર્ષ અને ગૌરવની લાગણીસહ શાબ્દિક સ્વાગત કર્યું. તેમણે શ્રી જ્વલંતભાઈ છાયાનો સવિશેષ પરિચય આપ્યો જેમાં શ્રી જ્વલંતભાઈ એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અભ્યાસ કરેલો છે. તેઓ ગુજરાત સમાચાર, આજ-કાલ સમાચાર, સાંજ સમાચાર, દિવ્યભાસ્કર અને ચિત્રલેખા જેવા સમાચાર પત્રોમાં જોડાયેલા છે. તેમને પત્રકારત્વ સાથે સાહિત્યમાં પણ ખુબ રસ છે. તેમને સાહિત્યના પ્રયોગો પણ કર્યા છે. તેઓ સારું વ્યક્તિત્વ ધરાવતા ૩૫૦ જેટલા લોકોના ઇન્ટરવ્યૂ લીધા છે. તેમનો દૂરદર્શન અને આકાશવાણીમાં તેનો વાર્તાલાપ પણ છે. શબ્દોથી સ્વાગત કર્યા બાદ ટ્રસ્ટી શ્રી દિલીપસિંહ આસરસરે સુતર પહેરાવીને સ્વાગત કર્યું. શ્રી જ્વલંતભાઈ છાયાનું તેમણે પણ સંસ્થા માટે આપેલ કિંમતી સમય માટે આભાર વ્યક્ત કર્યો.








શ્રી જ્વલંતભાઈ છાયાએ "શિક્ષણ અને મીડિયા"પર વકતવ્ય આપ્યું. સૌપ્રથમ તેઓ સંસ્થામાં આવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, તેનો રાજીપો વ્યક્ત કરે છે. તેઓ કહે છે કે શિક્ષણ અને મીડિયામાં અને શબ્દની જરૂર નથી. શિક્ષણ મીડિયા એમ પણ કહી શકાય. જ્યારે શિક્ષક સમાજ વચ્ચે હોય ત્યારે તેનાં આભાની નોંધ લેવાતી હોય છે. જ્યારે કોઈ વ્યક્તિએ વ્રત લીધું હોય ત્યારે તેઓ માત્ર ફળ આહાર લઈ શકે છે; બીજુ કંઈ નહીં. તેમ શિક્ષક પણ આ ભવનો વ્રતધારી છે. તેમણે સમાજના ઉત્કર્ષનુ, સમાજને આગળ

વધારવાનું વ્રત લીધું છે. મોરારી બાપુએ શિક્ષકને ગર્ભવતી સ્ત્રીનો દરજ્જો આપ્યો છે. એક સ્ત્રી ગર્ભવતી હોય ત્યારે તેનાં ખોરાક, વિચાર, વર્તન, વગેરે.. પર ધ્યાન આપે ત્યારે નવ મહિના બાદ બાળકને જન્મ આપે છે. તેમ શિક્ષક પણ પોતાનું વર્તન, વાણી, વ્યવહાર વગેરે.. પર ધ્યાન આપ્યાં બાદ આશરે નવ મહિના બાદ ૩૦-૪૦ વિદ્યાર્થીઓને જન્મ આપે છે.



પત્રકાર દરરોજ નોંધાતો ઇતિહાસ છે, શિક્ષક તેનો સાક્ષી છે. પહેલાના સમયમાં પત્રકાર ખુબ જ ધીમો હતો. પણ જેમ-જેમ ટેકનોલોજીનો વિકાસ થયો તેમ પત્રકાર પણ ખુબ જ જડપી બન્યું છે. આજે દુનિયામાં કોઈ પણ છેડે બનતી ઘટના આપણને તરત જ ખબર પડી જાય છે. એમ કહી શકાય કે આંખ અને કાન ખુલ્લા રાખીએ તો શિક્ષણ ૨૪ કલાક ચાલુ છે.







શિક્ષણ અને પત્રકારનો સમન્વય કરતા જણાવે છે કે," શિક્ષણ અને પત્રકાર બંન્ને યજ્ઞ જેવું છે, જેટલું હોમિયે તેટલું વધારે મલે."

શ્રી જ્વલંતભાઈ છાયા મોરારી બાપુનો વિચાર કહીને તેની વાણીને વિરામ આપે છે,"કોઈની ઉદારતાને આપણી લાયકાત ન સમજવી."

કાર્યક્રમનું સમાપન આભારદર્શન દ્વારા પ્રથમ વર્ષના તાલીમાર્થી શ્રી દવે સોહમભાઈએ કર્યું હતું. ટ્રસ્ટી શ્રી દિલીપસિંહ આસર અને આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડ કે જેમણે "શિક્ષણ અને મીડિયા" વિશેના કાર્યક્રમનો વિચાર વ્યક્ત કર્યો અને અતિથિ વિશેષ શ્રી જ્વલંતભાઈ છાયા કે જેઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા તથા "શિક્ષણ અને મીડિયા" વિશે ખૂબ જ સરસ માહિતી પ્રદાન કરી તે બદલ તેમનો ખાસ આભાર માન્યો. કાર્યક્રમનું સુંદર આયોજન કરવા અને કાર્યક્રમમાં સહભાગી થવા બદલ દરેક તાલીમાર્થીઓને આભારની લાગણી વ્યક્ત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા બદલ દરેક વ્યક્તિનો આભાર માનીને કાર્યક્રમની પૂર્ણાહુતી થઈ હતી. આમ, સમગ્ર કાર્યક્રમ રસપ્રદ અને સફળ રહ્યો હતો.



દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

# જળબચાવો

जब तक जल सुरक्षित हैं, तब तक कल सुरक्षित हैं।

ગુજરાત સરકાર ના કલાઇમેટ ચેન્જ તા 17 સપ્ટેમ્બર નાં રોજ સ્થાપના દિન નિમિતે આ દિવસ ની ઉજવણી કરવામાં આવે છે. તા.૧૬/૦૯/૨૦૨૨ નાં રોજ "વેબિનાર ઓન ઓઝોન ડે" નું આયોજન કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત તા. ૧૭/૦૯/૨૦૨૨ થી ૩૦/૦૯/૨૦૨૨ દરમ્યાન "ક્લાઈમેટ ચેન્જ યુથ આઉટરીચ" અંતર્ગત અમારી સંસ્થા શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય,અલિયાબાડા દ્વારા ઇનોવેશન આઇડિયા ઓફ સેવ વોટર માં ગ્રુપ માઈમ, સોલો માઇમ અને ચિત્ર સ્પર્ધા આમ ત્રણ પ્રકારની સ્પર્ધા નું આયોજન કરવમાં આવ્યું હતું

સોલો માઈમ ગ્રુપ માઈમ

તેમાં કોલેજ નાં વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો.આ સ્પર્ધાઓમાં પ્રથમ વર્ષનાં અને દ્વિતીય વર્ષનાં પ્રક્ષિણા મિત્રોએ ભાગ લીધેલ હતો.કાર્યક્રમની શરૂઆત પ્રથમ પ્રાર્થના મિત્રોએ ભાગ લીધેલ હતો.કાર્યક્રમની શરૂઆત પ્રથમ પ્રાર્થના દવારા કરવામાં આવી,ત્યાર બાદ આ કાર્યક્રમ આગળ વધારતા વિજ્ઞાન નાં અધ્યાપકશ્રી ડૉ આશાબેન પટેલએ સ્પર્ધામાં ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી. તેમજ આ સ્પર્ધાના નાં નિર્ણાયક તરીકે આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માકંડ અને ડૉ.નિધિબેન અગ્રાવતની નિમણુક કરવામાં આવી હતી.

ચિત્ર સ્પર્ધામાં કુલ ૨૫ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી એક થી ત્રણ નંબર મેળવનાર પ્રક્ષિણાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.જેમાંની ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમ ઠાકર તેજશ્રીએ મેળવ્યો અને દ્વિતીય ક્રમ ડિયા નિધિએ મેળવ્યો ત્યારબાદ ત્રીતિયે ક્રમ કરમુર પ્રિયંકાએ મેળવેલ.નંબર મેળવનાર ત્રણેય સ્પર્ધકો ને પ્રમાણપત્ર આપવામાં આવેલ હતા આ સમગ્ર સ્પર્ધા અને કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડો. જીગ્નેશ લીંબાચીયા દવારા કરવામાં આવેલ હતું.

# કૌશલ્ય વિકાસ શિક્ષણ

**"GOOD EDUCATION IS A FOUNDATION**

**FOR BETTER FUTURE"**

**અર્થાત: સારું શિક્ષણ એ શ્રેષ્ઠ ભવિષ્ય નો પાયો છે.**

હાલના સમયગાળામાં આપણે સૌ જાણીએ છીએ તેમ શિક્ષણનું મહત્વ ખૂબ વધી રહ્યુ છે. જ્યારે શ્રેષ્ઠ ભવિષ્યની વાત કરવામાં આવે ત્યારે કૌશલ્ય યુક્ત અને ગુણવત્તા યુક્ત શિક્ષણ ખૂબ જરૂરી છે. હાલનું શિક્ષણ ફક્ત પાઠયપુસ્તક આધારિત રહ્યુ નથી, તેની સાથે કોઈપણ કાર્યનો અનુભવ પણ મળી રહે તે પણજરૂરી છે. આથી જ તેને ધ્યાનમાં લઇ અને નવી શિક્ષણનીતિમાં પણ કૌશલ્ય યુક્ત અને ગુણવત્તા યુક્ત શિક્ષણ પણ પૂરું પાડવાની જોગવાઈ કરવામાં આવી છે દેશના ભાવી યુવાનોને શ્રેષ્ઠ અને ગુણવત્તા યુક્ત શિક્ષણ પૂરું પાડવા માટે આપણા દેશની સરકાર અને દેશના પ્રધાનમંત્રીજીનો પણ પૂરતો સહકાર મળી રહ્યો છે, યુવાઓના શ્રેષ્ઠ ભાવિ માટે "કૌશલ વિકાસ શિક્ષણ યોજના" ના કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો છે આજના અમૃત સમયમાં કૌશલ્ય દ્વારા કઈ રીતે વિકાસ વિકાસ થાય તે માટે બજેટ 2023 માં પણ તેની જોગવાઈ કરવામાં આવી છે તેમજ તેને ધ્યાનમાં લઇ કૌશલ વિકાસ શિક્ષણ ૪.૦ ની પણ રચના કરવામાં આવી છે. કૌશલ વિકાસ શિક્ષણ તેમજ બજેટ 2023 ને અંતર્ગત 25 ફેબ્રુઆરીના રોજ વેબીનાર યોજવામાં આવ્યો હતો. તેની વિસ્તૃત માહિતી નીચે મુજબ છે.



*<u>પ્રથમ વિભાગ</u>*

તારીખ 25 ફેબ્રુઆરી 2023 ના રોજ સવારે 10:00 વાગ્યે અમારી સંસ્થા દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ યોજવામાં આવેલો ઓનલાઇનvવેબીનારનું લાઈવ પ્રસારણ બતાવવામાં આવ્યો હતું.. આ વેબીનારના લાઈવ પ્રસારણમાં અમારી સંસ્થાના લગભગ 50 જેટલા તાલીમાર્થીઓ જોડાયા હતા. જ્યારે  અન્ય તાલીમાર્થીઓ પણ અનુકૂળતા અનુસાર જોડાયા હતા. આ કાર્યક્રમ અંતર્ગત બજેટ 2023 અને કૌશલ વિકાસ યોજના ૪.0 ની માહિતી આપવામાં આવી હતી. આપણા દેશના પ્રધાનમંત્રી છીએ અમૃત કાળ બે મહત્વના ઘટક કૌશલ્ય અને શિક્ષા વિશે માહિતી આપી હતી. તેમજ તેઓએ જણાવ્યું હતું કે આ વર્ષના બજેટમાં પણ શિક્ષકો અને કૌશલ્યો અને આધારે શિક્ષણની જોગવાઈ

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

કરવામાં આવી છે. ટેકનોલોજીનો ઉપયોગ દ્વારા  ડિજિટલ શિક્ષણ આપવું તેમ જ ઇન્ટર્નશિપ યોજના હેઠળ તમામ યુવાનોને તેના કાર્યને અનુરૂપ અનુભવ મળી રહે વ્યવસ્થા કરવામાં આવે તેની માહિતી આપવામાં આવી હતી. તેમજ ઇન્ટરશીપની તકો આપવા વિવિધ કંપનીઓના જોડાણ અંગેની વાત કરવામાં આવી હતી. તેમજ ઈ-લર્નિંગ પ્લેટફોર્મ અને વિવિધ ચેનલો અને ઓનલાઈન પોર્ટલના માધ્યમથી વિદ્યાર્થીઓ ગમે ત્યારે અને ગમે ત્યાંથી શ્રેષ્ઠ શિક્ષણ મેળવી શકે તેની વ્યવસ્થા કરવામાં આવશે.આ યોજના હેઠળ ગામડા અને શહેરના શિક્ષણ વચ્ચેનો ભેદ અને તેમના વચ્ચેનું અંતર ઘટાડી શકાશે તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી.ઈ- લર્નિંગ માટે ઇન્ટર્નશિપ પોર્ટલ વિકસાવવામાં આવશે જેનો મહત્તમ ફાયદો શિક્ષકો અને યુવાઓ બંને મેળવી શકશે આ ઉપરાંત યુવાઓને નેશનલ "એપ્રેન્ટીસ પ્રોબેશન સ્કીલ" યોજના હેઠળ 50 લાખ યુવાઓને ઇન્ટેન્સીપ માટેની સહાય પૂરી પાડવામાં આવશે તેની રજૂઆત કરવામાં આવી હતી. હાલના સમયમાં ભારતને વિશ્વના દેશો મેન્યુફેક્ચરના હક તરીકે જુએ છે. આ સમયે રોબોટિક્સ અને અન્ય ટેકનોલોજીની આધારે વિવિધ સુવિધાઓનો ઉપયોગ કરવામાં આવશે જેથી અન્ય દેશોના લોકો  સાથે સરળતાથી સંબંધ જોડી શકાય.આ ઉપરાંત પી.એમ. વિશ્વકર્મા યોજના હેઠળ

અન્ય કલાઓને અને કલાકારોને પણ પ્લેટફોર્મ આપવામાં આવશે તેની રજૂઆત થયેલી હતી. આ તમામ યોજના અને કૌશલ્ય યુક્ત શિક્ષણને ધ્યાનમાં લઇ બજેટમાં પણ તેની જે સહાયો દર્શાવવામાં આવી છે તેના વિશે માહિતી આપવામાં આવેલી હતી.

***<u>બીજો વિભાગ</u>***:

ઉપરોક્ત વેબિનારની સાથે સાથે દિલ્હી શિક્ષણ મંત્રાલય દ્વારા બજેટ 2023 અને પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ શિક્ષણ પર વિવિધ સેશનમાં અન્ય એક વેબિનાર યોજવામાં આવ્યો હતો.આ વેબિનાર કુલ છ સેશનમાં વિભાજીત કરવામાં આવ્યો હતો. આ છ સેશનમાં બજેટમાં સમાવેશ થયેલી શિક્ષણને લગતી વિવિધ બાબતોની ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. તેમાં થયેલી સેશન મુજબની ચર્ચાઓ નીચે મુજબ દર્શાવવામાં આવેલી છે.




***<u>પહેલું સેશન</u>***

આ કાર્યક્રમના પ્રથમ સેશનમાં વિવિધ કૌશલ્યો ને ધ્યાનમાં લઇ અને ભલામણો કરવામાં આવી હતી. જેમ કે પંચાયતી રાજમાં જરૂરી કૌશલ્ય ક્યા ક્યા છે, તેમજ કૌશલ્ય યુક્ત શિક્ષણ અથવા નોકરી અથવા અભ્યાસક્રમની સાથે સાથે ઇન્ટર્નશીપ ભલામણ કરવામાં આવી છે. ઇન્ટર્નશીપ માટે વિવિધ કંપની સાથે ઇન્ટરશીપ પાર્ટનરશીપની પણ ભલામણો રજૂ થઈ છે. આ ઉપરાંત COE એટલે કે Centre of excellence ની રચના અને કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર તેમજ શૈક્ષણિક સંસ્થાઓ એકીકરણ ની શરૂઆત થાય



તેની જોગવાઈઓ પણ દર્શાવવામાં આવી છે. તેમજ કૌશલ્યનુ શાળા તેમજ શિક્ષકો સાથે નું જોડાણ, અભ્યાસક્રમના વિવિધ ગુણોની યાદીનો સમાવેશ થયો હતો. તેમજ ઓટો મોબાઇલને અભ્યાસક્રમનો ભાગ બનાવવાની ભલામણ પણ આ સેશનમાં કરવામાં આવી હતી.

***બીજું સેશન:***




તેવી જ રીતે બીજા સેશનમાં ઈ-લર્નિંગના ભારતના વિવિધ પ્લેટફોર્મ જેવા કે સ્વયં પોર્ટલ,દીક્ષા પપોર્ટ,નેશનલ ડિજિટલ યુનિવર્સિટી વગેરેના ઉપયોગની ભલામણ આ સેશનમાં કરવામાં આવી હતી. ભારતના વૈશ્વિકીકરણ ઉપર ચોક્કસ ભાર મૂકવામાં આવ્યો હતો. તેમજ શ્રેષ્ઠ શિક્ષકોની ગુણવત્તા વિશેની માહિતી રજૂ કરવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપની વિવિધ તકો માટેની સહાય અને યોજનાઓની માહિતી પણ આ સેશનમાં આપવામાં આવી હતી.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

***ત્રીજું સેશન:***

આ ઉપરાંત ત્રીજા સેશનમાં અભ્યાસક્રમ અને વિવિધ સહાયોને ધ્યાનમાં લઇ જાગૃતિ આપવામાં આવી હતી. જેમકે તેમા તેઓએ વિદ્યાર્થીઓનો મૌખિક વિકાસ થાય તેની રજૂઆત કરી હતી. શિક્ષકોને પણ નવા અભ્યાસક્રમ મુજબ ટ્રેનીગ આપવામાં આવે તેની માહિતી આપી હતી. તે પણ જણાવ્યું હતું કે, દરેક સ્થાનિક ભાષાઓને પૂરતું મહત્વ આપવું. તે અંગે જાગૃતિ લાવવા માટે શિક્ષકોને પણ ફરજો પણ દર્શાવી હતી. હવેથી તમામ શિક્ષકોને ભાષાની ટ્રેનિંગ આપવામાં આવશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓની ક્ષમતાઓનો વિકાસ થાય તે માટે વિદ્યાર્થીઓને પુરતી તકો આપવામાં આવશે.



***ચોથું સેશન:***


તેવી જ રીતે સેશન ચારમાં યુવાનોના કૌશલ્યના વિકાસ માટેની માહિતી રજૂ કરવામાં આવેલી છે. “નેશનલ એપ્રેન્ટીશીપ પ્રમોશન” સ્કીમ હેઠળ અભ્યાસક્રમની સાથે ઇન્ટરશીપ પણ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ભવિષ્ય અને ટેકનોલોજીને ધ્યાનમાં લઈ અભ્યાસક્રમમાં ઘણા ફેરફારો થયા છે. આ ફેરફારોને ધ્યાનમાં લઇ અભ્યાસક્રમમાં પણ વિવિધ ટેકનોલોજીનો સમાવેશ કરવામાં આવશે. ભારતમાં વિદેશી લોકો દ્વારા કરવામાં આવતા રોકાણને ધ્યાનમાં લઇને AI (Artificial Intelligence), રોબોટિક્સ અને IOT નો અભ્યાસ કરવામાં આવે જેથી ભારતની આર્થિક સ્થિતિમાં પણ સુધારો લાવી શકાય.

***<u>પાંચમું સેશન:</u>***

તેમજ સેશન પાંચમાં ડિજિટલ લાઇબ્રેરી વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. વિવિધ ટેકનોલોજીના ઉપયોગની મદદથી ડિજિટલ લાઇબ્રેરી બનાવવામાં આવશે. ડિજિટલ લાઇબ્રેરીની વધુને વધુ સુખ સુવિધા તમામ લોકો અને વિદ્યાર્થી સુધી પહોંચે, તે માટે શાળા, ગ્રામ પંચાયતની આસપાસ તેમજ તેને ઈ-લર્નિંગ પ્લેટફોર્મ સાથે પણ જોડવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત ઓનલાઇન ગ્રુપ, ઓનલાઇન ક્લાસરૂમ વિકસાવવા માટે વિવિધ ટેકનોલોજી નો ઉપયોગ કરવામાં આવશે. તેમજ અભ્યાસક્રમને સરળ બનાવવા તેમજ શહેર તથા ગામના તમામ વિદ્યાર્થીઓને ઉપયોગી બને તેવો અભ્યાસક્રમ બનાવવામાં આવશે. આ ઉપરાંત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને વિવિધ વિદ્યાર્થીઓના ધર્મને ધ્યાનમાં લઇ અને તેની રજૂઆત કરવામાં આવે તેવી માહિતી આપવામાં આવી હતી.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

***<u>છઠ્ઠું સેશન:</u>***



સેશન 6 માં શિક્ષકોના જ્ઞાનને વધુ દ્રઢ બનાવવા અને નવા અભ્યાસક્રમ ની માહિતી આપવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) અને વાઇબ્રન્ટ ઇન્સ્ટિટ્યૂટ નો વધુ વિકાસ થાય તેના પર ધ્યાન દોરવામાં આવ્યું છે. બદલતા અભ્યાસક્રમ અનુસાર નોલેજમાં પણ વારંવાર બદલાવ લાવવા જરૂરી છે. આ ઉપરાંત



કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને NCERT, DIET વગેરે સંસ્થાઓ એકબીજા સાથે વધુ ને વધુ સંપર્કમા રહે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ખાનગી અને સરકારી શાળાઓને સંલગ્ન યુનિવર્સિટી અને DIET સાથે જોડવામાં આવે તેવી જોગવાઈ પણ આ સેશન છ માં કરવામાં આવી છે.

આ રીતે વિવિધ સેશનમાં બજેટ 2023મા  શિક્ષણને લગતી રજૂ થયેલી વિવિધ બાબતોની ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

*ત્રીજો વિભાગ:*

આ રીતે ત્રીજા લાઇવ વિડિયો સેશનની મદદથી પણ ભવિષ્યમાં શિક્ષણમાં થનારા સુધારા અને બજેટ 2023માં શિક્ષણને ધ્યાનમાં લઈ અને થયેલી વિવિધ યોજનાઓ તેમજ સુવિધાઓ વિશે પણ માહિતી આપી હતી. તેમજ ભારતનો આ સમય અમૃત કાળમાં ભારતનો સૌથી શ્રેષ્ઠ અને સારો વિકાસ થાય તે માટે પણ વિવિધ યોજનાઓ દર્શાવવામાં આવી હતી. તેમજ ભારતના અમૃત કાળનું નેતૃત્વ યુવાઓ કરે છે, તેથી સરકારશ્રી દ્વારા યુવાઓને વધુમાં વધુ પ્રોત્સાહિત કરવા માટે તેમજ કૌશલ્ય યુક્ત બનાવવા માટે વિવિધ  ઇન્ટર્નશીપ યોજનાઓ તેમજ અભ્યાસક્રમને લગતી વિવિધ અન્ય યોજના વિશેથી માહિતગાર કર્યા હતા.

અમને સૌ તાલીમાર્થીઓને વિવિધ યોજનાઓથી માહિતગાર કરવા બદલ હું અમારી સંસ્થાના સર્વે તાલીમાર્થીઓ તરફથી પ્રધાનમંત્રીજી તેમજ બજેટ મંત્રી મંડળ તેમજ શિક્ષણ મંત્રી મંડળ સૌનો ખૂબ ખૂબ આભાર માનું છું. અમને સૌને આ કાર્યક્રમનો ભાગ બનાવવા અમારા સંસ્થાના આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માકડ તેમજ આ કાર્યક્રમના કોઓર્ડીનેટર ડૉ.આશાબેન પટેલનો પણ ખૂબ ખૂબ ખૂબ આભાર તેમજ અમારી સંસ્થાના અન્ય અધ્યાપક શ્રી ઓ ડૉ. પ્રશાંતભાઇ ચૌહાણ, ડૉ. જીગ્નેશભાઇ લીમ્બાચીયા તેમજ  ડૉ. નિધીબેન અગ્રાવતનો પણ ખુબ ખુબ આભાર માનુ છુ.

# રમતોત્સવ

**રમત રમીએ પણ**

**રમતમાં રમત ના રમીએ**

**એજ સાચી રમત છે**

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય માં જાન્યુઆરી મહિનામાં તારીખ ૩/૧/૨૦૨૩અને ૪/૧/૨૦૨૩ના રોજ રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. આ વર્ષે દર વર્ષે ની જેમ સફળ અને સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ રમતોસ્તવમાં બી.એડ માં અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓ એ બમણી



સંખ્યા માં ભાગ લીધો હતો. કાર્યક્રમનો શુભ આભ સમૂહ પ્રાથના તેમજ IITE ના સોંગ અને રાષ્ટ્રગીત દ્વારા કરવામાં આવ્યો હતો.રમતગમતના કોઓડીનેટર ડૉ.પ્રશાંતભાઈ ચૌહાન રમતગમતની રૂપરેખા સમજાવી હતી... સ્પોર્ટ્સ મંત્રીઓનો ફાળો બમણા સ્વરૂપે જોવા મળ્યો હતો .એફ.વાય, સ્પોર્ટ્સ મંત્રી દ્વારા કોલેજમાં વિવિધ રમતો અનુકૂળ જગ્યા ની ફાળવણી કરવામાં આવી હતી.કોલેજ ના ઘણા તાલીમાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો જેમાં આ મુજબ રમતો નક્કી કરવામાં આવી હતી..

તેમાં પ્રથમ દિવસે ગોળાફેંક, ચક્ર ફેંક, ખો-ખો,કેરમ, ચેસ,તેમજ બીજા દિવસે ક્રિકેટ ની રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે સવાર ના સમય માં રમતની શરૂઆત ગોળાફેંક, ચક્ર ફેંકની રમતદ્વરા કરવામાં આવી હતી. ત્યારબાદ ખો ખો અને બેડમિન્ટન જેવી રમતો સમય મુજબ રમવામાં આવી હતી ત્યારબાદ જીતેલા વિદ્યાર્થીઓ ને



કોડીનેટર તેમજ બાકીના અન્ય રમતવીરો દ્વારા પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. તેના ઉત્સાહમાં વધારો કરતા હતા તેમજ થોડી રમતો પૂરી થયા બાદ તાલીમાર્થીઓ ની એનર્જી માટે લીંબુપાણી ની સગવડ કરવામાં આવી હતી અને તાલીમાર્થી બહેનો દ્વારા લીંબૂ પાણી બનાવવામાં આવ્યું હતું .

તેમજ અલગ અલગ રમતો જોવાની ખૂબ મજા આવી દરેક રમતમાં જે તાલીમાર્થી જીતે છે તેમને પ્રથમ,દ્વિતીય અને તૃતીય સ્થાન આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આમ બધા તાલીમાર્થીઓનું પરફોર્મન્સ સારું મળ્યું હતું. અને સમયને ધ્યાનમાં રાખીને બધી રમતો સારી રીતે રમવામાં આવી હતી.આમ કોલેજનો પેહલા દિવસનો રમતોસ્તવ પ્રોત્સાહન સાથે સંપૂર્ણ થયો હતો.



બીજા દિવસે ક્રિકેટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાઈઓ અને બહેનોની ટીમ પાડવામાં આવી હતી જેમાં ભાઈઓ માટે એ અને બી ટીમ પાડવામાં આવી હતી જેમાં એ અને બી ટીમમાં એફ વાય અને એસવાયમાં અભ્યાસ કરતા ભાઈ કેપ્ટન મયુરભાઈ તેવી જ રીતે બહેનોની ટીમ પાડવામા આવ્યો મા એસવાય એફવાયમાં અભ્યાસ કરતી બહેનો એ ટીમના કેપ્ટન ભક્તિબેન તેમજ બી ટીમના કેપ્ટન નિકિતાબેન હતા.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

બીજા દિવસે પ્રથમ ભાઈઓનો ક્રિકેટ મેચ હતો. તેમાં ટીમ એ અને બી બંને દ્વારા સરસ મેચ રમવામ આવ્યો હતો. ત્યારબાદ બ્રેક પછી બહેનોનો મેચ શરૂ કરવામાં આવ્યો હતો બહેનો દ્વારા જે મેચ રમવામાં આવ્યો તે થોડા જ સમયમાં પૂરો થઈ ગયો હતો. આમ બંને મેચ માટે ફ્રી રાહુલભાઇ તેમજ મેહુલભાઈ દ્વારા સુંદર અને મનોરંજન રીતે મેચ ને પ્રસ્તુત કરવામાં આવ્યો હતો અને ભાઈઓમાં ટીમ એ અને બહેનોમાં બી. દ્વારા જીત મળી હતી.

આમ, પ્રથમ અને દ્વિતિય દિવસ ખૂબ સફળ થયો અને ખૂબ જ આનંદ મળ્યો હતો.

# વિજ્ઞાન દિવસ

**તારીખ 28/2/2023વાર:મંગળવાર**




<u>વિશ્વ વિજ્ઞાન દિવસ</u>


પ્રસ્તાવના

શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં 28મી ફેબ્રુઆરીના દિવસે આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. લોકોમાં વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વિજ્ઞાન દિવસમાં અલગ અલગ પ્રવૃત્તિ પણ કરવામાં આવી હતી. આમ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ.આશાબેનપટેલદ્વારા કરવામાં આવ્યું હતું.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય




કાર્યક્રમની ઉજવણી : 28 ફેબ્રુઆરી વિજ્ઞાન દિવસ અંતર્ગત અમારી કોલેજમાં કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.







આમ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. આશાબેન પટેલ વિજ્ઞાનના મહત્વ વિશે બધાને સમજાવ્યું હતું વિજ્ઞાનના લાભ અને ગેરલાભ વિશે વાત કરી હતી.

આશાબેન પટેલ એ નેવિજ્ઞાન દિવસ વર્ષ 2023 ની થીમ global science for global wellbeingવિશે જણાવ્યું હતું . 28 ફેબ્રુઆરી દિવસે ભારતના પ્રસિદ્ધ ભૌતિક શાસ્ત્રી ચંદ્રશેખર વેંકટ રામને 'રામન ઈફેક્ટ ' ની શોધ કરી હતી.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ પણ ભાગ લીધો હતો તેમાં રામન ઇફેક્ટ વિશે વધુ ઊંડાણપૂર્વક ધુમરા સુનેહરાબેન માહિતી આપી હતી.

આમ ત્યારબાદ કવિતા પ્રિયંકા અને રૂપાબેન દ્વારા રજૂ કરવામાં આવી હતી.

જીવનમાં વિજ્ઞાનની જરૂરિયાત ડગલેને પગલે પડે છે. વિજ્ઞાન દ્વારા માણસનું જીવન ખૂબ જ આસાન થઈ ગયું છે. તથાવિજ્ઞાનની રોજિંદા જીવન માં જરૂરિયાત વિશે વાળા રીતુબા વક્તવ્ય આપ્યું હતું. તથા વિજ્ઞાન આધારિત વિચાર આપણી સમક્ષ ચૌધરી હિમાંશુભાઈએ રજૂ કર્યા હતા.




કોલેજની તાલીમાર્થી નાગર નીતાબેન દ્વારા વિજ્ઞાનની સરસ પ્રશ્નોત્તરી થઈ હતી તથા સમગ્ર કાર્યક્રમ સંચાલન રીનાબેન સુંદર રીતે કર્યું હતું.




આકાર્યક્રમ ના અંતે તમામ તાલીમાર્થી માં વિજ્ઞાન વિશે જાગૃતિ અને વૈજ્ઞાનિક વલણ વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમજ ડૉ.આશાબેન પટેલ દ્વારા અધ્યાપકો અને તાલીમાર્થીઓને આભાર વ્યક્ત કર્યો હતો તેમજ તાલીમાર્થી વિજ્ઞાન ના ઉપયોગ કરે તેવું કહ્યું હતું.

ધરતી પર ઉભા રહી નજર જ્યાં સુધી જાય
આકાશ મળે પૃથ્વીને ત્યાં ક્ષિતિજ દેખાય
પગદંડી હતા નાના રસ્તા હવે ક્યાં દેખાય
મોટા થયેલા રસ્તા વાહનોની ભીડ થી ઉભરાઈ છે.

# એક્સપર્ટ લેક્ચર

અમારી કૉલેજ શ્રી દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય એ અભ્યાસક્રમ ની સાથે વિવિધ પ્રવૃત્તઓમાં પણ ભાગ લેનારી સંસ્થા છ કહેવાય ને ' કરીને શીખે તે કેળવણી ' , ' શીખે તે કેળવે '. એવી અમારી કોલેજમાં તાલીમાર્થઓને વિવિધ પ્રકારના પ્લેટફોર્મ આપવામાં આવે છે જેથી તાલીમાર્થીઓમાં કૌશલ્યનો વિકાસ થાય.

દેશના શિક્ષકો ડિજિટલ બનતા જાય છે

એની પાછળ આવી કૉલેજોનો સહકાર છે....

આમ અમારી કૉલેજ શ્રી દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય માં G20 અંતર્ગત અનેક સ્પર્ધાઓ યોજવામાં આવી રહેલી છે. આથી એ જ અનુસંધાને તા.:- 11/03/23 ના રોજ અમારી કોલેજમાં મહિલા સશક્તિકરણ અંતર્ગત એક્સપર્ટ લેક્ચર ગોઠવવામાં આવેલું હતું. આ કાર્યક્રમ ની શરૂઆત દીપ પ્રાગટય થી કરવામાં આવેલી હતી. ત્યારબાદ કૉલેજના આચાર્યશ્રી રૂપલબેન માંકડે અમારા એક્સપર્ટ લેક્ચર શ્રીમતી કોમલબેન નો પરિચય કરાવ્યો હતો.

કોમલબેન તેઓ મહિલા જાગૃત તા અને મહિલા સશક્તિકરણ વિશે ખૂબ જ સરસ કહેલું હતું કે, '' જે સંસારનું સર્જન કરે છે એને કોઈ દિવસ શક્તિની જરૂર ન પડે ''. સ્ત્રી પોતે જ શક્તિ છે. તેઓ મહિલાઓની ભૂમિકા વિશે અમને કીધું હતું કે , મહિલાઓ કે આજની સ્ત્રી સશક્ત જ છે. તેઓ પોતાનું ઘર/કુટુંબ અને બહારની નોકરી ખૂબ જ સારી રીતે સંભાળે છે . આજની સ્ત્રીઓ બેવડી ભૂમિકા નિભાવે છે. સ્ત્રીઓ હવે આર્થિક રીતે પણ પગભર થઇ ગઇ છે અને પોતાના વિકાસ પર ધ્યાન પણ આપે છે.

કોમલબેન પોતાના લેક્ચર માં મહિલાઓની ભૂમિકા અને તેઓ પુરુષ સાથે કદમ થી કદમ મિલાવીને ચાલે જ છે એના ઘણા ઉદાહરણો આપ્યા હતાં. જેમકે – આજે સ્ત્રીઓ બોકિસંગ , પર્વત સર કરવું, વાહનો ચલાવવા, અને હવે બિઝનેસમાં પણ પોતાનો પગપેસારો કર્યો છે. આમ મહિલાઓ છે તો દુનિયા છે એવું ચિત્ર તેઓએ અમારી સમક્ષ ઊભું કર્યું હતું.

ડૉ. પ્રશાંત સરે સ્ત્રીઓના આદર અને સન્માન કરવું તેમજ પોતાના કુટુંબમાં રહેલા બહેન, પત્નિ, પુત્રી, વગેરેને પણ માન સન્માન આપવું એના વિશે એક ખાસ સમજ આપી હતી.

ડૉ. જીગ્નેશ સરે તેમના વક્તવ્યમાં કહ્યું કે, "સ્ત્રી વગર સંસારની કલ્પના કરવું પણ શક્ય નથી". આમ, તેઓએ અમને સારું માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમનાં સફળ સંચાલન કરનાર ડૉ. આશાબેન પટેલ હતાં. તેઓએ અમને સ્ત્રી જાગૃતતા વિશે ઘણી માહિતી આપી હતી તેમજ કો- ઓર્ડીનેટર તરીકે ડૉ. નિધીબેન અગ્રાવત હતાં કે જેઓ ઉત્સાહભેર આ કાર્યક્રમનું સમાપન કર્યું હતું. અમારા આચાર્ય વિશે ઘણી બધી જાણકારી આપીને અમને એક વિશેષ જ્ઞાન આપેલું હતું.

આમ, સ્ત્રી – પુરૂષ એક સમાન છે એવી વિચારશૈલી સમગ્ર દેશમાં પ્રસરે એવો પ્રયત્ન કર્યો હતો

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

# શહીદ વન મુલાકાત

અમારી સંસ્થા  દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા તારીખ: **14/2/2023** ના રોજ **G20** પ્રોગ્રામ અંતર્ગત એક દિવસીય પ્રોફેશનલ મુલાકાત શહીદ વન, ધ્રોલ ખાતે આયોજન કર્યું હતું.આ સમગ્ર શૈક્ષણિક મુલાકાતનું સંચાલન અમારી કૉલેજના **G20**પ્રવૃત્તિના નોડલ ઓફિસર ડૉ.આશાબેન પટેલ દ્વારા કરાવવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં અમારી કોલજના તમામ અધ્યાપકો તથા પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ જોડાયા હતા.




શહીદ વન મુલાકાત

અમે સહુ તાલીમાર્થીઓ ઉત્સાહપૂર્વક તા.- **14/02/2023** ના **1:30 p.m.** શહીદ વને બધાએ સાથે મળીને બોપર નું ભોજન કર્યું. ત્યાર બાદ અમે શહીદ વનમાં નાળિયેરી વન,આનંદ વન,કમલ કુંડ, મ્યુરલ, મુખ્ય સ્મારક,વન દેવી પ્રતિમા,આજીવિકા વન,ગિરનારની ઝાંખી,નિસર્ગ વન,મરીન લાઇફ અને બર્ડ લાઇફની ઝાંખી, નક્ષત્ર વન,આરોગ્ય વન અને માનવ શરીરનું મોડલ,નવગ્રહ વન, પંચવટી, રાશી વનના નયનરમ્ય





ગિરનારની ઝાંખી

દ્રશ્યો જોયા. આ વનમાં શહીદ વીર અજાજીનું સ્મારક બનાવેલું છે તથા તેની પાસે જ મ્યુરલમાં તેમના યુદ્ધની કેટલીક 3D . . મ્યૂરલ તસવીરો બનાવેલી છે.આ સિવાય આ ભૂચરમોરી યુદ્ધનો ઈતિહાસ ત્યાં પોસ્ટરોમાં લખાયેલો છે.

ભુચર મોરીનું યુદ્ધ નવાનગર રજવાડાંની આગેવાની હેઠળ કાઠિયાવાડની સેના અને મિર્ઝા અઝીઝ કોકાની આગેવાની હેઠળના મુઘલ સૈન્ય વચ્ચે જુલાઇ 1591 માં લડાયું હતું. આ યુદ્ધ ગુજરાત સલ્તનતના છેલ્લા સુલ્તાન મુઝ્ઝફર શાહ ત્રીજાને બચાવવા માટે હતું જેણે મુઘલ બાદશાહ અકબરથી નાસી જઇને નવાનગર રજવાડાના જામ સતાજીનું શરણ લીધું હતું. કાઠિયાવાડનું



વીર અજાજીનું સ્મારક

સૈન્ય જૂનાગઢ અને કુંડલા રજવાડાના સૈન્યનો સમાવેશ કરતું હતું. પરંતુ, આ બન્ને રાજ્યો છેલ્લી ઘડીએ દગો દઇને મુઘલ પક્ષમાં જોડાઇ ગયા હતા. આ યુદ્ધમાં બંને પક્ષે ભારે ખુવારી થઇ હતી. યુદ્ધનું પરિણામ મુઘલ સૈન્યના પક્ષમાં આવ્યું હતું.





આ યુદ્ધ સૌરાષ્ટ્રના ઇતિહાસનું સૌથી મોટું યુદ્ધ ગણાય છે. તે ઘણી વખત *સૌરાષ્ટ્રના પાણીપત* તરીકે વર્ણવવામાં આવે છે મોટી સંખ્યામાં ખુવારી થવાના કારણે, હાલાર વિસ્તારમાં *ભુચર મોરી* શબ્દ હત્યાકાંડનો સમાનાર્થી બની ગયો છે.

ત્યાં પાસે એક મંદિરમાં જામ સતાજી, અજાજી તથા તેમના પત્ની સુરજબા, તોગાજી,, સાંગાજી, ભાણાજી, હાલાજી જેવા વીર શહીદોના પાળીયા હાલ પણ ત્યાં છે.

વીર શહીદોના પાળીયા

આ મુલાકાતથી સહુએ ઐતિહાસિક માહિતી મેળવી તથા ફોટા પાડીને આનંદ મેળવ્યો હતો.

દરબાર ગોપાળદાસ શિક્ષણ



આવો યાદગાર અને બધાને મજા પડે એવી મુલાકાત બદલ અમારી કૉલેજ દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય તથા શૈક્ષણિક મુલાકાતના નોડલ ઓફિસર ડૉ. આશાબેન પટેલ, કો-કો- ઓર્ડીનેટર ડૉ. નિધીબેન, પ્રિન્સિપાલ ડૉ. રૂપલબેન માંકડ તથા અધ્યાપકોનો પણ ખૂબ ખૂબ આભાર.

# ષષ્ઠીપૂર્તિ વ્યાખ્યાનમાળા
# વ્યાખ્યાન મણકો ૧

તારીખ ૧૦/૧૦/૨૨ ના રોજ અમારી સંસ્થા દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય ને ૬૦ વર્ષ પૂર્ણ થયા હોવાથી, આ સમગ્ર વર્ષ 2022-2023 દરમિયાન 10 વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પહેલા વ્યાખ્યાન માળા મણકા અંતર્ગત આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વ્યાખ્યાન માટે ઇતિહાસના પ્રખર જાણકાર શ્રી નરોત્તમભાઈ પલાણ ને આમંત્રિત





દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

કરવામાં આવ્યા હતા.

સૌ પ્રથમ સંસ્થા ની તાલીમાર્થી બહેનો દ્વારા અતિથી શ્રી નું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ સમૂહમાં બધા તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવી. ત્યારબાદ સંસ્થાના આચાર્યશ્રી ડૉ.રૂપલબેન માંકડ તેમજ શ્રી વિદ્યામંડળના ટ્રસ્ટી શ્રી આશર સાહેબ અને અતિથી વિશેષ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યેક્રમ ની શરૂઆત કરવામાં આવી હતી.આ કાર્યક્રમનું સંચાલન દ્વિતીય વર્ષ ના તાલીમાર્થી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યેક્રમ ની શરૂઆતમાં સૌપ્રથમ અમારા



આચાર્યશ્રી ડૉ. રૂપલબેન એ ઉપસ્થિત તમામ વડીલ મહેમાનો નો પરિચય આપ્યો હતો. ત્યારબાદ ઇતિહાસ વિષયના પ્રખર જ્ઞાન ધરાવનાર ઇતિહાસના અધ્યાપક એવા નરોતમભાઈ એ તેમનું વક્તવ્ય રજૂ કર્યું.

શ્રી નરોત્તમભાઈ પલાણ એ ઇતિહાસ વિષયને કેવી રીતે આપણે સરળ રીતે સમજી શકીએ, અને કેવી રીતે સરળતાથી સમજાવી શકીએ તેના વિશે માહિતી આપી તેઓ ઇતિહાસ અને કેળવણી વિશે યુવાનોને પ્રેરણા આપતા કહ્યું કે,



"કલા અને હુન્નર મારા હાથ છે , ધર્મ મારું હૃદય છે ઇતિહાસ મારા કાન છે અને સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે."

તેઓએ યુવાઓ અને તેમનામાં રહેલી પ્રતિભાને ઓળખવાની, તેમજ યુવાનીના અમૂલ્ય ક્ષણોને ભરપૂર ઉપયોગ કરવાનો માર્ગ બતાવ્યો, તેવા ઇતિહાસ વિશે સાંકળીને યુવાનીને તેમના જીવનનું મહત્વ. સમજાવ્યું.

દાન અલગારીની એક કવિત પર થી તેઓએ કહ્યું હતું કે,

" સંસાર ખોટે કે સપનું ખોટું સુજ પડે નહીં, આવા યુગ વિદ્યા ને યુગની પણ જુઓ સદીઓ થઈ ગઈ રે."

આ પંક્તિ દ્વારા તેઓએ યુવાનોને દરેક મુશ્કેલીમાં પણ કઈ રીતે ખુશ રહી શકાય એની સમજણ આપેલી હતી. આ વાક્ય અમારા સૌ તાલીમાર્થીઓને હૃદયમાં ઉતરી ગયું હતું. .

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય



તેમની સાથે ભણતા તેમજ સંસ્થા ના ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ તેના મિત્ર પણ આવ્યા હતા. બંને મિત્રો એકબીજાની સાથે મળીને તેમની ભૂતકાળની યાદો અમારા સૌ તાલીમાર્થીઓ સાથે રજૂ કરી હતી.તેમની આ રસપ્રદ વાતો નો આનંદ અમે સૌ તાલીમાર્થીઓ એ માણ્યો. તેઓએ પોતાનો ભવ્ય ભૂતકાળ યાદ કરતાં આજુબાજુનું વાતાવરણ પણ ભાવનાત્મક બની ગયું હતું. નરોત્તમભાઇ નું વક્તવ્ય તેમજ તેમના ભૂતકાળ ના અનુભવો સાંભળ્યા બાદ અંતે આ કાર્યક્રમની સમાપનવિધિ અમારા અધ્યાપક ડૉ.. જીજ્ઞેશભાઈ લિમ્બચિયા એ કરી હતી. આમ ખૂબ જ સુંદર રીતે આ કાર્યક્રમ સમાપ્ત થયો.

# ષષ્ઠીપૂર્તિ વ્યાખ્યાનમાળા

## વ્યાખ્યાન મણકો ૨

મહાવિદ્યાલય ષષ્ઠીપૂર્તિ વર્ષ નિમિત્તે યોજાયેલ વ્યાખ્યાન શ્રેણીના દ્વિતીય વ્યાખ્યાનમાં આદરણીય લેખક અને ઉત્તમ શિક્ષક શ્રી હરેશભાઈ ધોળકિયા નું વ્યાખ્યાન "21મી સદી માટેનું શિક્ષકત્વ વિષય" પર યોજાયું.




**21મી સદીની ઓળખ:**

શિક્ષક કોણ? અને 21મી સદીમાં કેવા શિક્ષકની જરૂર રહેશે? અને તે માટેની શી તૈયારી જોઈએ એની વાત બહુ સરળ તેમજ સજ્જ રીતે હરેશભાઈ દ્વારા કહેવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં આમંત્રિત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય સંસ્થાના પરિવારજનો, સંસ્થાના વિભાગીય વડાઓ તેમજ સંસ્થાના વડીલ તેમજ આદરણીય શ્રી આશર સાહેબ હાજર રહ્યા હતા. શ્રી હરેશભાઈ ના બહોળા વાંચનનો પરિપાક નો સહુને લાભ મળ્યો. તે બદલ સંસ્થા પરિવાર વતી શ્રી હરેશભાઈ ની હું આભારી છું.



તારીખ 10/ 10 /21 ના રોજ અમારી સંસ્થા દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય નો 60 વર્ષમાં પ્રવેશ થયો હોવાથી, આ સમગ્ર વર્ષ દરમિયાન વ્યાખ્યાનમાળા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત વ્યાખ્યાનમાળા ના બીજા મણકા ના વ્યાખ્યાન માટે કેળવણીના વિદ્વાન એવા શ્રી હરેશભાઈ ધોળકિયા ને આમંત્રિત કરવામાં આવ્યા હતા. સૌપ્રથમ સંસ્થાની તાલીમાર્થી બહેનો દ્વારા તેમનું ફૂલ અને ચોખા થી સ્વાગત

કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌ એ સમૂહમાં  પ્રાર્થના કરી. ત્યારબાદ કાર્યક્રમને આગળ વધારતા અમારી સંસ્થાના આચાર્યશ્રી રૂપલબેન માંકડ તથા અન્ય મહેમાનો દ્વારા, તેમજ ઉપસ્થિત વડીલો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન અમારી સંસ્થાના દ્વિતીય વર્ષનાતાલીમાર્થી લુણસિયા રોશનીબેન દ્વારા કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમની શરૂઆતમાં સૌપ્રથમ અમારી સંસ્થાના આચાર્યશ્રી ડૉ.રૂપલબેન માંકડ દ્વારા આદરણીય મહેમાન શ્રી નો પરિચય આપવામાં આપ્યો હતો. ત્યારબાદ કેળવણી ના વિદ્વાને એવા હરેશભાઈ ધોળકિયાએ તેમનુ વક્તવ્ય રજૂ કર્યું હતું. તેમણે કેળવણી કઈ રીતે સરળતાથી મેળવી શકીએ છીએ અને તેને સારી રીતે સમજી શકીએ તેની માહિતી આપી. યુવા પેઢી માટે પણ ઘણા સારા સંદેશો આપ્યા. આમ તેમના રસપ્રદ વિષયના વ્યાખ્યાનો આનંદ સૌ તાલીમાર્થીઓએ માણ્યો. અંતે આ કાર્યક્રમ નું સમાપન ડૉ.નીધીબેન અગ્રાવત દ્વારા કરવામાં આવ્યું હતુ. આમ ખૂબ જ ઉત્સાહ અને સફળતાપૂર્વક આ વ્યાખ્યાન કાર્યક્રમ સમાપ્ત થયો હતો.



# ષષ્ઠીપૂર્તિ વ્યાખ્યાનમાળા
# વ્યાખ્યાન મણકો ૩

**ષષ્ઠી** પૂર્તિ વર્ષ ૬૦ **(૧૯૬૩-૨૦૨૩)**

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલીયાબાડામા ચષ્ટી પૂર્તિ વર્ષ નિમિત્તે વ્યાખ્યાન માળા યોજવામાં આવી હતી.જેમાં તા.૩૧-૧૨-૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૦૦ વાગે તૃતીય મણકાનુ વ્યાખ્યાન “ડોલર ભાઇ માંકડ સ્મૃતિ ભવન” અલીયાબાડા ખાતે યોજવામાં આવ્યું હતું.

ત્રીજા મણકા એટલે કે ત્રીજા વ્યાખ્યાનમાં પ્રખ્યાત શિક્ષણ સાધક અને લોકભારતી વિદ્યાપીઠ ના વાઇસ ચાન્સેલર શ્રી ભદ્રાયુભાઇ વછરાજાની એ શિક્ષણની સાથી વિભાવના વિશે સંબોધન કર્યું.



સર્વ પ્રથમ તેમનું સ્વાગત મહાવિદ્યાલય ની બહેનો દ્વારા કરવામાં આવ્યું ત્યાર પછી ટ્રસ્ટીશ્રી તથા આચાર્યશ્રી અને આદરણીય વક્તા શ્રી ભદ્રાયુભાઇ વાછરાજાની દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું ત્યાર પછી આચાર્યશ્રી એ તેમનું પરિચય આપ્યું,



ત્યારબાદ શ્રી ભદરાયુભાઇ વછરાજાની એ કેળવે તે કેળવણી ની વિવિધ વ્યાખ્યાઓ અને જીવંત ઉદાહરણો દ્વારા કેળવણી ની સાચી સમજૂતી આપી.

"કેળવણી એ માણસમાં પહેલેથી જ રહેલી પૂર્ણતાનું અભિવ્યક્તિ છે"

સ્વામી વિવેકાનંદ

"કેળવણી એટલે કે મનને તે અંતિમ સત્ય શોધવા માટે સક્ષમ બનાવવું જે આપણને ધૂળના બંધનમાંથી મુક્ત કરે છે અને આપણને વસ્તુઓની નહીં પણ આંતરિક પ્રકાશની સંપત્તિ આપે છે, શક્તિથી નહીં પરંતુ પ્રેમથી". રવીન્દ્રનાથ ટાગોર

**"By Education I mean an all- round drawing out of the best in the child and man – body, mind and spirit."**

**_ Mahatma Gandhi**




ત્યારબાદ તેમણે કેળવણી વિશે ઘણી બધી વાતો કરી જેમકે:

• મનુષ્ય ને પોતાના કામ જાતેજ કરવા જોઈએ

આત્મનિર્ભર બનવું જોઈએ. • કેળવણી ના મુખ્ય ચાર સ્રોત વિશે કહ્યું તે છે જ્ઞાન, સમજ, ઉપયોજન અને કૌશલ્ય એ માણસમાં હોવા જરૂરી છે.

શિક્ષણ એ **EDUCATION** અને જે શિક્ષણ ને ફળદાયી બનાવે તે **TRAINING** એટલે કે કેળવણી.

• સાચો શિક્ષક એ ફક્ત પુસ્તકીયા જ્ઞાન દ્વારા નહીં પણ કૌશલ્યો અને પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાન અને કેળવણી આપે છે.

• કેળવણી એ શિક્ષણ નું મુખ્ય આધાર છે.

શ્રી ભદ્રાયુભાઇ વાછરાજાની એ ખૂબજ સહજતા અને જીવંત ઉદાહરણો દ્વારા ખુબ જ સારી રીતે વિદ્યા નિકેતન વિધ્યાર્થીઓને તથા બી.એડ માં અભ્યાસ કરતાં પ્રથમ અને દ્વિતીય વર્ષ ના તાલીમાર્થીઓને વિવિધ કૌશલ્યો તથા જીવન જીવવાના મુલ્યો અને કેળવણી વિશે માર્ગદર્શન આપ્યું.

# ષષ્ઠીપૂર્તિ વ્યાખ્યાનમાળા

# વ્યાખ્યાન મણકો ૪

**“એ વિચારીને ફૂલે ગજગજ**

**મારી છાતી.**

**હું અને મારી ભાષા**

**બંને ગુજરાતી”!**

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય માં તારીખ 10-10-2022 ના રોજ અમારી સંસ્થા દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય નો 60 વર્ષમાં પ્રવેશ થતો હોવાથી, આ વર્ષ દરમિયાન 10 વ્યાખ્યાનમાળા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વ્યાખ્યાનમાળા ના પાંચમા મણકા અંતર્ગત “માતૃભાષા સંવર્ધન પ્રતિષ્ઠાન”અને “દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય” ના સંયુક્ત ઉપક્રમે ગુણવંતી ગુજરાત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વ્યાખ્યાન માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ અને નિવૃત્ત શિક્ષણ અધિકારી શ્રી નૈષધ ભાઈ મકવાણાને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય



સૌપ્રથમ પ્રથમ અને દ્વિતીય વર્ષની તાલીમાર્થી બહેનો દ્વારા અતિથિ વિશેષનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ તાલીમાર્થીઓ દ્વારા સમૂહ પ્રાર્થના ગાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત અમારી સંસ્થાના આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડ તથા વિદ્યામંડળ ના ટ્રસ્ટી શ્રી આશર સાહેબ અને મહાવિદ્યાલય ના આમંત્રણ ને માન આપી અને ઉપસ્થિત મહેમાનશ્રી ઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.



આ સમગ્ર કાર્યક્રમનું જીવંત અને સમૃદ્ધ સંચાલન પ્રતિષ્ઠાનના સહસંયોજક શ્રી પિયુષભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માતૃભાષા પ્રતિષ્ઠાનના જિલ્લા સંયોજક અને મહાવિદ્યાલયના આચાર્ય ડૉ. રૂપલબેન માંકડ એ સંસ્થાનો પરિચય અને કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી.ત્યારબાદ જિલ્લા સહ સંયોજક શ્રી અમીરાજ બા જાડેજા દ્વારા મહેમાનો નો આવકાર પરિચય આપવામાં આવ્યો હતો.

ત્યારબાદ માતૃભાષા નું પ્રખર જ્ઞાન ધરાવતા હર્ષદભાઈ શાહે તેમનું વક્તૃત્વ રજૂ કર્યું હતું. શ્રી હર્ષદભાઈ શાહ એ માતૃભાષા સજ્જતા, સંવર્ધન અને સંરક્ષણ અંગે જાણકારી આપતા કહ્યું,

“લાગણીના જળ વડે મર્દન કરું છું,
શબ્દો કાગળ પર ઘસી ચંદન કરું છું,
બે ગઝલ, બે ગીતના પુષ્પો ચડાવી,
માતૃભાષા ને પ્રથમ વંદન કરું છું.”

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય



ત્યારબાદ નૈષદ ભાઈએ એમની કાવ્યાત્મક શૈલીમાં શિક્ષક માતૃભાષા સંવર્ધન શી રીતે કરી શકે ? અને તેની ભૂમિકા શું હોય ? તેની છણાવટ કરી હતી.

સમગ્ર કાર્યક્રમને અંતે અધ્યાપક શ્રી ડૉ. આશાબેન પટેલ દ્વારા ઉપસ્થિત મહેમાન શ્રી ઓ તેમજ કાર્યક્રમને સફળ બનાવવા બદલ નાના-મોટા સૌ ભાગીદારીઓ નો પણ આભાર વ્યક્ત કર્યો હતો. આમ ખૂબ આનંદપૂર્વક અને ઉત્સાહથી કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

# ષષ્ઠીપૂર્તિ વ્યાખ્યાનમાળા
## વ્યાખ્યાન મણકો ૫

**ષષ્ટિપૂર્તિ વર્ષ પ્રસંગે...**

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શ્રી ગંગાજળા વિદ્યામંડળ સંચાલિત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડા ના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય વાર્તા શિબિર કાર્યક્રમ “વાર્તાથી વારતા” નું આયોજન કરવામાં આવ્યું હતું.

- **અમારી વાર્તા:**

કેળવણીકાર અને સારસ્વત વિદ્વાન ડૉ.ડોલરરાય રંગીલદાસ માંકડની કર્મભૂમિ એટલે ગંગાજળા વિદ્યાપીઠ-અલિયાબાડા, શિક્ષણની સાથે કેળવણીની કેડી કંડારવાનો સંનિષ્ઠ પ્રયાસ એટલે દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિધાલય, અલિયાબાડા. જ્ઞાન, શ્રમ અને સમાજ સેવાના મૂળભૂત ધ્યેય સાથે છેલ્લા 60 વર્ષોથી ઉત્તમ શિક્ષક અને આદર્શ જીવન ઘડતર માટેનો સંસ્થા પરિવારનો પ્રયાસ રહ્યો છે. મહાવિધાલય છેલ્લા છ દાયકાની સફરમાં ઘણા પ્રયોગો અને પ્રયાસના પરિપાક રૂપે ઉત્તમ શિક્ષકોનું નિર્માણ કરી શક્યું છે. કેળવણીથી માનવ નિર્માણ અને સમાજ ઉત્કર્ષના ધ્યેય સાથે કાર્યરત મહાવિધાલય પરિવાર અનોખા પ્રયોગો કરી રહ્યું છે. સાંપ્રત પ્રવાહો સાથે રહેતા પોતીકા અને શાશ્વત મૂલ્યો સાચવવા હજુ આજે પણ પ્રતિબદ્ધ છે.

- **વાર્તાશિબિરની ભૂમિકા :-**

વાર્તા શું છે? આમ તો માનવ જીવન જ એક વાર્તા નથી શું? જીવનમાંથી પ્રગટ થતી વાર્તા જીવન ઘડે પણ છે. વાર્તા પ્રાચીન અને સર્વકાલીન છે. વાર્તા માનવ જીવનની અત્યંત નજીક પડતું એવું સાહિત્ય સ્વરૂપ છે કે જે ભાવાત્મક મૂલ્યને સ્પર્શે છે. જીવન મૂલ્યોના ઘડતર માટે વાર્તા આવશ્યક છે. વાર્તામાં કથા, ઘટના, ચરિત્ર-પાત્ર લેખન, પરિવેશ- સ્થળ, કાળ, વાતાવરણ જેવા ઘટકોનો સમાવેશ થાય જે જીવાતા જીવનમાંથી આવે છે, માટે છેક હ્રદય સુધી પહોંચે છે. આપણા વિચારોને બદલાવી શકવાની ક્ષમતા, પ્રેરણા આપવાની અને આત્મવિશ્વાસ સાથે વ્યકિતને ઊભી કરવાની તમામ શકિત વાર્તામાં રહેલી છે. બાળક માટે વાર્તા એક અદ્દભુત, રમ્ય અને સ્વર્ગીય દુનિયામાં દોરી જનાર દોસ્ત

બને છે. બાળકો માટે કે વયસ્કો માટે વાર્તા મનોરંજન અને જીવન ઘડતરનું સાધન છે. શિક્ષકો વાર્તાને માધ્યમ બનાવી બાળકોમાં જ્ઞાન સિંચન કરે તો વર્ગ સ્વર્ગ બને અને જ્ઞાન શાશ્વત બને તે વાર્તા શિબિરનો મુખ્ય હેતુ છે.

ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા વાર્તા શિબિરનું આયોજન થયું. સર્વશ્રી ઈશ્વરભાઈ પરમાર, કે જેમણે બાળવાર્તા થી ઘડાતું બાળ મનોવિશ્વ વિશે સહજ,ઉદાહરણો સાથે વાત મૂકી. બીજા વક્તા શ્રી કિરીટ ગોસ્વામી જેમણે બાળવાર્તા નાં રચના આયામો વિશે આધાર અને અભ્યાસપૂર્ણ વાત મૂકી ત્યારે શ્રી તરૂણ ભાઈ કાટબામણા એ વાર્તા પ્રસ્તુતિ અંગે રસાળ શૈલીમાં પ્રયોગો કરી વાર્તાનો આનંદ હેતુ બદલાવી દીધો.વાર્તા જીવન માંથી ઉદભવે છે અને જીવનને ઘડે છે, ત્યારે શિક્ષકોનું હાથવગું સાધન વાર્તા છે. શિક્ષકો બાળ વાર્તા શીખે,રચે અને સારી રીતે પ્રસ્તુત કરે તે તેમની પાસે અપેક્ષિત છે. રહી વાત આ માટે તેમને તક આપવાની..!! મહાવિદ્યાલય અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનાં સહયોગથી આ કાર્ય સફળ બનાવી શકાયું છે. જામનગર જિલ્લાની અન્ય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ, કેટલીક શાળાના શિક્ષકો અને આમંત્રિતો પણ જોડાયા તેનો આનંદ સવિશેષ હતો.. મહાવિદ્યાલયની ટીમ એકજૂટ થઈ કાર્ય સંપન્ન કરવામાં જોડાઈ અને સફળતાને આંબી ગઇ. તે બદલ સહુને અભિનંદન!!!

સમગ્ર સંસ્થા પરિવાર જોડાયો સહુએ વાર્તા અને ભોજન નો સહિયારો આનંદ માણ્યો. વિદ્યાર્થીઓના રસપ્રદ પ્રતિભાવ મહાવિદ્યાલય ટીમને ફરી કામ કરવા ઉત્સાહ પ્રેરે છે. ટ્રસ્ટી શ્રી આશર સાહેબ ની પૂર્ણ દિવસ માટેની હાજરી ખૂબ બળ પ્રદાન કરનારી રહી. બાળ સાહિત્ય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ સુધી પહોચવું જરૂરી છે અને તે તરફ એક ડગલું મંડ્યાનો અમને સંતોષ છે.

- **પ્રથમ બેઠક :-**

સૌપ્રથમ સર્વે મહેમાનોનું સ્વાગત થયું હતું, અને ત્યારબાદ સૌએ પ્રાર્થના કરી હતી, અને ત્યારબાદ દીપ પ્રાગટ્ય કર્યું હતું . સર્વે મહાનુભાવોનું સુતરની આટીની સુત્રમાળાથી સન્માન કર્યું હતું . શ્રી કિરીટભાઈ ગોસ્વામીને રાષ્ટ્રીય પુરસ્કાર મેળવેલ હોવાથી તેમનું સાલથી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી શ્રી માનનીય દિલીપસિંહ આશર સાહેબ એ સર્વે મહાનુભાવોને આવકાર્ય અને સર્વે મહાનુભાવોના વિશે માહિતગાર કર્યા. ત્યારબાદ આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડ એ "શિબિર એટલે



કે જેમાં સહુ સાથે મળીને વિચારે, કાર્યમાં જોડાય અને વાર્તા તત્વ શું છે? તે અંગેનું તેમને દ્રષ્ટિ બિંદુ સ્પષ્ટ કરતું વક્તવ્ય આપ્યું હતું." આદરણીય શ્રી ઈશ્વરભાઈ પરમાર જે બાળ સાહિત્ય વિશે ઊંડાણ ભર્યો અભ્યાસ કર્યો છે. તેમણે બાળવાર્તા થી ઘડાતો બાળ મનો વિશ્વ વિશે સહજ ઉદાહરણો સાથે વાત મૂકી પોતાના અનુભવેલા પ્રસંગોને વર્ણવ્યા હતા, અને વાર્તા શું છે તેમણે બાળકો માટે તે કેટલી જરૂરી છે અને તેનું વર્ણન  કર્યું હતું.

બાળક જેનો ભાવિક છે બાળમાનસ જે વ્યક્ત કરે છે અને તેને સંતોષે છે તેવું બાળ ભોગે  લખાયેલ સાહિત્ય એટલે બાળસાહિત્ય બાળ સહિત્ય નિમિત્તે બાળકોને કથારસ પહોંચાડવો જ જોઈએ સાથે જીવંત ભાષાનો પરિચય કરાવવાનો પ્રયત્ન પણ કર્યો.  બાળસાહિત્યમાં બાલકથા શિક્ષણનું મહત્વનું સાધન ગણાય છે. એવી સુંદર માહિતી આપી.


















દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય





- **દ્વિતીય બેઠક :-**

શ્રી કિરીટ ગોસ્વામી જેમણે બાળ વાર્તા ના રચનાના આયામો અભ્યાસ પર સંપૂર્ણ વાત મૂકી તેના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, વાર્તાઓ પરથી બોધ મળે તેવી વાર્તાઓ બાળકને કરવી જોઈએ બોધ પરથી વાર્તાઓ બાળકોને ઓછી કરવી જોઈએ બાળકો વાર્તામાંથી જ પોતાની જાતે બોધ મેળવી લે, વાર્તા અને અંતે બોધ કહેવાની જરૂર ન રહે તેવા સ્વરૂપની વાર્તાઓની રચના કરવી જોઈએ. ત્યારબાદ શ્રી તરુણભાઈ કાટબામણા જેમણે “વાર્તા પ્રયોગો અને પ્રસ્તુતિ” જેવા વિષય પર તેમણે વાર્તા પ્રસ્તુતિ



અંગે રસાળ શૈલીમાં પ્રયોગો કરી વાર્તા નો આનંદ હેતુ સર લાવી દીધો. વાર્તાની રચના કરતા ન આવડે તો કંઈ નહીં પરંતુ વાર્તા નું કથન કેવી રીતે કરવું તે મહત્વનું છે. વાર્તા રસ પડે તેવી રીતે બાળકોને સમક્ષ રજૂ કરવી જોઈએ. વાર્તામાં પ્રાણીઓનું વર્ણન આવતું હોય



તેવા અવાજમાં વાત કરવી જેથી બાળકોને વધુ રસ પડે ત્યારબાદ તેઓએ અમારી સૌ વચ્ચે આવીને વાર્તા ની આદર્શ રજૂઆત અને રસપ્રદ રીતે અભિવ્યક્તિ કરી હતી અને અંતે ડૉ.પ્રશાંતભાઈ ચૌહાણ એ ઉપસ્થિત તમામ મહેમાનોનું આભાર વ્યક્ત કર્યો હતો.



- **તૃતીય બેઠક :-**

તૃતીય બેઠકનો પ્રારંભ ડૉ.આશાબેન પટેલ દ્વારા શબ્દ પુષ્પથી મહેમાનશ્રીઓને આવકાર દ્વારા કરવામાં આવ્યો હતો. તૃતીય બેઠકમાં, બંને બેઠકમાં વક્તવ્ય દ્વારા રજૂ થયેલ વાર્તાનું કથન અને વાર્તાના ઘટકો ના સંયુક્ત ઉપયોગ દ્વારા વાર્તાની રચના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વાર્તા શિબિર નો પ્રતિભાવ માટે એસ. ડી. મેહતા કોલેજના અધ્યાપિકા શ્રી શ્રુતિબેન દ્વારા આપવામાં આવ્યો હતો. ત્યારબાદ પિયુષભાઈ પંડ્યા દ્વારા આગવી શૈલીમાં વાર્તાનું રસાસ્વાદ રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ચકલીની વાર્તા રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી







વાર્તાનું પઠન કરવામાં આવ્યું હતું .તરુણભાઈ એ વાર્તાની રજૂઆત માટે સૌ ને અભિનંદન પાઠવ્યા અને સર્વેને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં માનનીય શ્રી આશર સાહેબે સર્વેને સંબોધન પાઠવ્યું હતું, અને પોતાના વાર્તા ભંડોળમાંથી રસપ્રદ વાર્તાઓની રજૂઆત કરી હતી. કાર્યક્રમના અંતમાં આભાર વિધિ માટે ડો. જીગ્નેશભાઈ લીમ્બાચીયા



દ્વારા સમાપન કરવામાં આવ્યું હતું. આવા શુભ કાર્યક્રમ બદલ ગુજરાત સાહિત્ય અકાદમી તેમજ આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડનો અમે સૌ હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

અમને સૌને અમૂલ્ય અનુભવ પ્રાપ્ત થયો છે, જે બદલ ગુજરાત સાહિત્ય અકાદમીનો આ તકે શ્રી ગંગાજળા વિદ્યામંડળ સંચાલિત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડા આભાર વ્યક્ત કરે છે.



# ષષ્ઠીપૂર્તિ વ્યાખ્યાનમાળા
# વ્યાખ્યાન મણકો ૬

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં ષષ્ટીપૂર્તિ વર્ષ નિમિત્તે વ્યાખ્યાનમાળા નાં છઠ્ઠા મણકાનું વ્યાખ્યાન તારીખ:૧૭/૩/૨૦૨૩નાં રોજ યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં અતિથિ વિશેષ એવા ફૂલછાબનાં તંત્રીશ્રી જ્વલંતભાઈ છાયા ઉપસ્થિત રહ્યા હતા. તેમનું વ્યાખ્યાન શિક્ષણ અને મીડિયા પર યોજવામા આવ્યું હતુ.114




સમગ્ર કાર્યક્રમનું સંચાલન દ્વિતીય વર્ષીય તાલીમાર્થી શ્રી હાર્દિકભાઈ સિસોદિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરુઆત સવારના ૯:૩૦ કલાકે થઈ હતી. સૌપ્રથમ અતિથિઓનું સ્વાગત પ્રથમ વર્ષીય તાલીમાર્થી શ્રી ઠાકર કિશોરભાઈ એ મંત્રોચાર દ્વારા તેમજ પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ ના તાલીમાર્થી બહેનો દ્વારા કંકુ અને ચોખા દ્વારા કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના થી કરવામાં આવી હતી. ત્યારબાદ દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અતિથિ શ્રી જ્વલંતભાઈ છાયા, ટ્રસ્ટી શ્રી દિલીપસિંહ આશર અને આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડનાં હસ્તે દિપપ્રાગટ્યવિધિ સંપન્ન થઈ હતી.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય




આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડે અતિથિ વિશેષ શ્રી જ્વલંતભાઈ છાયાનું એક નિષ્ઠાવાન વ્યક્તિ અને પ્રયોગવીર તરીકે હર્ષ અને ગૌરવની લાગણીસહ શાબ્દિક સ્વાગત કર્યું. તેમણે શ્રી જ્વલંતભાઈ છાયાનો સવિશેષ પરિચય આપ્યો તેમના પરિચયમાં શ્રી જ્વલંતભાઈ એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અભ્યાસ કરેલો છે. તેઓ ગુજરાત સમાચાર, આજ-કાલ સમાચાર, સાંજ સમાચાર, દિવ્યભાસ્કર અને ચિત્રલેખા જેવા સમાચાર પત્રોમાં જોડાયેલા છે. તેમને પત્રકારત્વ સાથે સાહિત્યમાં પણ ખુબ રસ છે. તેમને સાહિત્યના પ્રયોગો પણ કર્યા છે. તેઓ સારું વ્યક્તિત્વ ધરાવે છે.તેઓએ કુલ ૩૫૦ જેટલા લોકોના

ઇન્ટરવ્યૂ લીધા છે. તેમનો વાર્તાલાપ દૂરદર્શન અને આકાશવાણીમાં પણ પ્રસારીત થાય છે. શબ્દોથી સ્વાગત કર્યા બાદ ટ્રસ્ટી શ્રી દિલીપસિંહ આસર સાહેબ એ તેમનું સુતર ની સઊત્રમઆળઆ પહેરાવીને સ્વાગત કર્યું હતું.તેમને શ્રી જ્વલંતભાઈ છાયા નો પણ આભાર વ્યક્ત કર્યો કારણ કે તેમને સંસ્થા માટે તેમનો કિંમતી સમય ફાળવ્યો હતો.



શ્રી જ્વલંતભાઈ છાયાએ "શિક્ષણ અને મીડિયા"પર વકતવ્ય આપ્યું. સૌપ્રથમ તેઓ સંસ્થામાં આવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, તેનો રાજીપો વ્યક્ત કર્યો હતો. તેઓ કહે છે કે,"શિક્ષણ અને મીડિયામાં અને શબ્દની જરૂર નથી,.શિક્ષણ મીડિયા એમ પણ કહી શકાય." જ્યારે શિક્ષક સમાજ વચ્ચે હોય ત્યારે તેનાં આભાની નોંધ લેવાતી હોય છે. જ્યારે કોઈ વ્યક્તિએ વ્રત લીધું હોય ત્યારે તેઓ માત્ર ફળ આહાર લઈ શકે છે; બીજુ કંઈ નહીં. તેમ શિક્ષક પણ આ ભવનો વ્રતધારી છે. તેમણે સમાજના ઉત્કર્ષનુ, સમાજને આગળ વધારવાનું વ્રત લીધું છે. મોરારી બાપુએ શિક્ષકને ગર્ભવતી સ્ત્રીનો દરજ્જો આપ્યો છે. એક સ્ત્રી ગર્ભવતી હોય ત્યારે તેનાં ખોરાક, વિચાર, વર્તન, વગેરે.. પર ધ્યાન આપે ત્યારે નવ મહિના બાદ બાળકને જન્મ આપે છે. તેમ શિક્ષક પણ પોતાનું વર્તન, વાણી, વ્યવહાર વગેરે.. પર ધ્યાન આપ્યાં બાદ આશરે નવ મહિના બાદ ૩૦-૪૦ વિદ્યાર્થીઓને જન્મ આપે છે.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય



પત્રકાર દરરોજ નોંધાતો ઇતિહાસ છે, શિક્ષક તેનો સાક્ષી છે. પહેલાના સમયમાં પત્રકાર ખુબ જ ધીમો હતો. પણ જેમ-જેમ ટેકનોલોજીનો વિકાસ થયો તેમ પત્રકાર પણ ખુબ જ જડપી બન્યું છે. આજે દુનિયામાં કોઈ પણ છેડે બનતી ઘટના આપણને

તરત જ ખબર પડી જાય છે. એમ કહી શકાય કે આંખ અને કાન ખુલ્લા રાખીએ તો શિક્ષણ ૨૪ કલાક ચાલુ છે.


શિક્ષણ અને પત્રકારનો સમન્વય કરતા જણાવે છે કે," શિક્ષણ અને પત્રકાર બંન્ને યજ્ઞ જેવું છે, જેટલું હોમિયે તેટલું વધારે મળે."

શ્રી જ્વલંતભાઈ છાયા મોરારી બાપુનો વિચાર કહીને તેની વાણીને વિરામ આપે છે,"કોઈની ઉદારતાને  આપણી લાયકાત ન સમજવી."

કાર્યક્રમનું સમાપન આભારદર્શન દ્વારા પ્રથમ વર્ષના તાલીમાર્થી શ્રી દવે સોહમભાઈએ કર્યું હતું. ટ્રસ્ટી શ્રી દિલીપસિંહ આસર સહેબ અને આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડ કે જેમણે "શિક્ષણ અને મીડિયા" વિશેના કાર્યક્રમનો વિચાર વ્યક્ત કર્યો અને અતિથિ વિશેષ શ્રી જ્વલંતભાઈ છાયા કે જેઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા તથા "શિક્ષણ અને મીડિયા" વિશે ખૂબ જ સરસ માહિતી પ્રદાન કરી તે બદલ તેમનો ખાસ આભાર માન્યો. કાર્યક્રમનું સુંદર આયોજન કરવા અને કાર્યક્રમમાં સહભાગી થવા બદલ દરેક તાલીમાર્થીઓને આભારની લાગણી વ્યક્ત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા બદલ દરેક વ્યક્તિનો આભાર માનીને કાર્યક્રમની પૂર્ણાહુતી થઈ હતી. આમ, સમગ્ર કાર્યક્રમ રસપ્રદ અને સફળ રહ્યો હતો.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય


# સંસ્થા મુલાકાત પ્રતિભાવ


|Notes| Date

"દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય" ની મુલાકાત વખતે થતો આનંદ માત્ર અનુભૂતિ નો જ વિષય છે, શબ્દો માં ઉતારવા નું શક્ય નથી. ભૂતકાળ ની સ્મૃતિ ઓ ને વાગોળતા, વખોડતા, મૂલ્ય ડોકાડા ઓ પુનઃસ્થાપિત કરવા જુસ્સા નું નવ ના આ નૈતિક સમય સદી માં ખૂબ વધુ જરૂર છે. જો કે મૂલ્યાંકન કરનાર પોતે મૂલ્યવાન હોવા જોઈએ, જે કદાચ હું નથી. તેથી આનંદ ની માત્ર અનુભૂતિ અનુભવ કરતો હું.

— લલીત ચૌટાઈયા
29/07/22

દરબાર ગોપાળદાસ


|Notes| Date 19/10/2020

શ્રીજું નોરતું – મનુષ્ય ગૌરવ દિન


ગણિયાળા – નામ શિક્ષક-પ્રશિક્ષણમાં જોડાયો ત્યારથી સાંભળેલું. આજે પરિસરમાં પ્રવેશતાં જ પ્રસન્નતા અને તાજગી અનુભવી. સંસ્થાના સમૃદ્ધ વારસાને અનુભવ્યો.

સ્થાપકોની દૃષ્ટિ નજરે પડે છે. નવપલ્લવિત થવાની શક્યતાઓ રૂપલબેનના નેતૃત્વમાં સાકાર થશે. પાંચ અધ્યાપકો પાંડવની જેમ ધર્મરક્ષા (શિક્ષક ધર્મ)નું કર્તવ્ય નિભાવશે અને સમાજને ઉત્તમ શિક્ષકો ઘડતર કરી આપશે અને ડૉ. માંકડની સંસ્થા સ્થાપનાના હેતુને સાર્થક કરશે.

પ્રાર્થના ખંડનો સમય ચારુ બેસ્યા પછી સૌનો પ્રસન્નતા પોતાપણું અનુભવ કરાવે.


સંસ્થા ખૂબ પ્રગતિ કરે અને ક્ષેત્રમાં નામાંકિત સંસ્થાઓમાં અગ્રિમ સ્થાને આવે તેવી શુભકામનાઓ સાથે વંદન.

ડૉ. હર્ષદભાઈ પટેલ.
VC - IITE



25/4/2023

શિક્ષણ સંસ્થા આદર્શ તેનું નામ જ તે સંસ્થાની સફળતા. દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય આવી જ સમૃદ્ધ શિક્ષણ સંસ્થા છે. આજે આ મહાવિદ્યાલય 6 દાયકા પૂર્ણ કર્યા છે તેનો હર્ષ વ્યક્ત કરું છું. મારો લેખ જ મને અહીં ખેંચી લાવ્યો છે. આનંદ.

(ભરત જોશી 'પાર્થ મહાબાહુ')
વાઇસ ચાન્સેલર (ઇ.)
ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ.


Date 17-3-2023

આનંદનું શિક્ષણ... શિક્ષણનો આનંદ.... અહીંની આ અનુભૂતિ.
ભાવવિશ્વનું સંભારણું
ભાવે ઠરે તો આનંદ
હૃદય તો હોવું જ જોઈએ
એ હૃદય, અહીં છે.
જે મળવું તે દુર્લભ.
મારી શુભેચ્છા, સદા
જયંતી
17/3/23



દિ. ૨૨.૦૨.૨૦૨૩

આજે ગંગાજળા વિદ્યાપીઠ સંચાલિત હરભાઈ ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડામાં જ્ઞાનયાત્રા... ભાષાયાત્રા થઈ. ખૂબ આનંદદાયક અનુભૂતિ થઈ. જ્ઞાન, સંસ્કાર અને શ્રમનિષ્ઠાનો ત્રિવેણીસંગમ અહીં જોયો.

રૂપલબહેન જેવા ગંગોત્રીની ધાર જેવો પ્રેરણાસ્રોત અહીં નિરંતર વહ્યા કરે છે જેનો અમૃતસ્પર્શ અહીંના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓમાં થઈ રહ્યો હોવાનો અહેસાસ થાય છે.

ભાવિ યુગના નિર્માતાઓનું નિર્માણસ્થાન સતત વિકસતું રહે એવી શુભ કામના વ્યક્ત કરું છું.

પ્ર. શાહ
22.02.2023



આજે હરભાઈ ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડામાં આવવાનો પ્રસંગ બન્યો.

'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' ગાંધીનગર દ્વારા ભાષાસજ્જતા, ભાષાસંવર્ધન અને ભાષા સંરક્ષણ'ના ઉદ્દેશથી થતા વિવિધ કાર્યો સંદર્ભે પ્રવાસ ગોઠવાયો હતો. પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ શ્રી હર્ષદભાઈ સાથે આ શૈક્ષણિક સંસ્થામાં ત્યાંના બહુ વિદ્યાર્થી, વિદ્યાર્થિનીઓ સાથે ગોષ્ઠિ કરી.

સંસ્થાનું શિસ્તબદ્ધ અને સંસ્કારી વાતાવરણ સ્પર્શી ગયું. આચાર્ય ડૉ રૂપલબહેન અને શિક્ષકગણનો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ અત્યંત સરાહનીય.


માતૃભાષા પ્રત્યે સજગ એવા શિક્ષકો અને શિક્ષિકાઓ આવનારા સમયમાં ઉજ્જવળ કામ કરશે જ. એ શ્રદ્ધા સાથે.

– નૈષધ મકવાણા
22/2/23


૨૧ ફેબ્રુઆરી ૨૦૨૩ નો વિશ્વ માતૃભાષા દિવસ ની ઉજવણીના ભાગ સ્વરૂપે આવવાનું થયું અને વક્તા તરીકે માતૃભાષા નો મહિમા વિષય પર વાત મૂકી અને લગાતાર ૩૦ મિનિટ વાતચીત કરી અને મા ગૂર્જરી ની ગુજરાતી ના ગુણગાન ગાવાનો સુઅવસર પૂરો પાડી આભાર માનું છું અને ડૉ. રૂપલબેન માંકડ એ આપ્યો તો હૃદયપૂર્વક આભારની સાથે.

ખૂબ સારા વાતાવરણ માં મા ભારતી ના વારસો ગુર્જર ગાન નો ઉપક્રમ કાયમ ચાલતો રહેશે.


ડૉ. એ. વી. ચંદાલિયા
વિભાગાધ્યક્ષ (હિન્દી)
શ્રી ધ. એમ. મહેતા કોલેજ
અમનગર



|Notes| Date 21-2-2023

આજરોજ માતૃભાષા દિવસ નિમિત્તે આપની સંસ્થામાં વક્તવ્ય આપવાનું થયું. મારો વિષય માતૃભાષામાં "કથા વૈભવ" પર હતું. જેમાં માતૃભાષામાં શિક્ષણ સાથે સંસ્કારો અર્પતી કૃતિઓ/કથાઓ કહી. ખૂબ આનંદ થયો આ માટે આયોજકો અને સંસ્થાનો ખૂબ-ખૂબ આભાર.

પ્રા. ડૉ. નયના પંડ્યા



|Notes| Date 23/1/23


અજિયાળા નામ સાંભળતા જ પરંપરાઓનું સ્મરણ સાંભરી જાય. અહીં પરંપરાઓનો મેળો લાગતો. આદરણીય ડૉ. કાકાની ચેતના આ ભૂમિમાં સર્વથા આશીર્વાદિત છે.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા આયોજિત વાર્તા થી વારતા કાર્યક્રમમાં વક્તા તરીકે આવવાનું થયું. ધન્ય થઈ ગયો. ગીજુભાઈ બધેકાની ચેતના હજુ ઘણાને સીંચતો ભરીને ઊભા કરતી રહી છે. આજની આ શિબિરમાં ભવિષ્યના શિક્ષકો સાથે સંવાદ કરવાનો અવસર મળ્યો. પ્રશિક્ષણાર્થીઓને બાળવાર્તા શીખવા-શીખવવાનો અવસર મળ્યો. ખૂબ ભવ્ય આનંદની અનુભૂતિ થઇ.

રાષ્ટ્રના નિર્માણ માટે વાર્તા ખૂબ જરૂરી છે. શિક્ષકની વાર્તા આપશે તો ભવ્ય ભારતનું નિર્માણ હાથવેંતમાં હશે. આવા પરિસંવાદ, શિબિર અવારનવાર થતા રહે તેવી અપેક્ષા સહ મારો આનંદ વ્યક્ત કરું છું.

આદરણીય રૂપલમાં ને મારા વંદન...

- વરુણ કાટબામણી
જૂનાગઢ
23/1/23



|Notes| Date 22/2/2023

પરમ વંદનીય વિદ્યાપુરુષ ડોલરરાય માંકડની આદર્શ વિદ્યાસંસ્થામાં આવવાનું નિમિત્ત મળ્યું એની ધન્યતા છે.
માતૃભાષા ગુજરાતીના શિક્ષક હોવાનું ગૌરવ છે જ, પરંતુ 'વિશ્વ માતૃભાષા દિવસ' નિમિત્તે માતૃભાષા ગુજરાતીના કાવ્યવૈભવની ઝાંખી કરાવી શકાઈ એનો પણ વિશેષ આનંદ છે.

આદરણીય ટ્રસ્ટીશ્રી ડૉ. આશિષ સાહેબ અને આચાર્ય ડૉ. રૂપલબહેન માંકડના સરાહનીય આયોજનના સંતોષનો ઓડકાર અનુભવાયો.

ગમતી સંસ્થામાં ગમતા વિષય પર વાત કરવાના આનંદ સાથે-

નીતિન વડગામા
22/2/2022

નીતિનભાઈ વડગામા,

|Notes| Date 23/1/'23

'વાર્તાથી વારતા' બાળવાર્તા શિબિરમાં
અલીઆબાડા, બી.એડ. કૉલેજ ખાતે 'બાળવાર્તાનાં
ઘટકતત્ત્વો' વિશે વાત કરવાનો આનંદ!
આજે પૂજ્ય ડૉ. કલામનો જન્મદિન!
ડૉ. ઈશ્વર પરમારની હાજરીમાં બાળસાહિત્યનો
આવો સેમિનાર ખરેખર વધારે રસપ્રદ, રોમાંચક બની
રહ્યો.

જે કૉલેજમાં ભણ્યા હોઈએ; ત્યાં આવવું, વાત કરવી,
એક દિવસ રહીને વરસોનાં સ્મરણો વાગોળવા - એ
લહાવો - અમૂલ્ય અવસર આજે મળ્યો. એ માટે
Thanks to રૂપલ'મા'!

આયોજન ઉત્તમ! બધાંને સાંભળવાની મજા
પડી!

ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી
બાળસાહિત્યના આવા કાર્યક્રમો વારંવાર થતા રહે
એ આશા હવે અસ્થાને નથી.

પુન: રૂપલ'મા'ને વંદન સહ મારો ખૂબ-
ખૂબ રાજીપો વ્યક્ત કરું છું.

— કિરીટ ગોસ્વામી

માતૃસંસ્થા — ડૉ. [illegible] શિક્ષણ મહાવિદ્યાલય — ના દર્શન
થકી આનંદવિભોર થયો છું. વિશેષ આનંદ તો
એ બાબતનો છે કે પ્રિ. રૂપલબેનનો માતૃવત્
પ્રયાસ થકી ગુજરાતભરના [illegible] અને
બાળસાહિત્યકારો [illegible] મોકો અને
પ્રશિક્ષણ [illegible] વધારી અને નવા
[illegible] છે. સંસ્થાને પુન: પુન: શુભેચ્છાઓ
અને ડૉ. બાબુભાઈ — ગોરા ~~[illegible]~~ ના
જન્મદિન [illegible] આનંદ [illegible] રહ્યો.

[illegible signature]

23-1-'23

ઈશ્વરભાઈ પરમાર

આજે, ૨૯/૧૧/૨૨ના મારી માતૃસંસ્થા [illegible] ની પુનઃ મુલાકાત લીધી, [illegible] સંસ્મરણો તાજાં થયાં.

સંસ્થાનું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. તેમનું આ [illegible] [illegible] [illegible] [illegible] છે તેના દર્શન કરવાનાં. આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

[illegible]
ભૂતપૂર્વ વિદ્યાર્થી:
હરેશ ધોળકિયા

આજે ફરી તીર્થસંસ્થામાં આવ્યાં
અને ફરી ધન્ય થયાં.
પૂજ્ય ડૉ.કાકાનું કૌટુંબિક સ્મરણ
સતત રહ્યું અને
તેથી વાતો વહેંચવાની મજા આવી.
ફરી આવીશ ત્યારે પરિસર વધુ લીલું
અને ધમધમતું હશે, તેવી શ્રદ્ધા બંધાણી.
હે મા, અહીં શ્રવસજે
અને
ભરચક્ક વરસજે.

ભદ્રાયુ
૩૧/૧૨/૨૦૨૨.
વર્ષાન્ત + સુખાંત

10 ઓક્ટો. 2022

આજે આ શિક્ષણ સંસ્થાની
[illegible] છે. આચાર્યશ્રી
અધ્યાપકશ્રી
અને શિક્ષક ભાઈ-બહેનો શ્રીને
મળીને પ્રસન્નતા અનુભવું છું.
અહીં સર્વે [illegible] જે [illegible]
આ સંસ્થાની સિદ્ધિ છે. સ્વચ્છ,
સુંદર અને વ્યવસ્થિત છે.
આશીર્વાદ!

[illegible]
આશિ

શ્રી નરોત્તમભાઈ પલાણ
પોરબંદર

|Notes| Date ૭ જુલાઈ '૨૨

ઘરઘરમાં ગુંજી બોલતા.....

આ વિદ્યાવાડી ! ડોસકાના સ્વપ્નની ભૂમિ! ગુજરાતની પ્રથમ ગ્રામવિદ્યાલયશાળા. તેના કણે કણમાં ડોસકાનું સ્મરણ થાય. તે સ્થળે ડોસકાના આદર્શ અને સંસ્કારિતાની વાત કરવાની મન જ આજે રોપ.

કાશીમાં વેદપાઠ ! ચિ. રૂપલબહેન અને પૂરા સ્ટાફ અભિનંદન ગણા! તાલીમાર્થીઓ સાથે પણ આનંદ આનંદ!

ફરી ફરી વંદન આ પુણ્યભૂમિને.

(signature) ૭।૭।૨૦૨૨

दि 25.09.2022

अद्य शिक्षणशास्त्री महाविद्यालये आगमनं जातम्। बहु पुरातनी प्रसिद्धा च एषा संस्था। यथा पूर्वं श्रुतम् आसीत् तद्वत् एव पवित्रवातावरणम् प्राकृतिक-परिसरः, जीवन्तं शिक्षणम्, अनुशासनम् अनुभूतम् मया। वास्तविकी विद्यासंस्था अस्ति इयम्। सर्वेभ्यः शुभकामनाः अभिनन्दनानि च। धन्यवादः।

— जयशङ्करः रावलः
गु.रा. संस्कृतबोर्ड- गान्धिनगरम्

# Star Students

GUJCOST દ્વારા આયોજીત અમૃત નવસર્જન રાજ્ય કક્ષાની કોડિંગ સ્પર્ધામાં

ચોથો  નંબર- દવે ખુશાલી





GUJCOST દ્વારા આયોજીત અમૃત નવસર્જન રાજ્ય કક્ષાની કોડિંગ સ્પર્ધામાં

ત્રીજો નંબર- ભૌતિક સોલંકી

IITE દ્વારા આયોજીત આંતર યુનિવર્સિટી ચેસ ટુર્નામેન્ટમાં

પ્રથમ નંબર - ઓડેદરા રૂપા



## IITE દ્વારા આયોજીત આંતર યુનિવર્સિટી ખો-ખો ટીમ માં પસંદગી

## બેરા પારસ અરશીભાઈ



કલાકુંજ ૨૦૨૨ અંતર્ગત શ્રી દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડાનાં પ્રથમ વર્ષનાં તાલીમાર્થીઓ દત્તાણી ધારા બહેનનો શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં ત્રીજો તથા ચૌહાણ હર્ષા બહેન નો ચિત્ર સ્પર્ધા માં બીજો નંબર આવ્યો હતો . બંને તાલીમાર્થીઓને ભૂતપૂર્વ શિક્ષણ મંત્ર જીતુભાઈ વાઘાણી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય





દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડાના વિદ્યાર્થીઓ ઠાકર તેજશ્રી, નાથાણી પાર્થ  IITE ગાંધીનગર (ગુજરાત) દ્વારા યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની ટીચિંગ લર્નિંગ મટીરીયલ કોમ્પિટિશનમાં (૨૦૨૩) ભાગ લીધો હતો. જેમાંથી રાષ્ટ્રીય કક્ષાએ બે વિદ્યાર્થીઓએ બે જુદી જુદી કેટેગરી જેમાં ઠાકર તેજશ્રી કેતનભાઇએ 'ટીચિંગ મોડલ કેટેગરી' અને નાથાણી પાર્થ નરેશભાઈએ 'સ્ટીમ બેઝડ ટીચિંગ એઇડ કેટેગરી'માં એમ બન્ને તાલીમાર્થીઓએ દ્વિતીય ક્રમાંક મેળવીને મહાવિદ્યાલય તથા જિલ્લાને ગૌરવ અપાવ્યું.










દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડામાં પ્રથમ વર્ષ ના તાલીમાર્થી ભાઈ શ્રી ભવ્યેશ કેતનભાઇ વાછાણી યુવા મતદાર મહોત્સવ અંતર્ગત જામનગર 77 ગ્રામ્યના બેસ્ટ કેમ્પસ એમ્બેસેડર તરીકે ઉત્તમ કાર્ય કરવા બદલ જામનગર કલેકટર શ્રી દ્વારા પ્રમાણપત્રથી સન્માન કરવામાં આવેલ હતું યુવા મતદાર મહોત્સવના કો-ઓર્ડીનેટર ડૉ.આશાબેન એમ. પટેલના સહયોગ અને માર્ગદર્શન દ્વારા ઉત્તમ કાર્ય કરીને કોલેજને  ગૌરવ અપાવ્યું છે.



# G20 Activities

## Group discussion

અમારી કોલેજ દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય શિક્ષણની સાથે સાથે તમામ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેનારી કોલેજ છે. અહીં પિરિયડના તાલીમાર્થીઓને ફક્ત શિક્ષણ લગભગ જ્ઞાન જ નહીં પરંતુ ઘણા બધા ઇનોવેશન ને લગતા વિચારોને પણ પ્રોત્સાહન મળે છે. આ કોલેજમાં વર્ગખંડને જીવંત કે જિંદાદિલી રાખવો એના વિશેની તાલીમ અપાય છે.




**G20** એટલે એ વિશ્વના ટોચના **19** દેશ અને યુરોપિયન યુનિયન નું બનેલું એક સંગઠન છે. યુરોપિયન કમિશન અને યુરોપિયન સેન્ટ્રલ બેન્ક યુરોપિયન યુનિયન નું પ્રતિનિધિત્વ કરે છે. તો એવી જ રીતે અમારી કોલેજમાં તારીખ **7/3/**૨૦૨૩ ના રોજ **G20** અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે. જેમાં ગઈકાલે એટલે કે મંગળવારના રોજ જી-**20** અંતર્ગત ડિબેટ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું.

દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય

ડિબેટ નો વિષય એજ્યુકેશન એન્ડ ડેવલોપમેન્ટ ફોર વુમન એવો હતો તેમાં આજની નારી માટે એજ્યુકેશન કેટલું મહત્વનું છે, એજ્યુકેશન કેવી રીતે તે એના ઘરમાં એના પરિવારમાં ઉપયોગ કરી શકે તેમજ આવનારી પેઢીમાં જે પોતાનામાં એજ્યુકેશન છે તેનું કેવી રીતે પ્રસરણ કરી શકે તેના વિશેની વાત કરી. તેમજ મહિલાઓના એવલોપમેન્ટ માટે સરકારી વિવિધ સ્કીમ બહાર પાડી છે તેના વિશે ડિબેટમાં ચર્ચા કરવામાં આવી. મહિલાઓ માટે સમાજ શું ફાળો આપી શકે, શિક્ષણ શું ફાળો આપી શકે તેમજ અત્યારે તો મહિલાઓ ઘણી બધી સશક્ત થઈ ગઈ છે એના વિશેની પણ ચર્ચા કરી. અત્યારની મહિલા પુરુષના બરોબર ચાલી રહી છે. મહિલાઓ બધા જ ક્ષેત્રમાં એટલી જ આગળ છે. તેમજ બધા જ ક્ષેત્રોમાં મહિલાઓનું યોગદાન પણ ઘણું બધું છે.



આજના સમયમાં હજુ ઘણા એવા વિસ્તાર છે જ્યાં મહિલાઓને સ્થિતિ ઘણી જ ખરાબ હોય છે. મહિલાઓને એજ્યુકેશન પણ ઓછું મળતું હોય છે, ત્યાં જાગૃતતા લાવી જોઈએ તેમજ સરકારે જે મહિલાઓ વિશેની વિવિધ યોજનાઓ બહાર પાડી છે તેના વિશે તે લોકોને સમજાવવા જોઈએ. તેમજ આ સાથે સાથે અત્યારે મહિલાઓ માત્ર ઘરનું જ નહીં પરંતુ સાથે સાથે બહારનું કામ કરે છે. ઘર અને બહારની જો બંનેને તે સંભાળી રહી છે એના માટે પુરુષોએ પણ તેનો સહયોગ કરવો જોઈએ. એ બધા નિક ડિબેટમાં ચર્ચા કરવામાં આવી.

આ કાર્યક્રમમાં ઘણાબધા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગૌરવ, નિકિતા, રૂકસાર,

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

નિધી, નીતા, રૂપા, ભવ્યેશ, કેવલ, કુલદીપ વગેરે એ ભાગ લીધો

તેમાંથી ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. જે નીચે મુજબ છે.

રીતુબા રુક્ષાર, સુમન

તેમજ **G-20** ના નોડલ ઓફિસર ડો. આશાબેન પટેલ હતા અને કોર્ડીનેટર તરીકે ડૉ. નિધીબેન અગ્રવાલ હતા તેઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહ પૂર્વક ભાગ ભજવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કર્તા આશાબેન મફતલાલ પટેલ હતા. તેઓએ અમને નારી સશક્તિ અંગે માહિતી આપી અને કઈ રીતે નારીને વધુ સશક્ત બનાવી શકાય એના વિશેની સમજણ પૂરી પાડી હતી.




### Debate

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડા કોલેજમાં તારીખ **24/2/2023** ના રોજ **G20** અંતર્ગત ડિબેટ એક્ટિવિટી નું આયોજન કરેલું હતું જેનો

વિષય ડિજિટલ ઇકોનોમી છે. જેનું આયોજન ડૉ. નિધિબેન અગ્રાવત દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. નિધિબેન અગ્રાવત દ્વારા કરવામાં આવ્યું જેમાં તેઓએ **G20** વિશે માહિતી આપી હતી.

ડિજિટલ ટેકનોલોજી ના ફાયદા એ છે કે ઉપકરણનો નાના હળવા અને વધુ સર્વત્રોમુખી બને છે તેનો અર્થ એ પણ છે કે વિશાળ માત્રામાં માહિતી સ્થાનિક રીતે અથવા દુરસ્ત રીતે સંગ્રહિત કરી શકાય છે અને લગભગ તરત જ અને સરળતા થી એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડી શકાય છે, માહિતી શબ્દનો અર્થ હવે માત્ર માહિતી જ નથી તેમાં ઓડિયો વીડિયો અને ઈમોજીસ પણ સામેલ છે. ઉપરાંત હવે આ માહિતીની હેરફેર કરવી સરળ છે. પરંતુ ડિજિટલ ના તમામ ફાયદા ઓ સાથે સમાજ પર ડિજિટલની નકારાત્મક અસર પણ છે.




અમારી કોલેજમાં ડિબેટ એક્ટિવિટી માટે આઠ તાલીમાર્થી ઓના જૂથ બનાવવામાં આવ્યા હતા. એક જૂથ ભાઈઓ નું અને એક જૂથ બહેનો નું બનાવવામાં આવ્યું હતું. બહેનોનાં જૂથને ડિજિટલ ઇકોનોમીના હકારાત્મક પાસાનું વિવરણ અને ભાઈઓને નકારાત્મક પાસાનું વિવરણ કરવાનું હતું. જે ડિબેટ માં ડેટા સુરક્ષા, સામાજિક સ્થિતિ, સોશિયલ પ્લેટફોર્મની સંસ્થાઓ, સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો ઉપર ચર્ચા કરવામાં આવી. આ ડિબેટમાં મુખ્ય આયોજક ડોક્ટર નિધિબેન અગ્રાવતે પણ ભાગ લીધો અને ડિજિટલ ઇકોનોમી વિશે વિસ્તૃત માહિતી આપી હતી.





આ ડિબેટ અંતર્ગત ફોટોગ્રાફી સોહમ દવે અને ઋષિ રાયઠઠા દ્વારા કરવામાં આવી હતી.

અમારી કોલેજમાં અલગ-અલગ વિષય પર ચર્ચા કરી હતી, તે વિષયો નીચે મુજબ છે :-

1. ડેટા સુરક્ષા
2. ગુના અને આતંકવાદ
3. જટિલતા
4. ગોપનીયતાની ચિંતાઓ
5, સામાજિક ડિસ્કનેક્ટ
6. વર્ક ઓવરલો
7. ડિજિટલ મીડિયા મેનીપ્યુલેશન
8. નોકરીની અસુરક્ષા
9. સાહિત્યચોરી અને કોપીરાઈટ
10.અનામી અને નકલી વ્યક્તિઓ
11. ગેજેટ્સ પર વધુ પડતી નિર્ભરતા
12. વ્યસ
13.સેકન્ડહેન્ડ લિવિંગ
14.સંસ્થા અને સંગ્રહ
15. ડિપર્સનલાઈઝ્ડ વોરફેર
16. આયુષ્ય
17.સામાજિક વિમુખતા

કુલ આઠ તાલીમાર્થીઓ એ ભાગ લીધો હતો. જેમાં બહેનોમાં માવ માનસી, શેખ રૂક્ષાર, દત્તાની ધારા અને ઓડેદરા રૂપા હતા તથા ભાઈઓમાં મહેતા ગૌરવ, વાછાણી ભવ્યેશ, દવે સોહમ, અને કેવલ ગોસ્વામી. આ તાલીમાર્થીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. ડિબેટમાં બધા વિદ્યાર્થીઓ ખૂબ રસ દાખવ્યો હતો તથા સફળતા પૂર્વક ડિબેટ નું આયોજન કરવામાં આવ્યું હતું.

સમાપન

સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન ડોક્ટર આશાબેને આપેલું હતું. અંતમાં જતા ભવ્યેશ વાછાણી ને ડિજિટલ ઇકોનોમી વિશે માહિતી આપી તથા આયોજક ડોક્ટર નિધિબેન દ્વારા લોકો માટે જાગૃતી નો સંદેશ આપવામાં આવ્યો અને ડિબેટ વિશે તમામ પાસાઓનુ વિવરણ આપવામાં આવ્યું હતું.

## Essay

અમારી સંસ્થા દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય માં 10 માર્ચના રોજ G- અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી રૂપે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમ ર્દીઓએ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

સંસાર એક રંગમંચ છે અને તેના પર અભિનય કરવા વાળા પાત્ર માં સ્ત્રી અને પુરુષ બને છે. પુરુષની સાથે સાથે સ્ત્રીઓ પણ રાષ્ટ્રના વિકાસમાં મહત્વનો ફાળો દર્શાવે છે. તેથી જ કહેવાયું હે...




**Women is the pioneer of successful society.**

“મહિલાઓ સફળ સમાજની પ્રણેતા છે.”

ઉપરોક્ત વિધાન એ નારીનું મહત્વ દર્શાવે છે અને તેને સન્માન પ્રદાન કરે છે.

વૈદિક કાળમાં સ્ત્રીઓને ખૂબ સન્માન આપવામાં આવતું ત્યારે મધ્યયુગીન સમયમાં તેમનો મહત્વ ઓછું થયું ત્યાર પછી ના ઘણા સમય સુધી સ્ત્રીઓનું મહત્વ સતત ઘટતું રહ્યું સ્ત્રીઓના આ મહત્વ વધારવા માટે નારી સશક્તિકરણની શરૂઆત કરવામાં આવી.

વૈદિક કાળમાં સ્ત્રીઓને ખૂબ સન્માન આપવામાં આવતું ત્યારે મધ્યયુગીન સમયમાં તેમનો



મહત્વ ઓછું થયું ત્યાર પછી ના ઘણા સમય સુધી સ્ત્રીઓનું મહત્વ સતત ઘટતું રહ્યું સ્ત્રીઓના આ મહત્વ વધારવા માટે નારી સશક્તિકરણની શરૂઆત કરવામાં આવી.

આથી 10 માર્ચ 2023 ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અંતર્ગત અમારી સંસ્થા દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય માં G-20 અંતર્ગત નિબંધ લેખન સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારા દંતાણી નાગર નીતા મહેતા ગૌરવ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને નારી નું મહત્વ પ્રદાન કરતા નિબંધો રજૂ કર્યા હતા.

દરબાર વિદ્યાલય



# વિજ્ઞાન કેન્દ્ર મુલાકાત

15/02/2023

અમારી સંસ્થા દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા તારીખ: 14/2/2023 ના રોજ G20 પ્રવૃત્તિ અંતર્ગત એક દિવસીય પ્રોફેશનલ મુલાકાત લોક વિજ્ઞાન કેન્દ્ર, ધ્રોલ ખાતે આયોજન કર્યું હતું.આ સમગ્ર શૈક્ષણિક મુલાકાતનું સંચાલન અમારી કૉલેજના G20 પ્રવૃત્તિના નોડલ ઓફિસર ડૉ.આશાબેન પટેલ દ્વારા કરાવવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં અમારી કોલજના તમામ અધ્યાપકો તથા બી.એડ. ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ જોડાયા હતા.

આ પ્રોગ્રામ અંતર્ગત અમે સહુ તાલીમાર્થીઓ ઉત્સાહપૂર્વક સવારે 10:30 **a.m.** લોક વિજ્ઞાન કેન્દ્ર,ધોલ ખાતે પહોંચી ગયા હતા. લોક વિજ્ઞાન કેન્દ્ર, ધ્રોલના તજજ્ઞ ડૉ. સંજયભાઈ પંડ્યા તથા તેમની ટીમના સહકાર્યકરો દ્વારા અમને જુદા જુદા પ્રયોગો, નક્ષત્રો, વિજ્ઞાન ટી.એલ.એમ.ની માહિતી આપવામાં આવી હતી. સૌપ્રથમ સાયન્સ મ્યુઝિયમમાં રહેલા પિરિયોડિક ટેબલ, સેન્સર ટેકનોલોજીથી ચાલતા કેટલાક મોડેલ,શરીરના જુદા જુદા અંગોના મોડેલની અમને સમજ આપી. ત્યારબાદ અમે ત્યાંની ભૌતિક વિજ્ઞાન પ્રયોગશાળાનીમુલાકાત લીધી. ત્યાં સેન્સરથી ચાલતો બલ્બ, રેગ્યુલેટર દ્વારા બલ્બને પ્રકાશિત કરવો, જનરેટર, અનિયમિત પરાવર્તનથી ચાલતો નાઈટ લેમ્પ,સોલાર પ્લેટથી ચાલતા પંખાવાળી ટોપી, પંખાની હવાના ઉપયોગથી એલ.ઇ.ડી. ચાલુ કરવી, સોલાર કુકર, ઊર્જા સંરક્ષણના નિયમનું પાલન કરતું મોડલ વગેરે જેવા મોડલ,**TLM** તથા પ્રયોગની સમજ આપી.



ત્યારબાદ અમે ત્યાંની રસાયણ તથા જીવવિજ્ઞાન પ્રયોગશાળાની મુલાકાત લીધી. જ્યાં તેઓએ અમને મગજ ફેફર્યા,કિડની,હૃદય,સ્ટાર ફિશ બીજનું કેટલીક વનસ્પતિના સ્પેસિમેન બતાવ્યા.કેટલાક કેમિકલના પ્રયોગો દ્વારા અંધશ્રદ્ધાથી બચવાના કારણો સમજાવ્યા અને લોકજાગૃતિ આપી અને આ સંદેશ સમાજમાં ફેલાવવાની પ્રેરણા આપી. અંકુરણ, માછલી, વંદો અને ત્યારબાદ અમે એસ્ટ્રોનોમી પ્રયોગશાળાની મુલાકાત લીધી. ગ્રહો, અંતરીક્ષ, નક્ષત્રો, રાશિઓ તથા તેમાં પરિવર્તન થવાના કારણોથી અમને માહિતગાર કર્યા.આ સિવાય ત્યાં રહેલા જુદાં જુદો ટેલિસ્કોપ કે જેના દ્વારા શનિ ગ્રહને પણ નિહાળી શકાય તથા ગેલેલિયો દ્વારા બનાવવામાં આવેલ ટેલિસ્કોપ જેવા જ ટેલિસ્કોપનું નિદર્શન કરાવી અને તેનાથી અમને પરિચિત કર્યા.

ત્યારબાદ અમે ત્યાંના સાયન્સ પાર્કની મુલાકાત લીધી, જ્યાં એક અલગ પ્રકારનો હીંચકો બનાવવામાં આવ્યો. જેની ખાસિયત એ હતી કે તેમાં બે હીંચકા હતા. તેમાંથી એક હીંચકો ચલાવવામાં આવે તો બીજો હીંચકો આપોઆપ ચાલુ થઈ જાય જે વિજ્ઞાનનો એક નિયમ “ઊર્જાનું એક સ્વરૂપમાંથીબીજા સ્વરૂપમાં રૂપાંતરણ થાય છે" ની સાબિતી આપે છે.ત્યાં ગરગડીના ઉપયોગથી વજન ઉપાડવું સરળ અને તેનું મોડેલ બનાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત આ બગીચામાં ઇકો બ્રિક્સનું બનેલું સેલ્ફી ઝોન હતું.જ્યાં ડૉ. સંજયભાઈ પંડ્યાએ અમને ઇકોબિક્સ મેકીંગ પ્રોગ્રામ વિશે માહિતી આપી અને તેની વિશેષતા જણાવતા કહ્યું કે એક 200ml ની બોટલ માં 50gm જેટલો પ્લાસ્ટિકનો કચરો ભરીને ઈકોબિક્સ બનાવી શકાય છે અને તેની ઉપરથી કાર પસાર કરવામાં આવે તો પણ તે તૂટી જતી નથી. તેના આ પ્રોગ્રામ અંતર્ગત જે 50 જેટલી ઇક્રોબ્રિકસ બનાવી આપશે તેને સર્ટિફિકેટ તથા ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે.



આવી રીતે ડૉ. સંજયભાઈ પંડ્યાએ અમને બધી માહિતી આપી તથા ત્યાં મુલાકાત બદલ અમને અભિનંદન પાઠવ્યા.ત્યારબાદ ડૉ. આશાબેન પટેલે તેઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો. આ રીતે બધા તાલીમાર્થીઓએ આનંદ સાથે ઘણું અવનવું જ્ઞાન મેળવ્યું.સમગ્ર કાર્યક્રમને પ્રોત્સાહિત કરવા પ્રિન્સીપાલ શ્રી ડૉ.રૂપલબેન એસ.માંકડ દ્વારા સહયોગ મળ્યો હતો. આ મુલાકાતથી સહુએ ઘણી બધી માહિતી મેળવી તથા મજા કરી અને ફોટા પાડીને આનંદ મેળવ્યો હતો. આવો યાદગાર અને બધાને મજા પડે એવી મુલાકાત બદલ અમારી કૉલેજ દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય તથા શૈક્ષણિક મુલાકાતના સંચાલક ડૉ. આશાબેન પટેલનો પણ ખૂબ ખૂબ આભાર.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

# ક્લાઈમેટ ચેંજ અહેવાલ

**“पर्यावरण को प्रदूषित करो कम**

**सुखी और स्वस्थ रहो के हरदम।“**

**અર્થાત્:** સુખી અને સ્વસ્થ જીવન જીવવાનો આજ એક માત્ર ઉપાય પર્યાવરણ છે. પરંતુ પર્યાવરણનું પ્રદૂષણ દિવસેને દિવસે વધતું જાય છે. પર્યાવરણને થતાં નુકસાનનું પરિણામ આપણે સૌ જોઈ રહ્યા છીએ. ગ્લોબલ વોર્મિંગ, ક્લાઈમેટ ચેન્જ તેમજ અન્ય વિવિધ સમસ્યાઓ ઉદભવવાનું એકમાત્ર કારણ એ પર્યાવરણને થતું નુકસાન છે. આ પર્યાવરણને થતા નુકશાનને અટકાવવા તેમજ યુવા વર્ગોમાં જાગૃતિ લાવવા ગુજરાત સરકારના ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા 17 સપ્ટેમ્બર 2022 ના રોજ કલાયમેટ ચેન્જ વિભાગના સ્થાપના દિવસ અંતર્ગત યુવાઓમાં પર્યાવરણને લગતી જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

ક્લાઈમેટ ચેન્જ સપ્તાહ અંતર્ગત 17 સપ્ટેમ્બર 2022 થી 29 સપ્ટેમ્બર 2022 સુધી અમારી સંસ્થા દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં પણ ક્લાયમેટ ચેન્જ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓ અંગે વિગતવાર માહિતી અહીં પ્રસ્તુત કરવામાં આવી છે.



તારીખ 17/ 9 /2022 ના રોજ અમારી સંસ્થા દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં “એન્વાયરમેન્ટ”, “બાયોડાઈવર્સિટી”,”ક્લાઈમેટ ચેન્જ”, “ફોરેસ્ટ”, “વેસ્ટ મેનેજમેન્ટ” વગેરે જેવા વિષયો પર સ્લોગન સ્પર્ધા રાખવામાં આવી હતી. આ સ્પર્ધાના કો-

ઓર્ડીનેટર તરીકે ડૉ. આશાબેન પટેલે ફરજ બજાવી હતી. આ સ્લોગન સ્પર્ધા અંતર્ગત તેઓએ અમને  સૌ તાલીમાર્થીઓને વિવિધ વિષયનું માર્ગદર્શન આપ્યું હતું.અમારી સંસ્થામાં 11 તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.તેઓને તેમના સ્લોગનને આધારે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ત્રણ નંબર આપવામાં આવ્યા હતા.સંસ્થાના સર્વે અધ્યાપકો અને આચાર્યશ્રી સૌ વિજેતાઓને શાબ્દિક અભિનંદન આપ્યાં, તેમજ કો-ઓડીનેટર ડૉ. આશાબેન પટેલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ વર્ષના તાલીમાર્થી તેમજ દ્વિતીય વર્ષના તાલીમાર્થી દરેક નો સારો પ્રતિભાવ જણાયો હતો. જેમાં વિજેતા બનનારના નામ અહીં રજૂ કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ ક્રમ પર ચૌધરી હિમાંશુભાઈ, દ્વિતીય ક્રમ માલકીયા ચિરાગભાઈ તેમજ તૃતીય ક્રમ  શેખ રૂકસારએ પ્રાપ્ત કર્યો હતો.

તારીખ 23/ 9/ 2022 ના રોજ શુક્રવારે અમારી સંસ્થામાં ગુજરાત સરકારના  "climate change youth outreach fortnight program", અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિત્રસ્પર્ધાનો વિષય "innovation Idea for save water" તથા "જળ બચાવો" રાખવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં અમારી સંસ્થાના કુલ 20 પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં જુદા જુદા નિયમો તેમજ વિષયને ધ્યાનમાં રાખી તેમાંથી ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. આ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે કરમુર પ્રિયંકાબેન, બીજા ક્રમે ઠાકર તેજશ્રીબેન, તેમજ ત્રીજા ક્રમે  ભગત નિકિતાબેન રહ્યા હતા. નિર્ણાયક શ્રી તરીકે અમારી સંસ્થાના બે અધ્યાપકો એ ભૂમિકા ભજવી હતી. તેમજ આ સ્પર્ધામાં ભાગ લેનાર તાલીમાર્થીઓ દ્વારા જળ બચાવો વિષય પર પોતાના જુદા જુદા વિચારો રજૂ કરી અને ચિત્ર બનાવવામાં આવ્યા હતા.તમામ સ્પર્ધકોને




દરબાર ગોપાળદાસ

ચિત્ર બનાવવા માટે કુલ એક કલાકનો સમય ફાળવવામાં આવ્યો હતો. આ ચિત્ર સ્પર્ધાના કો-ઓર્ડીનેટર તરીકે ડૉ.જીજ્ઞેશભાઈ લીમ્બાચીયા રહ્યા હતા.તેમજ કાર્યક્રમના અંતે અમારી સંસ્થાના આચાર્યશ્રી તેમજ સર્વે અધ્યાપકશ્રી એ વિજેતાઓને તેમજ ભાગ લેનાર સર્વે તાલીમાર્થીઓને શાબ્દિક અભિનંદન પાઠવ્યા હતા.

તારીખ 24/09/22 ના રોજ સોમવારના દિવસે ઉપરોક્ત સંસ્થામાં "ક્લાઈમેટ ચેન્જ" અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિબંધ સ્પર્ધા માટે "પ્રદૂષણ નિયંત્રણ અનિવાર્ય" એ વિષય ફાળવવામાં આવ્યો હતો. આ વિષય પર તાલીમાર્થીઓએ પોતાના વિચારો મુક્ત રીતે રજૂ કરી અને સવિસ્તાર નિબંધો લખ્યા હતા. આ કાર્યક્રમને અંતે પણ કુલ ત્રણ વિજેતાઓને ઘોષિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ નંબર લુણશીયા રોશનીબેન,દ્વિતીય નંબર સોલંકી ભૌતિકભાઈ તેમજ તૃતીય નંબર ચૌહાણ દીપ્તિબેન પ્રાપ્ત કર્યો હતો. આ સમગ્ર સ્પર્ધાનું આયોજન સ્પર્ધા ના કો-ઓડીનેટર ડૉ. નિધિબેન અગ્રાવત દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સર્વ અધ્યાપકશ્રીઓ તેમજ આચાર્યશ્રીએ વિજેતાઓને શાબ્દિક અભિનંદન પાઠવ્યા હતા.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

આજ રોજ તારીખ 26/ 9 /2022 ના રોજ સોમવારના અમારી સંસ્થામાં "climate change youth outreach fortnight program", અંતર્ગત વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધાનો વિષય "કુદરતી ખેતી" રાખવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં સંસ્થાના પ્રથમ અને દ્વિતીય વર્ષના બંને વર્ષના કુલ 12 તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં જુદા જુદા નિયમોને ધ્યાનમાં રાખી પ્રથમ ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ નંબર રાઠોડ નિરૂબેન, બીજો નંબર લુણશીયા રોશનીબેન તેમજ ત્રીજા નંબર ગોસ્વામી કેવલભાઇ પ્રાપ્ત કરેલ હતો. નિર્ણાયક તરીકે અમારી જ સંસ્થાના બે અધ્યાપક શ્રી એ ભૂમિકા ભજવી હતી. તેમજ સ્પર્ધા દરમ્યાન દરેક સ્પર્ધકે પોતાની આગવી શૈલીમાં વિષયને અનુસંધાને ખૂબ સુંદર ઊંડાણપૂર્વક રજૂઆત કરી હતી. તેમજ સ્પર્ધકને પોતાની રજૂઆત કરવા પાંચ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. આ સ્પર્ધાનું આયોજન તેમજ સંચાલન કો-ઓડીનેટર શ્રી ડૉ. પ્રશાંતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી દ્વારા સ્પર્ધામાં ભાગ લેવા બદલ તેમજ વિજેતાઓને શાબ્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સરકારશ્રીના "climate change youth outreach fortnight program" કાર્યક્રમ અંતર્ગત અમારી સંસ્થામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમની જ અંતિમ

પ્રવૃતિના ભાગરૂપે  જૂથ ચર્ચા નું આયોજન 29/ 9/ 2022 અને સોમવારના દિવસે કરવામાં આવ્યું હતું. આ જૂથ ચર્ચામાં કુલ સાત જૂથ, પ્રત્યેક જૂથમાં ત્રણ-ત્રણ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં વિષય તરીકે "ગ્લોબલ વોર્મિંગ" "હવા-પાણી પ્રદૂષણ નિયંત્રણ" વગેરે જેવા વિષયો રાખવામાં આવ્યા હતા. આ સ્પર્ધા નું આયોજન કાર્યક્રમ ના કો-ઓડીનેટર ડૉ. આશાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે અમારી સંસ્થાના બે અધ્યાપકોએ ભાગીદારી આપી હતી.જેમાં સાત જૂથમાંથી કુલ ત્રણ જૂથને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં તાલીમાર્થીઓને સારો પ્રતિભાવ મળ્યા બદલ અમારી સંસ્થાના સર્વ અધ્યાપક શ્રીઓ એ તેમજ આચાર્યશ્રી સૌ તાલીમાર્થીઓને શાબ્દિક અભિનંદન પાઠવ્યા હતા.



સરકારશ્રીના "climate change youth outreach fortnight program" કાર્યક્રમ અંતર્ગત અમારી સંસ્થામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમની જ અંતિમ પ્રવૃતિના ભાગરૂપે  જૂથ ચર્ચાનું આયોજન 29/ 9/ 2022 ને સોમવારના દિવસે કરવામાં આવ્યું હતું. આ જૂથ ચર્ચામાં કુલ સાત જૂથ, પ્રત્યેક જૂથમાં ત્રણ-ત્રણ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં વિષય તરીકે "ગ્લોબલ વોર્મિંગ" "હવા-પાણી પ્રદૂષણ નિયંત્રણ" વગેરે જેવા વિષયો રાખવામાં આવ્યા હતા. આ સ્પર્ધા નું આયોજન કાર્યક્રમના કો-ઓડીનેટર ડૉ. આશાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે અમારી સંસ્થાના બે અધ્યાપકોએ ભાગીદારી આપી હતી.જેમાં સાત જૂથમાંથી કુલ ત્રણ જૂથને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં તાલીમાર્થીઓને સારો પ્રતિભાવ મળ્યા બદલ અમારી સંસ્થાના સર્વ અધ્યાપક શ્રીઓ એ તેમજ આચાર્યશ્રી સૌ તાલીમાર્થીઓને શાબ્દિક અભિનંદન પાઠવ્યા હતા.

આમ ગુજરાત સરકાર દ્વારા આયોજિત "climate change youth outreach fortnight program"અંતગર્તે અમારી સંસ્થામાં વિવિધ સ્પર્ધાઓની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.જેમાં અમારી સંસ્થાના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કલાયમેટ ચેન્જના નોડલ ઓફિસર ડૉ. આશાબેન પટેલે કરેલ હતું.

# ગુજરાત જ્ઞાનગુરુ ક્વીઝ(G3Q)

ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q) ના સફળ અમલીકરણ માટે કો.ઓર્ડીનેટર ડૉ.આશાબેન એમ.પટેલ દ્વારા ઓનલાઇન ક્વિઝમાં રજીસ્ટ્રેશન કરવાની માહિતી આપવામાં આવી. દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિધાલય, અલિયાબાડામાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ 11 વીક સુધી જામનગર જિલ્લા લેવલની ઓનલાઈન ક્વિઝ સ્પર્ધામાં ભાગ લીધો અને સફળ બન્યા.ઉ૩૦ કો-ઓર્ડીનેટર ડૉ.આશાબેન એમ. પટેલના માર્ગદર્શનથી જામનગર જિલ્લામાં 50 તાલીમાર્થીઓએ વિજેતા બનીને કુલ 1,38,000 રૂપિયાના ઇનામ પ્રાપ્ત કરીને કોલેજને ગૌરવ અપાવ્યું છે..

G30 નાં કો- ઓર્ડીનેટર ડૉ.આશાબેન એમ. પટેલ દ્વારા જ્ઞાન ગુરુ ક્વિઝમાં 11 વીકના રાઉન્ડની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. તેમજ તાલીમાર્થીઓએ ક્વિઝમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.તાલીમાર્થીઓ વિવિધ

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

યોજનાઓ વિશે માહિતગાર થયા. ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ અને ડૉ. જીગ્નેશભાઈ લીમ્બાચીયા દ્વારા વિવિધ સરકારી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતાં.અને ડૉ. નિધીબેન અગ્રાવત દ્વારા ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું તેમ જ સમગ્ર કાર્યક્રમમાં તાલીમાર્થીઓને ઉત્સાહ પૂરા પાડનાર અમારા આચાર્યશ્રી ડૉ.રૂપલબેન માંકડ દ્વારા યોગ્ય માર્ગદર્શન તેમજ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ડૉ. આશાબેન એમ. પટેલ દ્વારા તાલીમાર્થીઓના પ્રમાણપત્ર તેમ જ ક્વિઝ રમવામાં આવતી સમસ્યાઓ અને પ્રશ્નોના સમાધાન લાવવાના કાર્યમાં માર્ગદર્શકની ભૂમિકા ભજવી હતી.

ગુજરાત સરકાર દ્વારા “ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G30) 2022" પરિપત્ર મુજબ શરૂ કરી હતી.આ સ્પર્ધા દ્વારા ગુજરાત સરકારનો એક ધ્યેય મંત્ર નક્કી કરવામાં આવ્યો હતો. ધ્યેય મંત્ર હતો “જાણશે ગુજરાત. જીતશે ગુજરાત”. તેની શરૂઆત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે ગુજરાતના

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા કરવામાં આવી હતી. ગુજરાતમાં અભ્યાસ કરતા શાળા અને કોલેજ કક્ષાના તમામ વિધાર્થીઓ આ ક્વિઝનો લાભ લઈ શકે છે, અને તેમની જાણકારી અનુસાર પ્રશ્નોના જવાબ આપીને ઈનામો જીતીને જ્ઞાનમાં વધારો કરી શકે.

આમ 630 ક્વિઝ અંતર્ગત વિવિધ ઇનામો અને પ્રમાણપત્ર દરેક તાલીમાર્થીઓએ પ્રાપ્ત કર્યાં હતાં જેમાં FY નાં 48 તાલીમાર્થીઓ તેમજ ડાનાં 23 તાલીમાર્થીઓ ક્વિઝમાં ભાગ લીધો હતો.કુલ 71 તાલીમાર્થીઓએ ઇનામો અને પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યાં હતા.તેની માહિતી નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

# G3Q QUIZ નાં વિજેતા તાલીમાર્થીઓ ની યાદી

**Week: 1.**

| | મળેલ રાશી |
|---|---|
| ૧. નાંગર નીતા માલાભાઈ (Fy) | ૩૧૦૦ |
| ૨.સોલંકી રીનાબેન ધાના ભાઈ (Fy) | ૨૧૦૦ |
| ૩. ચૌહાણ દિસી અરવિંદભાઈ (Fy) | ૨૧૦૦ |
| ૪.વાઢેર ધૃતી લાખાભાઈ (Fy) | ૧૫૦૦ |
| ૫. યાદવ વિપુલ વસંતભાઈ (Fy) | ૩૧૦૦ |
| ૬.પોખલ નેનશી બચુભાઈ (Sy). | ૨૧૦૦ |

**Week: 2**

| | |
|---|---|
| ૧. ઓડેદરા રૂપા રણમલભાઈ (Fy) | ૩૧૦૦ |
| ૨. ગોસ્વામી કેવલ ભૂપતગીરી (Fy) | ૨૧૦૦ |
| ૩. ભગત નિકીતા પરમાનંદ (Fy) | ૧૫૦૦ |
| ૪. ગોરફડ આરઝુ નીતિનભાઈ (Fy) | ૨૧૦૦ |
| ૫. કરમુર ખીમાં દેવશીભાઇ (Fy) | ૨૧૦૦ |
| ૬. વસાણી શીતલ ભોલાભાઈ (Fy) | ૧૫૦૦ |
| ૭. લુણાસીયા રોશની વિનોદભાઈ (Sy). | ૨૧૦૦ |
| ૮. ચુડાસમા મયુરભાઈ રાયસીંગભાઈ (Sy). | ૧૫૦૦ |

**Week: 3**

| | |
|---|---|
| ૧. રાઈઠંઠા ઋષિકુમાર સંજયભાઈ (Fy) | ૧૫૦૦ |
| ૨. વાળા મિલન નરસિંગભાઈ (Fy) | ૩૧૦૦ |
| ૩. ચૌહાણ હર્ષાબેન અરવિંદભાઈ (Fy) | ૨૧૦૦ |
| ૪. વાળા હેતલ રાજેશભાઈ (Fy) | ૨૧૦૦ |
| ૫. ચૌહાણ દિસી અરવિંદભાઈ (Fy) | ૨૧૦૦ |
| ૬. શેખ રુક્षાર મોહમ્મદયુનુશ (Fy) | ૨૧૦૦ |
| ૭. મહેતા ગૌરવ ગીરીશ કુમાર (Fy) | ૧૫૦૦ |
| ૮. માલકીયા આશિષભાઈ રમેશભાઈ (Fy) | ૧૫૦૦ |
| ૯. વાછાણી ભવ્યેશકુમાર કેતનભાઇ (Fy) | ૨૧૦૦ |
| ૧૦. સોલંકી ભૌતિક પંકજભાઈ (Sy). | ૧૫૦૦ |
| ૧૨. પરમાર અક્ષય (Sy). | ૧૫૦૦ |

**Week: 4**

| | |
|---|---|
| ૧. કરમુર પ્રિયંકા ધાનાભાઈ (Fy) | ૧૫૦૦ |
| ૨. પરમાર હેમાલીબેન વિનોદભાઈ (Fy) | ૨૧૦૦ |
| ૩. દતાણી ધારા દિનેશભાઈ (Fy) | ૧૫૦૦ |
| ૪. મારુ સુમન વિજયભાઈ (Fy) | ૨૧૦૦ |
| ૫. મલકાન ખુશી શૈલેષભાઈ (Fy) | ૨૧૦૦ |
| ૬. લાંબા જતીન બાલુભાઈ (Fy) | ૨૧૦૦ |
| ૭. બેરા પારસ એ. (Fy). | ૨૧૦૦ |
| ૮. દવે પાર્થ જીતેન્દ્રભાઈ (Sy). | ૨૧૦૦ |
| ૯. જાની વ્યોમેશ હરીશભાઈ (Sy). | ૧૫૦૦ |

**Week: 5**

| | |
|---|---|
| ૧. આંબલીયા કુલદીપભાઈ નાથાભાઈ (Fy) | ૧૫૦૦ |
| ૨. ઠાંકર કિશોરભાઈ પરષોત્તમભાઈ (Fy) | ૨૧૦૦ |
| ૩. કટેશીયા રવિ રાજેશભાઈ (Fy) | ૨૧૦૦ |
| ૪. કરમુર જાનવીબેન બોધાભાઈ (Fy) | ૧૫૦૦ |
| ૫. ગોસાઈ વિશાલનાથ દિલીપનાથ (Fy) | ૧૫૦૦ |
| ૬. વાઢેર ધૃતિ (fy). | ૨૧૦૦ |
| ૭. ભુંડિયા નિધિ એમ. (Fy). | ૨૧૦૦ |
| ૮. દવે ભાવનાં (Sy). | ૨૧૦૦ |
| ૯. શ્વેતા કરીના (Sy). | ૨૧૦૦ |
| ૧૦. નડીયાપરા શીતલ (Sy). | ૧૫૦૦ |
| ૧૧. દવે ખુશાલી (Sy). | ૧૫૦૦ |
| ૧૨. ચુડાસમા વિશાલ (sy). | ૧૫૦૦ |
| ૧૩. જાદવ ભાવિકા (sy). | ૧૫૦૦ |

**Week: 6**

| | |
|---|---|
| ૧. દુબલ યાશા મનોજભાઈ (Fy) | ૧૫૦૦ |
| ૨. આંબલિયા કુલદીપ ((FY) | ૩૧૦૦ |
| ૩. વાળા મિલન. (Fy) | ૧૫૦૦ |
| ૪. ઝાલા ઉર્વશીબેન સુરસિંહભાઈ (Fy) | ૧૫૦૦ |
| ૫. બંધીયા પાયલ અશોકભાઈ. (Sy). | ૧૫૦૦ |

**Week: 7**

| | |
|---|---|
| ૧. ગોરફાડ આરઝુ એન. (Fy). | ૨૧૦૦ |
| ૨. ગોહિલ ક્રિપાલ અજીતસિંહ (Sy). | ૩૧૦૦ |

**Week: 8**

| | |
|---|---|
| ૧. ધુમરા સુનેહરાબાનું એમ. (Fy). | ૧૫૦૦ |
| ૨. નાથાણી પાર્થ નરેશભાઈ (Sy). | ૨૧૦૦ |
| ૩. અંજલી શુક્લા (sy). | ૧૫૦૦ |

**Week: 9**

| | |
|---|---|
| ૧. માલકિયા ચિરાગ છગનભાઈ (fy). | ૩૧૦૦ |
| ૨. પંચાસરા ભક્તિ જ (fy). | ૨૧૦૦ |
| ૩. મૂછડિયા મેહુલ આર. (Fy). | ૨૧૦૦ |
| ૪. દવે હિરલ (fy). | ૧૫૦૦ |
| ૫. ગોજીયા વિક્રમ કે. (Sy). | ૨૧૦૦ |

**Week: 10**

| | |
|---|---|
| ૧. જલુ ભૂમિ વી. (Fy). | ૨૧૦૦ |
| ૨. મકવાણા મયુર આર. (Fy). | ૧૫૦૦ |
| ૩. મધુડીયા રાધિકા જી. (Sy). | ૩૧૦૦ |
| ૪ . સિસોદિયા હાર્દિક બી. (Sy). | ૧૫૦૦ |
| ૫. ગોસ્વામી પ્રિયંકા પી. (Sy). | ૧૫૦૦ |

**Week: 11**

| | |
|---|---|
| ૧. કરંગિયા ભૂમિતા એમ (fy). | ૩૧૦૦ |
| ૨. જાની વ્યોમેશ એચ. (Sy). | ૧૫૦૦ |
| ૩. ભાદરકા ક્રિષ્ના. (Sy). | ૨૧૦૦ |

આ ક્વિઝ અંતર્ગત કુલ 1,38,000 રૂપિયા સુધીની ઇનામ રાશિ પ્રાપ્ત થયેલી છે. જેમાં સવિશેષ ફાળો G30 ક્વિઝ ના કો - ઓર્ડીનેટર ડૉ.આશાબેન પટેલનો છે કે જેમને તાલીમાર્થીઓના બેંકની વિગતો વિશેની સંપૂર્ણ સમજ આપીને ૯૩૨ પોર્ટલમાં APPROVED કરવાની પ્રોસેસ કરી હતી.તેમજ બેંકની વિગતો જે તાલીમાર્થીની ક્ષતિવાળી હતી તેમના માટે જામનગર જીલ્લાના કો-ઓર્ડિનેટરનો સંપર્ક કરીને બેંકની સાચી માહિતી ભરી હતી.જેથી તમામ તાલીમાર્થીને ઇનામ પ્રાપ્ત થયેલ હતા. જામનગર મહાનગર પાલિકામાં 630 અંતર્ગત સૌથી વધુ ઇનામો પ્રાપ્ત થયા તેની પાછળનો સવિશેષ ફાળો ડૉ.આશાબેન પટેલનો હતો.

# DGSM કી કહાની અખબાર કી જુબાની

## અલિયાબાડામાં વાર્તા શિબિર




ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી દરબાર ગોપાલદાસ શિક્ષણ મહા વિદ્યાલય દ્વારા વાર્તા શિબિર યોજાઈ હતી. ઈશ્વરભાઈ પરમારે બાળ વાર્તાથી ઘડાતા બાળ મનોવિશ્વ વિશે સહજ, ઉદાહરણો સાથે વાત મુકી હતી. બીજા વક્તા કિરીટ ગોસ્વામીએ બાળ વાર્તાના રચના આયામો વિશે સાધાર અને અભ્યાસપૂર્ણ વાત મુકી હતી. તરૂણભાઈ કાટબામણાએ વાર્તા પ્રસ્તુતિ અંગે રસાળ શૈલીમાં પ્રયોગો કરી વાર્તનો આનંદ હેતુ બર લાવી દીધો હતો. કાર્યકારી આચાર્યા ડો. રૂપલબેન માંકડ અને મહા વિદ્યાલયની ટીમ, ટ્રસ્ટી આશર પણ કાર્યક્રમમાં ઉપસ્થિત હતાં. (મુકેશ જોઈશાર)

## અલીયાબાડા બી.એડ. કોલેજમાં કેમ્પસ જોબ પ્લેસમેન્ટ ફેર યોજાયો




### વિવિધ વિષયો માટે ૫૦ ઉમેદવારોની પસંદગી

જામનગર તા. ૨૭: જામનગર તાલુકાના અલીયાબાડાની ગંગાજળા વિદ્યામંડળ સંચાલિત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય ખાતે કેમ્પસ જોબ પ્લેસમેન્ટ ફેર (ભરતી મેળા) નું આયોજન કરવામાં આવેલ હતું. આ જોબ પ્લેસમેન્ટમાં છેલ્લા ૫ વર્ષના અને હાલમાં ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા ૧૧૦ શિક્ષક ઉમેદવારો હાજર રહ્યા હતા અને ૧૫ થી વધારે સંસ્થાના ૩૫થી વધુ નોકરી દાતા હાજર રહ્યાં હતા. ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિવિધ વિષયની ૮૫ જગ્યા પર ઉમેદવારોના ઈન્ટરવ્યું લઈને ૫૦ જેટલા ઉમેદવારોની (ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત) વગેરે જેવા વિષયોમાં પસંદગી કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, દીપ પ્રાગટ્યથી શરૂ કરવામાં આવેલ હતી. કાર્યક્રમના અધ્યક્ષ દિલીપ આશર દ્વારા દરેક શાળાનો આવકાર પરિચય આપવામાં હતો. મહાવિદ્યાલયના પ્રિન્સિપાલશ્રી ડો. રૂપલબેન માંકડ દ્વારા સંસ્થા પરિચય અને પ્લેસમેન્ટની ભૂમિકા રજૂ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળતા પૂર્ણ સંચાલન કરનાર પ્લેસમેન્ટ ઓફીસર ડો. જીજ્ઞેશ એચ. લીમ્બાચીયાએ પોતાના મહતમ પ્રયાસ કરી મહાવિદ્યાલયની નામના વધારવા બદલ આચાર્ય અને ટ્રસ્ટી દ્વારા બિરદાવ્યા હતાં.

આ ભરતી મેળામાં વિદ્યામંડળના મેનેજીંગ ટ્રસ્ટી દિલીપભાઈ આશર, કોલેજના પ્રિન્સીપાલ-ડો. રૂપલબેન માંકડ, પ્લેસમેન્ટ ઓફિસર ડો. જીજ્ઞેશ લીમ્બાચીયા, મદદનિશ પ્રાધ્યાપક ડો. આશાબેન પટેલ, મદદનિશ પ્રાધ્યાપક ડો. પ્રશાંત ચૌહાણ, મદદનીશ પ્રાધ્યાપક ડો. નિધિબેન અગ્રાવત તેમજ જામનગર, દ્વારકા, રાજકોટ, જેવા જીલ્લા માંથી ઈન્ટરવ્યુ લેવામાટે વિવિધ શાળાઓમાંથી આચાર્યો, કેમ્પસ ડાયરેક્ટરો, સીઈઓ, વિષય નિષ્ણાંતો, સિનિયર સુપરવાઈઝ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ મહાવિદ્યાલય

નોબત જામનગર

## અલિયાબાડા બી.એડ્. કોલેજનો ષષ્ટિપૂર્તિ ઉત્સવઃ

# લોકભારતી યુનિ.ના કુલપતિ ડો. ભદ્રાયુ વછરાજાની દ્વારા 'કેળવણી મહિમા'



જામનગર તા.૧૦ : તાજેતરમાં અલિયાબાડાના દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલયના ષષ્ટિપૂર્તિ વર્ષની ઉજવણી પ્રસંગે આયોજિત વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત તૃતીય વ્યાખ્યાનકાર તરીકે લોકભારતી યુનિવર્સિટીના કુલપતિ તથા પ્રસિદ્ધ કેળવણીકાર પ્રો. ભદ્રાયુ વછરાજાનીના વકતવ્યનો કાર્યક્રમ યોજાયો હતો. તેમણે 'કેળવે તે કેળવણી' વિષય પર કેળવણીની સંકલ્પના અને જરૂરિયાત સંદર્ભે અનેક વ્યવહારૂ ઉદાહરણ સાથે પ્રેરક વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી આશર, આચાર્યા, ડો. રૂપલબેન માંકડ તથા સંસ્થાના સભ્યો અને અન્ય અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દ.ગો.શિક્ષણ મહાવિદ્યાલય બી.એડ કોલેજના પ્રશિક્ષણાર્થીઓની જી–૨૦ અંતર્ગત લોક વિજ્ઞાન કેન્દ્ર, ધ્રોલની એક્સપોઝર વિઝટ લેવામા આવી




ગંગાજળા વિધામંડળ સંચાલિત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિધાલય, અલિયાબાડામાં જી૨૦ અંતર્ગત તા.૧૪/૦૨/૨૦૨૩ રોજ લોક વિજ્ઞાન કેન્દ્ર, ધ્રોલની મુલાકાત યોજવામાં આવી. તજજ્ઞ ડો. સંજયભાઇ પંડયાએ રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ભૈતિક વિજ્ઞાનની પ્રયોગશાળાની મુલાકાત પ્રયોગોની સમજ સાથે કરાવી. ત્યારબાદ એસ્ટ્રોલોજી અને એસ્ટ્રોનોમીના પ્રોજેકટ વિશે માહિતી આપી હતી. શૈક્ષણિક અને સોલાર ઉપકરણ તેમજ વિવિધ શૈક્ષણિક સાધનો સ્વ– નિર્મિત કેમ બનાવી શકાય તેની જાણકારી આપવામાં આવી હતી. વિજ્ઞાનનું જ્ઞાન મેળવીને અંધશ્રધ્ધા નિવારવા માટે શિક્ષકોએ સમાજમાં જાગૃતિ આપવાની કામગીરી કરવાની બાબતથી જાગૃત કર્યા. વિજ્ઞાનની વ્યવહારુ બાબતો અંગેનું જ્ઞાન સમગ્ર તાલીમાર્થીઓએ આનંદ સાથે પ્રાપ્ત કર્યૂ હતું. તેમજ શહીદવન ધ્રોલની મુલાકાત લઈને ભૂચર મોરીના યુધ્ધ વિશે સંપૂર્ણ માહિતી મેળવી હતી. આમ સમગ્ર કાર્યકમનું સંચાલન જી૨૦ના કો ઓડીનેટર ડો. આશાબેન એમ. પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું. તેમજ કોલેજના સર્વે અધ્યાપકો પણ જોડાયા હતા. સમગ્ર કાર્યકમને કોલેજના આચાર્યા ડો. રૂપલબેન એસ.માંકડ તથા ટ્રસ્ટી દિલિપભાઈ આશર સાહેબે કાર્યકમને બિરદાવ્યો હતો.

# અલિયાબાડા બી.એડ કોલેજમાં કેમ્પસ જોબ પ્લેસમેન્ટ ફેર યોજાયો






## વિવિધ વિષયો માટે ૫૦ ઉમેદવારોની પસંદગી કરાઈ

જામનગર તા.૨૭: ગંગાજળા વિદ્યામંડળ સંચાલિત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિધાલય, અલીયાબાડા ખાતે તા. ૨૧/૦૩/૨૦૨૩ ના રોજ સવારે ૯:૦૦ કલાકે કેમ્પસ જોબ પ્લેસમેન્ટ ફેર (ભરતી મેળા) નું આયોજન કરવામાં આવેલ હતું. આ જોબ પ્લેસમેન્ટમાં છેલ્લા ૫ વર્ષના અને હાલમાં ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા ૧૧૦ શિક્ષક ઉમેદવારો હાજર રહ્યા હતા અને ૧૫ થી વધારે સંસ્થાના ઉપરથી વધુ નોકરી દાતા હાજર રહ્યાં હતા. ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિવિધ વિષયની ૮૫ જગ્યા પર ઉમેદવારોના ઈન્ટરવ્યું લઈને ૫૦ જેટલા ઉમેદવારોની (ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત) વગેરે જેવા વિષયોમાં પસંદગી કરવામાં આવેલ હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના,દીપ પ્રાગટ્યથી શરૂ કરવામાં આવેલ હતી. કાર્યક્રમના અધ્યક્ષ શ્રીઆશર દ્વારા દરેક શાળાનો આવકાર પરિચય આપવામાં હતો. મહાવિધાલયના પ્રિન્સિપાલશ્રી ડો.રૂપલબેન માંકડ દ્વારા સંસ્થા પરિચય અને પ્લેસમેન્ટની ભૂમિકા રજૂ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળતા પૂર્ણ સંચાલન કરનાર પ્લેસમેન્ટ ઓફીસર ડૉ.જીજ્ઞેશ એચ.લીમ્બાચીયાએ પોતાના મહતમ પ્રયાસ કરી મહાવિધાલયની નામના વધારવા બદલ આચાર્યશ્રી અને ટ્રસ્ટીશ્રી દ્વારા બિરદાવ્યા હતાં.

આ ભરતી મેળામાં વિધામંડળના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી દિલીપભાઈ આશર, કોલેજના પ્રિન્સીપાલશ્રી-ડો.રૂપલબેન માંકડ, પ્લેસમેન્ટ ઓફિસરશ્રી ડો.જીજ્ઞેશ લીમ્બાચીયા, મદદનિશ પ્રાધ્યાપક ડો.આશાબેન પટેલ, મદદનિશ પ્રાધ્યાપક ડો.પ્રશાંત ચૌહાણ, મદદનીશ પ્રાધ્યાપક ડો.નિધિબેન અગ્રાવત તેમજ જામનગર, દ્વારકા, રાજકોટ, જેવા જીલ્લા માંથી ઈન્ટરવ્યુ લેવામાટે વિવિધ શાળાઓમાંથી આચાર્યશ્રીઓ, કેમ્પસ ડાયરેકરશ્રીઓ, સીઈઓ, વિષય નિષ્ણાંતો, સિનિયર સુપરવાઈઝરશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અલિયાબાડામાં વાર્તા શિબિર

ફૂલછાબ




ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી દરબાર ગોપાલદાસ શિક્ષણ મહા વિદ્યાલય દ્વારા વાર્તા શિબિર યોજાઈ હતી. ઈશ્વરભાઈ પરમારે બાળ વાર્તાથી ઘડાતા બાળ મનોવિશ્વ વિશે સહજ, ઉદાહરણો સાથે વાત મુકી હતી. બીજા વકતા કિરીટ ગોસ્વામીએ બાળ વાર્તાના રચના આયામો વિશે સાધાર અને અભ્યાસપૂર્ણ વાત મુકી હતી. તરૂણભાઈ કાટબામણાએ વાર્તા પ્રસ્તુતિ અંગે રસાળ શૈલીમાં પ્રયોગો કરી વાર્તનો આનંદ હેતુ બર લાવી દીધો હતો. કાર્યકારી આચાર્યા ડો.રૂપલબેન માંકડ અને મહા વિદ્યાલયની ટીમ, ટ્રસ્ટી આશર પણ કાર્યક્રમમાં ઉપસ્થિત હતાં. (મુકેશ જોઈશર)

ફૂલછાબ રાજકોટ ૧૩

# અલીઆબાડા મહાવિદ્યાલયમાં વ્યાખ્યાન




જામનગર દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલીઆબાડામાં મહાવિદ્યાલયનાં ષષ્ટિપૂર્તિ વર્ષ નિમિત્તે યોજાનાર વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત પ્રથમ વ્યાખ્યાન પ્રખ્યાત ઈતિહાસવિદ્ નરોત્તમભાઈ પલાણનુ યોજાઈ ગયું. આ તકે સંસ્થાના ટ્રસ્ટી આશર , આચાર્યા ડૉ.રૂપલબેન માંકડ, સંસ્થા પરિવારના ડૉ. ઝવેરીલાલ ચાવડા તેમજ અન્ય મહેમાનો હાજર રહ્યા. જામનગરની વિવિધ બી.એડ. કોલેજના વિદ્યાર્થીઓએ વ્યાખ્યાનનો લાભ લીધો હતો. (મુકેશ જોઈશર)

## ગંગાજળ વિદ્યાપીઠ દ્વારા સંચાલીત

# અલીયાબાડા ખાતે દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા શિક્ષણકલા વિષય પર કાર્યક્રમ યોજાયો



જામનગર: જામનગરના અલીયા બાડા ગામે આવેલ ગંગાજળ વિદ્યાપીઠ સંચાલીત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા શિક્ષણમાં કલા વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની શરુઆત સૌપ્રથમ 'સર્વ-ધર્મ સમભાવ' પ્રાર્થનાથી કરવામાં આવી હતી. અને જગત્સાક્ષીરુપ ઈશ્વરનું સ્મરણ કરવામાં આવ્યું હતું. તેમજ અતિથી વિશેષ તરીકે સાપર ગામની સરકારી શાળાના આચાર્ય તેમજ નેપથ્ય કલા વૃંદ સંસ્થાના પિયુષભાઈ પંડયા અને કથ્થકનૃત્યાંગના જલ્પાબેન બુચનું હાર્દિક સ્વાગત કરાયું હતું.

ત્યારબાદ નાટય કર્મી પિયુષ પંડયા દ્વારા નાટયકલા અદ્ભુત રીતે ઉદાહરણ અને અર્થ સહિત રજુ કરી હતી. અને કથ્થકનૃત્યાંગના જલ્પાબેન બુચે જીવનની કેળવણી માટે કલા અને શિક્ષણ વિશે વકતવ્ય આપી સૌના હૃદય જીતી લીધા હતા. આમ, બન્ને કલાકારોએ પોતાની કલાનું પ્રદર્શન કરી જ્ઞાન આપ્યુ હતું. તેમજ શિક્ષણ કલા વિષય કાર્યક્રમ શિક્ષણની જરુરીયાત ઉદાહરણ સહિત કાર્યક્રમ વિદ્યાર્થીઓએ માણ્યો હતો.

જેમાં અધ્યાપક તરીકે ડો. રુપલબેન માંકડ (આચાર્ય), ડો. જીગ્નેશ લીંબાચીયા, ડો. પ્રશાંત ચૌહાણ, ડો. આશાબેન પટેલ ઉપસ્થિત રહયા હતાં. તેમજ આ કાર્યક્રમનું આભાર દર્શન ડો. આશાબેન પટેલ દ્વારા કરાયું હતું.

...ar Timbers, Ranjitsagar Road, Jamnagar (GUJARAT)-361001 • **Published** : Plot No. 218/A, Ravi Park, Gulabnagar, Jamnagar (GUJARAT) 361007

**Student List**

**ADDMISSON YEAR 2021-2023**

| No. | Enrollment No. | Student Name |
|---|---|---|
| 1 | 211430030001 | Vikram Keshurbhai Gojiya |
| 2 | 211430030002 | Pokal Nensi Bachubhai |
| 3 | 211430030003 | Akhiyani Amee Jitendrabhai |
| 4 | 211430030004 | Goswami Priyanka Pramodgiri |
| 5 | 211430030005 | Dave Khushali Vadankumar |
| 6 | 211430030006 | Motivaras Aaishvarya |
| 7 | 211430030007 | Shukla Anjali |
| 8 | 211430030008 | Hardiksinh Sisodiya |
| 9 | 211430030009 | Hirva Kishorbhai Oza |
| 10 | 211430030010 | Chavda Ravindrasinh |
| 11 | 211430030011 | Harsh Singh |
| 12 | 211430030012 | Priyankaba Jadeja |
| 13 | 211430030013 | Jani Vyomesh Hareshbhai |
| 14 | 211430030014 | Ishaniba Chandubha Chauhan |
| 15 | 211430030015 | Bhautik Pankajbhai Solanki |
| 16 | 211430030016 | Vishal Chudasama |
| 17 | 211430030018 | Bambharoliya Jinalben Dhirajbhai |
| 18 | 211430030020 | Chavda Vaishali Somatbhai |
| 19 | 211430030021 | Jeel Nileshbhai Somaiya |
| 20 | 211430030023 | Jadav Bhavikaben Bhagvanbhai |
| 21 | 211430030024 | Zatiya Kinjalben Rameshbhai |
| 22 | 211430030025 | Karena Nikita Jagdishbhai |
| 23 | 211430030027 | Parmar Akshaykumar Dhirubhai |
| 24 | 211430030028 | Suhasi Harishbhai Majithiya |
| 25 | 211430030029 | Jadeja Gayatriba Vijaysinh |
| 26 | 211430030030 | Maghudiya Radhika Gireendrabhai |
| 27 | 211430030031 | Nikhita Dineshbhai Chocha |
| 28 | 211430030032 | Aahya Pooja Jayantibhai |
| 29 | 211430030033 | Sweta Karena |
| 30 | 211430030034 | Nadiyapara Shital |
| 31 | 211430030035 | Gohil Kirpalsinh Ajitsinh |
| 32 | 211430030036 | Thaker Tejashree Ketanbhai |
| 33 | 211430030037 | Bandhiya Jigna Jivabhai |
| 34 | 211430030038 | Ravaliya Hemanshi Rajeshbhai |
| 35 | 211430030039 | Bandhiya Payalben Ashokbhai |
| 36 | 211430030040 | Nathani Parth Nareshbhai |
| 37 | 211430030041 | Lunashiya Roshniben Vinodbhai |
| 38 | 211430030042 | Akshay Dagaya |
| 39 | 211430030043 | Bhadarka Krishna Vajubhai |
| 40 | 211430030044 | Bera Dipti |
| 41 | 211430030045 | Bera Mital Bhikhabhai |
| 42 | 211430030046 | Chudasama Mayurbhai Raysinhbhai |
| 43 | 211430030047 | Dave Parthkumar Jitendrabhai |
| 44 | 211430030049 | Lilapara Ashaben Hemantbhai |